:: વર્ષ ૧૫ :: અંક: ૧૧ :: :: જાન્યુઆરી ૧૯૫૯ ::

736

# કલ્યાણ

## સેવા અને સ્વાર્થ —શ્રી મૃદુલ

'સેવા' અને સ્વાર્થ' બંને પરસ્પર વિરોધી તત્ત્વો છે. જેમ દૂધ અને છાસ બંન્ને એક પાત્રમાં પોતાનું અલગ અલગ અસ્તિત્વ સાચવી શકતાં નથી, તેમ સેવા અને સ્વાર્થ એક આસને અથવા એક હૃદયમાં કદી બિરાજી શકતાં નથી.

આજ સુધી માનવી આ બંને તત્ત્વોને એક આસને બેસાડી શકયો નથી. કારણ કે સ્વાર્થ હોય ત્યાં સેવા રહી શકતી નથી. સેવા હોય ત્યાંથી સ્વાર્થને ચાલ્યા જવું પડે છે.

સેવા અને સ્વાર્થ બંને કદી પણ એક મ્યાનમાં પુરાઇ શકયાં નથી અને એવો પ્રયત્ન કરવા જતાં મ્યાનને જ ફાટીને ફેંકાઇ જવું પડે છે.

સેવા અને સ્વાર્થ બંને પરસ્પર વિરોધી હોવા છતાં તત્ત્વો છે.. એમાં કોઇ સંશય નથી.

જ્યાં સુધી માનવી સંસારના સુખો વચ્ચે ગુંચવાયેલો પડયો હોય છે, ત્યાં સુધી સ્વાર્થને તે કદી છોડી શકતો નથી. કારણ કે સંસારના વિધવિધ સુખો પ્રાપ્ત કરવા એ જ એક પ્રકારનો સ્વાર્થ છે.

ઘણા લોકો એમ પણ માને છે કે સ્વાર્થ અને સેવા એની મર્યાદામાં એક સાથે રહી શકે છે. પરંતુ આ કેવળ દંભ હોય છે અથવા તો સ્વાર્થની જ એક માયાજાળ હોય છે.

માનવી પોતાના સ્વાર્થને સંતોષવા ખાતર ગમે તેટલો નાનો કે મોટો નીતિમય કે અનીતિમય વ્યાપાર કરે કે પુરૂષાર્થ કરે અને પછી સેવાને રીઝવવા ખાતર ગમે તે પ્રકારનું દાન-પૂન્ય કે કર્મ કરે....! પરંતુ તત્ત્વદષ્ટિએ આ પ્રકારની દાનાદિ ક્રિયા માત્ર સ્વાર્થના પાયાને મજબુત કરવા પુરતી જ હોય છે, માનવી લાખો રૂપિયા દાન પાછળ ખર્ચતો હોય છે, છતાં કીર્તિ કમાવાનો કે પ્રતિષ્ઠા પામવાનો સ્વાર્થ એમાં ખુલ્લી રીતે કે પ્રચ્છન્ન રીતે રહેલો જ હોય છે.

કોઇપણ રાજપુરૂષ સત્તા પ્રાપ્ત કરવા ખાતર ગમે તે પ્રકારની આશાભરી વાતો કરે કે લોક કલ્યાણના વચનો આપે.... પરંતુ એ બધું સત્તા પ્રાપ્ત કરવા રૂપી સ્વાર્થને

પંપાળવાનું જ પગલું હોય છે.

સેવાનું તત્ત્વ એથી સાવ નિરાળું હોય છે. સેવા કરનારને બીજા ખાતર ખપી જવાની ભાવના હોય છે. કીર્તિ, પ્રતિષ્ઠા કે ધનની એને પડી જ હોતી નથી. સેવાના વ્રતને વરેલો માનવી દરેક પ્રકારના નાના મોટા સ્વાર્થોથી પર રહેવાનું જ પસંદ કરે છે. એ સમજે છે કે ધન આવશે તો એની પળોજણ મારા આદર્શને વીંખી નાખશે. સત્તા આવશે તો સેવાને માત્ર તેનું દાસત્વ સ્વીકારવું પડશે અથવા વિદાય થવું પડશે.... સંસારના સુખોની ઝંખના જાગશે તો સેવાનો કોમળ દેહ આપોઆપ કરમાઈ જશે.

તેથી જ સેવક પોતાની સમગ્ર જવાબદારી ઈશ્વરના ખોળે જ મૂકી દે છે અને પર-કલ્યાણ ભાવનાને પોતાના માર્ગનો દીપક માનીને આગળ ચાલતો રહે છે.

સેવા અને સ્વાર્થ કદી સાથે રહી શકતાં નથી.... રહી શકે નહિં.

સ્વાર્થ દેખાવમાં સુંદર, આકર્ષક અને સુંવાળો છે.

સેવા દેખાવમાં સાદી, નિર્મળ અને ખરછટ છે.

એકનું પોષણ વિષ છે.

બીજા તત્ત્વનું પોષણ અમૃત છે.

સેવા ખરછટ અને કદરૂપી જણાતી હોવા છતાં કેવળ સત્યની જ પડખે રહી શકે છે.

સ્વાર્થ સુંવાળો અને આકર્ષક હોવા છતાં કેવળ અસત્યને જ આધારે ટકી શકે છે.

બંનેના હેતુ જુદા છે. બંનેના ગુણ જુદા છે, બંનેનાં સ્વરૂપ જુદાં છે, બંનેના માર્ગ પણ અલગ છે.

કોઈ કહેતું હોય કે ગમે તેવો સ્વાર્થ હોય છતાં સેવા કરી શકાય છે તો તે કેવળ છેતરપિંડી છે.

કોઇ કહેતા હોય કે ગમે તેવી સેવા કરવા છતાં સંસારના સુખોની ઝંખના રાખી શકાય છે તો તે પણ એક ખુલ્લો દંભ છે.

જ્યાં સેવા હોય ત્યાં સ્વાર્થને જગ્યા નથી.

જ્યાં સ્વાર્થ હોય ત્યાં સેવાને સ્થાન મળી શકતું નથી.

બંને તત્ત્વો છે.

અને બંને કદી એક સાથે રહી શકયાં નથી.

★

**સૂચના:** પ્રેસ બદલીના કારણે આગામી અંક ૧૫ મી ને બદલે ૨૦ મી તારીખે પ્રગટ થશે. પછીના અંકો પણ દર અંગ્રેજી મહિનાની ૨૦ મી તારીખે જ પ્રગટ થશે.

# મારી ટેવ

—શ્રી બકુલ ત્રિપાઠી

'શું, નથી જડતું? ગોગલ્સ ને?'

'હા.'

'એ તો ગયાં!'

'ક્યાં?'

'લઇ ગયો, તમારો ભાઈબંધ!'

'મારો ભાઈબંધ....?'

'હા, વાંદરો!'

નાનપણમાં હું કોઇ સરસ વસ્તુ જોઈ જઉં ને પછી હું એ માંગું અને મને એ ન આપવાની હોય તો મને કહેવામાં આવતું 'એ તો ગઈ! હુપ્પો લઈ ગયો!' પણ આ ઉંમરે, જ્યારે કાઢ્યાં એથી બમણાં વરસ માંડ કાઢવાનાં બાકી રહ્યાં છે ત્યારે કોઇ મને આવું કહે. અરે તેય મારાથી અડધી ઉંમરની વ્યક્તિ અને તેય મશ્કરી કરતાં કરતાં, હસતાં હસતાં ત્યારે નવાઇ તો લાગે જ ને?

'હોય નહીં!' મેં કહ્યું.

'ખરેખર! વાંદરો જ લઇ ગયો તમારાં ગોગલ્સ!'

'પણ બને જ કેમ?'

'વા વા વા વા! પાછા પૂછો છો, બને જ કેમ? ગઇ કાલે સાંજે આપણે બહાર ગયા ત્યારે ઘરમાંથી છેલ્લું કોણ નીકળેલું?'

'હું.'

'અને આપસાહેબે ઘરનાં બારીબારણાં બધાં બંધ કરેલા કે?'

'હા.'

'ત્રીજા માળનાં પણ?'

'હા.'

'જૂઠું શું કામ બોલો છો? તમને કોઈ દિવસ ઘરમાંથી નીકળતાં ઘરનાં બારીબારણાં ચોકસાઈથી બંધ કરતાં આવડયું છે કે ગઈ કાલે આવડયું હોય?'

'એકાદી બારી ખુલ્લી રહી ગઇ હશે....'

'એક નહીં, પાંચે પાંચ....'

પછીની વાત તો વગર કહ્યે સમજાઇ જાય એવી છે.

અમે જે નવા ઘરમાં રહેવા આવ્યાં છીએ એના ત્રીજા માળે ખૂબ બારીઓ છે. એક ઓરડામાં પાંચ અને બીજામાં છ. મેં પહેલાં એ જોયું ત્યારે ખૂબ આનંદમાં આવી ગયેલો. અનેક બારીઓ હોય એવાં મકાન મને બહુ ગમે છે (ચોર લોકોની જેમ! અલબત્ત, ગમવાનું કારણ જુદું ખરૂં!) એક બારીમાંથી પૂર્વનું આકાશ દેખાય છે, બીજીમાંથી પશ્ચિમનું. ઘણાં અઠવાડીએ મુસાફરી પછી સૌ ઘેર પાછાં ફરીએ અને ઘર ઉઘાડતાં જ નાનાં છોકરાં ઘરમાં ઘૂસી જઇ દોડાદોડ નથી કરી મૂકતા? કોઇ પોતાની કલર બોક્સ ઠેકાણે છે તે જોવા અંદરના ઓરડામાં દોડી જાય છે, તો કોઇ ત્રીજે માળે અગાશીમાં એકાદો પતંગ આવીને પડયો' તો નથી ને, એ જોવા ગભરડા મારી જાય છે, એમ અમારા આ ઘરની બારીઓમાંથી સૂર્યનાં કિરણો પણ હું સવારે બારીઓ ઉઘાડું છું કે તરત જ અંદર ઘસી આવે છે. પેલા છેડાની પહેલી બારીમાંથી આવતો સૂર્યપ્રકાશ કોઇ મુગ્ધાની જેમ આવતાં જ સામેના અરીસા પાસે મોં જોવા પહોંચી જાય છે. તો બીજી બારીનો તોફાની તડકો હીંચકાના કડે ને આંકડીએ જૂલવા મંડી પડે છે. પેલી ત્રીજી મોટી બારીનો તડકો કોઇ વૃધ્ધ વડીલ જેવો છે—આવતાંકને સી....ધા આરામખુરશીમાં!

સવારે બારીઓ ખોલતાં જ આનંદ આનંદ થઈ જાય છે. સાંજે વળી સામેની બારીઓમાંથી

આવતો તડકો જોગિયાના પ્રલંબ સૂર જેવો ઓરડા આખામાં પથરાઇ જાય છે. બપોરનો તડકો મોટો માણસ કહેવાય. કોઇ મોટી પાયરીએ પહોંચી ગયેલા મુરબ્બીઓ હોય છે ને, કે જે નાતીલા હોવાને કારણે કે સંબંધી હોવાને કારણે ગામમાં આવ્યા હોય ત્યારે આપણે ઘેર આવવાની મહેરબાની કરે છે ખરા, પણ પાંચદસ મિનિટ બેસીને, ચા-કોફી, કોકો કશું જ પીવાની કડક ના પાડી દઈ, મારે હજી 'ફૂલાણાભાઇ (કોઇ બીજા મોટા માણસ) ને ત્યાં જમવાનું છે.' એમ કહી આવ્યા એવા જ ઉભા ઉભા ચાલ્યાં જાય છે, એમના જેવો જ બપોરનો તડકો હોય છે. પણ એનું કંઇ મને દુઃખ પૃણ નથી. એવા ગરમ માણસનું આપણે કામેય શું છે ?

પરમ દિવસે રાતે અચાનક જાગીને જોયું તો કંઇ જુદું જ દેખાયું. પેલી રાજકુમારીની વાર્તામાં આવે છે ને રાજકુમાર જંગલમાં ઝાડ નીચે સૂતો હોય છે ને મધરાતે જાગી જઇને જુએ છે તો સામે સરોવરમાં પરીઓ નહાવા ઉતરી આવી હોય છે, એમ બારીમાંથી પોષી પૂનમની ચાંદની જ રમવા ઉતરી આવેલી. પેલો રાજકુમાર તો બાઘો કે દોડીને પેલી પરીઓને 'તમે કોણ છો ?' પૂછવા મંડી પડેલો. પરીઓ ગભરાઈને ઉડી ગયેલી ને પછી રાજકુમાર ગાંડોઘેલો બની ગયેલો. હું પણ જોયું તો જરાય અવાજ કર્યા વિના સૂઈ જ રહ્યો, છેક સવારે ચાંદની જતી રહી હશે.

પણ મને બહુ ગમતી આ બારીઓ જ ગઈ કાલે સાંજે મારાથી ખુલ્લી રહી ગઇ અને બારીઓ ખુલ્લી હતી એનો લાભ જેને ગોગલ્સની જરૂર નહોતી એવી એક વ્યક્તિ, (હાસ્તો એ પણ વ્યક્તિ તો કહેવાય જ ને ?) જેને ગોગલ્સની જરૂર હતી એવી એક વ્યક્તિના ગોગલ્સ લઇ થઈ.

ભલે એ ગયા પણ મને નવાઇ તો એ લાગે છે કે એ જવાથી આનંદ થવો જોઈએ તો એ ગોગલ્સ લઇ જનારને થવો જોઇએ, એમાં 'ભાઇસા'બના ગોગલ્સ કેવાં ગયાં ! ઠીક, પાઠ મળ્યો !' એમ કરીને અન્ય સૌ રાજી શું કામ થતાં હશે !

જોકે એમની વાત ખરી છે. મને ઘરનાં બારી બારણાં ચોકસાઈથી બંધ કરી જતાં આવડતું જ નથી. અને એટલે જ બહારગામ જતા પહેલાં કે ઘણા કલાકો માટે બહાર જતાં પહેલાં બારી બારણાં ચોકસાઇથી બંધ કરી બરાબર તાળાં લગાવી, બધું એક પણ ભૂલ વિના ઠીકઠાક કરીને બહાર નીકળી શકનાર પ્રત્યે મને બહુ માન છે. મોટું મકાન હોય, અનેક બારણાં હોય, બહારનાં ને અંદરનાં, ઓરડાનાં, પરસાળનાં, મેડીનાં, અગાશી બાજુનાં, દાદરાનાં—ને બારીઓ, સંખ્યાબંધ બારીઓ, ને પાછા કબાટનાં બારણાં, મંજૂસનાં ને પેટીઓનાં ઢાંકણા ને પાંજરાંનાં બારણાં, ને અનાજના ડબ્બાના ઢાંકણા ને રેડિયો અને પંખા પરનાં કવર, અને ગોદડાના ડામચિયાને મોટા ઓછાડથી ઢાંકી દેવાનું એ બધું યાદ રાખી શકનાર, બધું બરાબર બંધ કરવાનું સ્વસ્થતાપૂર્વક, કુશળતાપૂર્વક એક પણ ભૂલ વિના પતાવી શકનાર પ્રત્યે હું માનની દૃષ્ટિએ જોઉં છું, કારણ મારા પ્રત્યે હું એ પ્રકારનાં માનની દૃષ્ટિએ નથી જોઇ શકતો !

બેચાર વાર તો મારે ભાગેય બારીબારણા બંધ કરવાનું આવ્યું છે. અમે બહારગામ જવાનાં હોઇએ ત્યારે સૌ આગળથી સ્ટેશને જાય અને મારે પાછળથી ઘર બંધ કરીને

જવાનું હોય એવું એક બે વાર બન્યું છે. પણ એક વાર બધાં બારીબારણાં બંધ કર્યાં છતાં બીજા માળની બે બારીઓ ઉઘાડી રહી ગયેલી. એણે સાત દિવસ સુધી રોજ રાતે આખી રાત પવનમાં ભટાભટ ભટકાયાં કરી પાડોશીઓને થકવી નાખેલાં. એ પછી મારે ખૂબ ઠપકો ખાવો પડેલો. મને ખૂબ લાગી આવેલું. એ પછી મેં કદી એવી ભૂલ નથી કરી. મારો આ ગુણ બહુ સારો છે. એક વાર થયેલી ભૂલ હું બીજી વાર કરતો નથી. બીજી વાર હું બીજી જ ભૂલ કરું છું.

એ રીતે ત્યાર પછી બીજા માળની બે બારીઓ મેં કદી ખુલ્લી નથી રાખી. એક વાર મારાથી બારણું ખુલ્લું રહી ગયેલું. પણ એમાં તો એવું થયેલું કે મને એમ કે તાળું વાસેલું છે. પણ તાળું ખેપાન હતું. વસાયાનો દેખાવ કરી અણવસાયેલું જ રહેલું.

બહેનનો વિવાહ થયો હોય ત્યારે આપણે ત્યાં જમવા આવેલા નવા જમાઇ ભૂખ્યા હોવા છતાં ધરાઇને જમ્યાનો દેખાવ કરે છે ને, તેમ અને હું એમાં છેતરાઇ ગયેલો (એમાં એટલે કે તાળાની બાબતમાં, પેલી બીજી બાબતમાં નહિ) પણ બારણે નહિ વસાયેલા તાળાને વસાયેલું માની લેવાની ભૂલ પણ મેં એક જ વાર કરેલી એ ભૂલ મેં ફરીથી કદી કરી નથી. પછીની વખતે તો મેં તાળું બરાબર વાસેલું–વાસ્યા પછી ખેંચી જોયેલું. ચાર ડગલા ચાલી પાછા આવી તાળું ફરીથી ખેંચી જોઇ બરાબર વસાયું છે કે નહિ એની ખાતરી કરી. પણ જોયેલી, તાળું તદ્દન મજબૂત વાસેલું, એવું તો મજબૂત વાસેલું કે ઘર બંધ કર્યું ત્યારે ઘરની અંદરના દાદરા પાછળ ભરાઇ બેઠેલી બિલાડી અંદર જ રહી ગયેલી. તેણે ચારેક દિવસ રડારોળ કરી ત્યારે એને બહાર કાઢવા માટે તાળું તોડવા પડોશીઓને ખાસ વોરાને બોલાવવો પડેલો.

ખરેખર, હું એ બાબતમાં મારી નબળાઇ કબૂલ કરૂં છું. આ પ્રસંગે મેં સૌ આગળ માફી માગેલી. બિલાડી સિવાયનાં સૌ આગળ. કારણ બિલાડી તો તરત જ નાસી ગયેલી

પણ હજીએ મારે માટે આ પ્રશ્ન ખોટી ચિંતાનો છે જ. બારીબારણા બંધ કરવાનો પ્રશ્ન. બારણું ભડાક દઇને .બંધ કરતાં આંગળી ચીપસાયાનું મને દુઃખ નથી. આંગળી છે તો ચીપસાય પણ જાય, હું એનો શોક કરૂં એમ નથી. એટલે એની કોઇ ચિંતા નથી. ચોમાસામાં લાકડાનાં બારણાં ભેજથી ફૂલી ગયાં હોય અને સ્ટોપર બંધ થતી ના હોય તો એથી હું ગભરાતો નથી. એમાં શું? હથોડા લગાવીને બંધ કરી દેવાની ! પાછા આવીએ ત્યારે એ સ્ટોપર ઉઘાડતાં દમ નીકળી જાય એ ખરૂં, પણ એમ ભવિષ્યનો જ વિચાર કરીએ તો તો જગતમાં કંઇ કામ જ ન થાય ને? એટલે કટાઇ ગયેલી સ્ટોપર બંધ કરવાનોય મને કંટાળો નથી. હથોડાથી એ બંધ કરી શકાય છે. એ દરમ્યાનમાં મારે એક બે વાર થયેલું તેમ સ્ટોપર તૂટી ન જાય તો પણ ટૂંકમાં એ અંગે મને ચિંતા નથી. મારી મુસીબત છે બારીબારણાં બંધ કરવાનું યાદ રાખવાની અને થોડેક અંશે એ બારીબારણાંને લગાવવા માટે તાળાંકૂંચી શોધવાની. ઘરનાં તાળાંકૂંચીના સંગ્રહમાંથી યોગ્ય તાળાં માટે યોગ્ય કૂંચી શોધવામાં થોડી મહેનત પડે છે ખરી, થોડી નહીં ઘણી મહેનત પડે છે. કારણ જૂના તાળાં પણ ઉર્દૂ શાયરોની જેમ કંઇ જાતજાતના મિજાજ ધરાવતા હોય છે. કેટલાંક તાળાં એવા જક્કી હોય છે કે કોઈ

ચાવીથી ખૂલતાં નથી, તો બીજા કેટલાંક તાળાં એવાં હોય છે કે કોઇ પણ ચાવીથી ખૂલી જાય છે. પણ ઘણાં તાળાં માનવ હૃદયની જેમ, આ બન્ને ગુણોને, ઉદારતાને અને જક્કીપણાને એક સાથે સંઘરી બેઠાં હોય છે. ત્રણ, ચાર, પાંચ જુદી જુદી ચાવીઓ લગાડીએ તોય ના ખૂલે, ને પછી અચાનક એકાદ તૂટેલી ચાવીથી ખૂલી જાય! પણ પાછા વધુ પરીક્ષા કરવા ફરીથી બંધ કરી એની એ ચાવીથી એને ફરીથી ઉઘાડવાનો પ્રયત્ન કરો તો ચોખ્ખી ના પાડી દે. 'શું મારા પર અવિશ્વાસ છે કે મારી ફરીથી પરીક્ષા કરો છો? જાઓ, નહીં ઉઘડું !'

ટ્રેનનો ટાઇમ થતો હોય છે, બારણે વાસવા માટે બીજું કોઈ ચાવી સાથેનું તાળું હાથવગું નથી હોતું, અને આ તાળાને હું ઉઘાડવા મથતો હોઉં છું, ચાવી જોર જોરથી ફેરવું છું, આમતેમ, આમતેમ, પણ તાળું 'ના ના' જ કર્યા કરે છે. જાઓ નહીં ઉઘડું હું આગ્રહ પડતો મૂકું છું. તાળુય પડતું મૂકું છું ને અચાનક જમીન પર પડતાં જ એ ખૂલી જાય છે. જાણે કહેતું હોય, હી હી હી! એ તો જરા મશ્કરી હતી! હી હી હી હી! બાકી તમે કહોને? હું ના ખૂલું એવું બને? હું એ તાળું ઉપાડું છું. આગલે બારણે એ વાસવા માટે બાજુ પર મૂકી હું બીજા બધાં કુંચીતાળાને શેઠ યોગ્ય કારકુન પસંદ કરી લીધા પછી બીજા બધા ઉમેદવારોને. 'ભાઇઓ તમે જઇ શકો છો એમ કહેતા હેડકલાર્કની જેમ ડબ્બામાં ભરી દઉં છું. ને ડબ્બો છાજલી પર મૂકી દેવા જાઉં છું ત્યાં જ પેલું તાળું પોકારી ઉઠે છે. 'અરે, મારી ચાવી ક્યાં?'

ચાવી બીજી બધી ચાવીઓ ભેગી સમેટાઇ ગઈ હોય છે! હું ડબ્બો નીચે ઉતારું છું. પણ હવે મને યાદ નથી આવતું કે પેલા મેં પસંદ કરેલા તાળાંએ પસંદ કરેલી ચાવી કઈ? એટલે ફરીથી હું એક પછી એક ચાવીઓ અજમાવવાનું શરૂ કરૂં છું, પણ પેલું તાળું 'ઉંહું–ઉંહું' કર્યા જ કરે છે! છેવટે બધું અભરાઇએ ચઢાવી હું નવું તાળું લઇ આવવા બહાર નીકળી પડું છું. પણ ઉંબરો ઓળંગતા જ બારણાની ઝૂલતી સાંકળ હસતાં હસતાં કહે છે; બિરાદર, નવું તાળું લેવા બહાર તો જાઓ છો, પણ એ દરમ્યાન પણ કોઇ તાળું તો મારવું પડશે? એ કયું તાળું મારશો?

આમ બારીબારણાં બંધ કરવાનું યાદ રહે છે તો તાળાની વ્યવસ્થાની ચિંતા રહે છે, પણ બસ, એટલું જ. ચાવી ખોવાઇ જાય છે એનું તો એવું છે ને કે, વેરાને બોલાવીને તાળું ક્યાં તોડાવી નથી શકાતું? ને પછી નવું તાળું લાવી દેવું, યાદ રહે તો.

એટલું તો કહેવું જ પડશે, ભારતના તાળાં બનાવવાના ઉદ્યોગને અને તાળાં તોડવાના ઉદ્યોગને–તાળા તોડવાના એટલે કે કાયદેસર રીતે વેરાને બોલાવીને તાળા તોડવાને ઉદ્યોગને–ઉત્તેજન આપવામાં મારો ફાળો નોંધપાત્ર છે. મારી ફરિયાદ એક જ છે. તાળા જોડે બે જ ચાવીઓ આપે છે એ ખોટું છે. ચારેક ચાવીઓ આપવી જોઇએ. આ તો મારી મૂળ ચાવી ખોવાઇ જાય છે ને ડુપ્લીકેટો શોધતા યાદ આવે છે કે એ તો ઘરમાં કે બેગમાં રહી ગઇ હોય છે, ત્યારે તકલીફ પડે છે ચારેક ચાવીઓ હોય તો આવી તકલીફ ન પડે. ન તો શું પડે, પણ ઓછી પડે એટલું ખરૂં.

દુનિયામાં એટલું સારૂં છે કે બધાનું આ બાબતમાં મારા જેવું નથી હોતું. મારા એક મિત્રના વડીલ હતા. એ આ બાબતમાં અચ્છા

નિષ્ણાત હતા. એમને ઘેર એક ત્રીજો માળ છે. ને ત્રીજા માળે એક કબાટ છે. એ કબાટમાં ડબ્બો છે, એ ડબ્બામાં ત્રીસેક તાળાં ને લગભગ સવાસો જેટલી ચાવીઓ છે. તમે જઈને જુઓ તો એ વડીલ બેઠાબેઠા તાળાંકૂંચીઓ સાથે ગડમથલ કર્યા કરતા જ હોય. શાકવાળાઓ જેમ મોટાં જામફળ, વચલા જામફળ અને નાનાં જામફળ એમ જુદા જુદા ઢગલાઓ કરીને બેઠા હોય છે ને, એમ એમની આસપાસ પણ જુદા જુદા કદનાં તાળાંની ઢગલીઓ પડી રહેતી અને જ્યારે જુઓ ત્યારે એ કાંતો એકાદ તાળાને ખોલવા પ્રયત્ન કરી રહેલા હોય, કાંતો ખોલેલાં તાળાને વાસવા પ્રયત્ન કરી રહેલા હોય કે એકાદ તાળું લઇ એને ચાવી શોધવાના પ્રયત્નમાં એ વારાફરતી ચાવીઓ લગાડતા ફરતા હોય એવું બનતું, છતાંય ન ખૂલે તો એ હથોડીથી તાળાને ટીપતા. અને એ છતાંય તાળું ન ખૂલે તો પછી એ ચાવીને ટીપતા. ડો. હરિપ્રસાદ દેસાઇએ એમના સંસ્મરણોમાં લખ્યું છે કે એક વાણિયાને બે બૈરી હતી. તે બંને લડતી ત્યારે વાણિયો બીજું કશું પૂછ્યા વિના બન્નેને વારાફરતી મારતો એટલે બંને શાંત પડી જતી એમ એ વડીલ પણ તાળાંને અને ચાવીને બન્નેને ટીપીને બે વચ્ચે મેળ બેસાડીને જ જંપતા. ભરવાડ જેમ પોતાનાં ઘેટાને ઓળખે એમ એ બધાં જ તાળાંને ને બધી સો–સવાસો ચાવીઓને ઓળખતા. અડોશ–પડોશમાં કોઇને ય તાળાકૂંચીની તકલીફ પડતી તો એ ખૂબ ઉપયોગી થતાં. એટલું ખરૂં કે તાળું લઈ ચાવી બેસાડવા આવનારે એ વડીલ ચાવી બેસાડી આપે તે પહેલાં જાતે જ અડધો કલાક એમની સામે બેસવું પડતુ ને કેટલાક કરામતી તાળાં વિષે નાનો પણ વારંવાર સંભળાતો હોવાને કારણે સાંભળનારને મોઢે થઇ ગયેલો વાર્તાલાપ સાંભળવો પડતો. પણ એને અંતે એ ગમે તેવું ખરાબ તાળું હોય તોય ચાવી બેસાડી આપતા ખરા. કોઇનેય ત્યાં તાળાકૂંચીની તકલીફ પડતી તો બોલાવવા આવનારના છોકરા પાસે ડબ્બો ઉંચકાવી એ તરત જઇ પહોંચતા અને ક્યારેક બે મિનિટમાં તો ક્યારેક દોઢેક કલાકને અંતે તાળું ખોલીને જ જંપતા અને એ વખતે એમના મોં પરનો વિજયનો આનંદ તમે નીરખ્યો હોય તો બસ. મોટું રાજ જીતીને આવતા સમ્રાટના મોં પરનો આનંદ તો એની આગળ શું હતો !

જોકે મને કો'કવાર થાય છે કે એમની શક્તિઓનો પૂરતો ઉપયોગ નહોતો થતો. ઘરનાં માણસો, સગાંવહાલાં, અડોશીપડોશીઓના તાળાં એ ખોલી આપતા, નવા તાળાનું ખર્ચ બચાવતા, પણ એમને પોતાને કોઇ ફાયદો ન થતો. આપણા દેશમાં જેમ અનેક ક્ષેત્રોમાં પ્રતિભાશાળી વ્યક્તિઓની પ્રતિભા વેડફાઇ જાય છે તેવું એમનું પણ થયેલું. એમની શક્તિ યોગ્ય માર્ગે વળી નહોતી. નહીં તો એ હજારો રૂપિયા બનાવી શકત. હજારો શું કામ લાખ્ખો બનાવી શકત, જો કે શહેરમાં રાતે પોલીસ રોન ફરે છે એ ખરું, પણ એમાં શું ? ગામડામાં ક્યાં નથી ? શ્રી ગાંધીજીએ આદેશ આપ્યો જ છે ને 'ગામડા તરફ વળો !' પણ શું શહેરમાં કે શું ગામડાંમાં એમની શક્તિઓ યોગ્ય માર્ગે ન જ વળી. એમની કુલ મિલકત વધીને દોઢસો ચાવીઓ અને સાડત્રીસ તાળાં જેટલી જ રહી.

એમની જેમ કેટલાક લોકો–ઘણા લોકો તાળાકૂંચીની બાબતમાં બારીબારણા વાસવામાં–ઉઘાડવામાં કુશળ હોય છે. પણ અમારા જેવા કેટલાક આવી વ્યક્તિઓના જીવનમાંથી ખૂબ

પ્રેરણા લેવાની મળતી છતાં કોરા જ રહી ગયા હોય છે.

પણ હોય, એ તો એવી વાતનો શોક જ ના કરવો. આપણી આવી બાબતમાં ભૂલ થઈ ગઈ હોય તો માનવું કે આપણે આ કળિયુગના માનવી નથી, સત્યુગના માનવી છીએ, એટલે જ આપણને આવું બધું બારીઓ વાસવાનું ને તાળાં બરાબર લગાવવાનું યાદ નથી રહેતું! અગસ્ત્ય અને વિશ્વામિત્ર, વ્યાસ અને વાલ્મીકિ એ સૌ શું એમની મઢૂલીઓનાં બારીબારણાં વાસવામાં વ્યસ્ત રહેતા હતા? એમાં ને એમાં રચ્યાપચ્યા હોત તો એ લોકો રામાયણો અને મહાભારતો લખત કયાંથી? આપણેય એ યુગના પુણ્યશાળી આત્માઓ જ છીએ, આ બારી અને બારણાં. સાંકળો ને સ્ટોપરો, અને તાળાં ને કૂંચીઓની દુનિયામાં વહોરાઓની અને બારીબારણાં નહીં વાસવા માટે આપણને વઢનારાઓની દુનિયામાં આપણે ભૂલમાં જ આવી પડયાં છીએ, એ લોકો ભલે આપણને ઠપકો આપ્યા કરે, આપણી સામે હસ્યા કરે, આપણે તો સ્વસ્થ જ રહેવું. આનંદમાં જ રહેવું.

અને આપણી આ ટેવને લીધે ઉપડી ગયેલી વસ્તુ માટે શોક કરનારને ઠપકો આપનારને આશ્વાસન આપવું કે અહા, શી ઈશ્વરની કૃપા છે કે અમને એણે જેલરો બનાવ્યા પણ પ્રાણીસંગ્રહસ્થાનના વાઘસિંહના પાંજરાના રખવાળ ના બનાવ્યા? એવા કોઈ સ્થાને અમે હોત તો અમારી આ ટેવને લીધે કેટલું બધું નુકસાન થાત? એનાં કરતાં તો થયું એ નુકસાન ઓછું જ કહેવાય.ને? (—અખંડાનંદ)

## —: પરદેશના ગ્રાહક બંધુઓને :—

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું.** | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઈ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૮૭૪ | **નૈરોબી** |
| **શ્રી મૂલચંદ એલ. મહેતા** | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | **મોગાડીસ્કીઓ** |
| **શ્રી લાધાભાઈ રાયમલ શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૪૮ | **મ્બાલે** |

# ★ પરમ મંત્ર શ્રી નવકાર ★

## શ્રી મફતલાલ સંઘવી.

નમસ્કાર મહામંત્ર, ત્રણે ય લોકની અદ્ભુત સંજીવની છે. તેના એક એક અક્ષરના અંતરાળે અનંત પ્રકાશમય શક્તિ છે. તેના શબ્દમાં ત્રિભુવનને ડોલાવવાનું સામર્થ્ય છે. તેના પદમાં બળદેવ, વાસુદેવ, ચક્રવર્તી, દેવ અને દેવેન્દ્ર પણ નિત્ય જેની ભક્તિ વડે ધન્યતા અનુભવે છે, તે પરમ ઐશ્વર્યમય પરમેશ્વર અરિહંત પદે પહોંચાડવાની સંપૂર્ણ ક્ષમતા છે.

અન્ન એ જેમ ભૂખનું મારણ છે, તેમ નમસ્કાર મહામંત્ર એ સર્વ દુઃખો અને તેના કારણરૂપ સર્વ પાપોનું વારણ છે. અન્ન આરોગવાથી જેમ સ્થૂલ શરીર બંધાય છે, તેમ આ મહામંત્રને આરોગવા–ભજવાથી ભવનું અનારોગ્ય ફેડનાર સૂક્ષ્મ શરીરની અદ્ભુત નવરચના થાય છે. ગમે તેવા સ્વાદિષ્ટ અને સાત્વિક ભોજનને પણ પચાવવા માટે, તેનો રસકસ શરીરની નસેનસમાં પહોંચાડવા માટે જેમ સ્વસ્થતાપૂર્વક ચાવવું પડે છે. તેમ આ મહામંત્રના અમૃત ભોજનના એક એક અક્ષરરૂપી કોળીયાને પણ ખૂબ ભાવ અને ઉલ્લાસપૂર્વક ચાવવો–રટવો જોઇએ. રટનની તે સૂક્ષ્મ પ્રક્રિયા દ્વારા જ રોમે–રોમ તેનો પ્રકાશ ફેલાવી શકાય. બરાબર ચાવ્યા સિવાયનું અન્ન, જેમ મોં વાટે પેટમાં ઉતરીને, ઉપરછલ્લી પોષક અસરો મૂકીને બહાર નીકળી જાય છે, તેમ આ મહામંત્રના એક એક અક્ષરને અંતરના અંતરાળે પધરાવ્યા પછી જો પૂરી વિધિપૂર્વક સેવવામાં નથી આવતો તો તે પણ ઉપલક અસર કરીને અલોપ થઇ જાય છે.

જેનામાં જેટલો રસ–કસ હોય તેને જો તેટલા પ્રમાણમાં વિધિપૂર્વક ચાવવામાં–ભજવામાં–સેવવામાં ન આવે તો તેનામાં રહેલો તે રસકસ પૂર્ણપણે પામવા ન જ મળે.

અમૃત ભરેલા રત્નજડિત કળશથી યે અનેક ગણો અધિક અમૃતમય છે જેનો પ્રત્યેક અક્ષર તે શ્રી નમસ્કાર મહામંત્રને આપણે બધા તેવા પ્રકારના ભાવોલ્લાસપૂર્વક જપીએ છીએ કે નહિ ? તેનો યોગ્ય વિચાર કરવો તે આજે નિતાંત આવશ્યક છે.

શેરડીના સાંઠામાં અપ્રગટપણે રહેલ મિષ્ટ રસ વડે પોતાના મન, શરીરને સંતુષ્ટ કરવા માટે માનવી જે રીતે પોતાની સમગ્ર શક્તિ બત્રીસ દાંતમાં આરોપીને, તેને એકાગ્રતાપૂર્વક ચૂસે છે અને તેના અપ્રગટ રસનો ભાગી થાય છે, તે રીતે આપણે બધા નમસ્કારપ્રેમી આત્માઓ ભારોભાર અમૃતરસે ભરેલા છે જેના અક્ષરો તે શ્રી નમસ્કાર મહામંત્રમાં એકતાન બનીએ છીએ ખરા ? કે પછી, 'શેરડીમાં રસ હોય જ, અને તેને ચૂસવાથી તે મળે જ એટલા પણ જ્ઞાનપૂર્વકનો વિશ્વાસ આપણને નમસ્કાર મહામંત્રના રટણ વખતે રહેતો નથી કે શું ?

જેના સાચા સાધકની સેવા બજાવવા માટે દેવો, દાનવો, વિદ્યાધરો અને ચક્રવર્તીઓ પણ અહર્નિશ તત્પર રહે છે, તે શ્રી નમસ્કાર મહામંત્રના ત્રિભુવનજયી સામર્થ્ય વિષે કહેવું શું ? અને છતાં તેને જપનારા મનાતા માનવોથી તે સામર્થ્ય દૂર ને દૂર રહે તે કેમ માની શકાય ?

જેના અક્ષરે અક્ષરમાં પંચ પરમેષ્ઠિ ભગવંતોનો સમગ્ર જીવનપ્રકાશ છલોછલ ભરેલો

છે તે મહામંત્ર નીચે પ્રમાણે છેઃ

नमो अरिहंताणं ॥
नमो सिद्धाणं ॥
नमो आयरियाणं ॥
नमो उवज्झायाणं ॥
नमो लोए सव्वसाहूणं ॥
एसो पंच-नमुक्कारो ॥
सव्व-पाव-प्पणासणो ॥
मंगलाणं च सव्वेसिं ॥
पढमं हवइ मंगलं ॥

આ મહામંત્રનો જાપ શરૂ કરતાં પહેલાં પોતે કોને જપી રહ્યો છે, કોને શરણે જઇ રહ્યો છે, તત્સંબંધી સમ્યક્ ચિંતન, જપનારને માટે ખૂબ જ આવશ્યક છે.

ત્રણે ય કાળની સમગ્ર તાકાત જેના ત્રિકાળાબાધ્ય પ્રભાવને આંબી નથી શકતી તે મહામંત્રનો સાચો શરણાગત ત્રણે ય કાળમાં સુખી જ હોય. પાપજન્ય દુઃખનો દાવાનલ તેના રૂંવાડાને ય સ્પર્શી ન શકે; પ્રલયનાં પૂર તેના આંગણે કલકલ નાદે વહેતા ઝરણાંનું રૂપ ધારી લે.

આવો અચિંત્ય પ્રભાવશાળી મહામંત્ર જેમને અનેક જન્મોના અનંત પુણ્યોદયે પ્રાપ્ત થયો છે, તે મહાભાગ્યશાળીઓને હું કોની ઉપમા આપું?

અને છતાં સંભળાય છે કે તે મહામંત્રના જપનાર આજે દુઃખી છે. વાત ન માની શકાય તેવી છે. કારણ કે સાગર માઝા મૂકે, સૂર્ય પશ્ચિમમાં ઉગે, ચંદ્રમા વહ્નિ વરસાવે, મેરૂ સ્થિરતા છંડે, તો પણ ઉક્ત મહામંત્રના પ્રભાવમાં અણુ સરખો ય ફેરફાર ન જ થાય.

આ એ મહામંત્ર છે કે જેની અપૂર્વ આરાધનાના પ્રતાપે આજ સુધીમાં અસંખ્ય આત્માઓ પરમ સુખના ધામરૂપ સિધ્ધિપદને વર્યા છે, અનંત ઐશ્વર્યમય અરિહંત પદને પામ્યા છે, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુના ઉપકારક, મંગલમય જીવનના આરાધક બન્યા છે; એટલું જ નહિ પણ વર્તમાનમાં પણ આ જ મહામંત્રની આરાધનાના પ્રતાપે વીસ અરિહંત ભગવંતો, કરોડો કેવળજ્ઞાની ભગવંતો તેમ જ અબજો આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ભગવંતો, સાંસારિક જીવોને ધર્મનો અપૂર્વ પ્રકાશ બક્ષી રહ્યા છે. તેમ જ ભવિષ્યમાં પણ આજ મહામંત્રના પ્રભાવે અસંખ્ય પ્રાભાવિક પુરુષો આ સંસાર તળે જન્મીને સિધ્ધિપદને વરવાના છે.

—તો પછી આવા મહામંત્રનો જપનાર આજે કે કાળાંતરે પણ દુઃખી હોઇ શકે ખરો કે?

જ્યાં જડતા ને અહંતાના થરના થર જામી ગયા છે, તે હ્રદયતલ સુધી નમસ્કાર મહામંત્રનો પૂર્ણ પ્રકાશ ફેલાતો ન થાય ત્યાં સુધી સંભવ છે કે તેના જપનારને પૂરો આનંદ, સુખ ન પણ મળે. પરંતુ જો તે મન-વચન-કાયાની એકાગ્રતાપૂર્વક કર્મરૂપી તે થરને દૂર કરવાની ક્રિયામાં મંડયો રહે, તો તેનું જીવન યથાસમયે અવશ્ય પવિત્ર, પ્રેરણાદાયી અને મંગલમય બને જ. પરંતુ કર્મરૂપી મળને દૂર કરવાના ને અત્યંત વિકટ કાર્યને પરિપૂર્ણ કરવા માટે અત્યંત આવશ્યક ખંત અને ધીરજનો મોટો અભાવ કોઈ પણ સમયના સાધકને નડતરરૂપ બને જ.

સાગરમાં સમાવા જતી સરિતા સરખો ભાવ, ઉલ્લાસ, સંયમ અને ત્યાગ જે માનવીના જીવનમાં શ્રી નમસ્કાર મહામંત્રના જાપ સમયે પ્રગટે છે, તે અમૃતમય નવકારના અમૃતા-

ભિષેકનો અધિકારી બને જ છે.

પોતાને વહાલામાં વહાલા આપ્તજનના વસમા વિયોગ કરતાં પણ જેનો વધુ વસમો લાગે છે ઉક્ત મહામંત્રનો એક ક્ષણનો ય વિયોગ, તે ભાગ્યશાળીને જ થાય છે સાચું દર્શન શ્રી નવકારના અંતસ્તેજનું.

જે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને આમન્ત્રે તે મંત્ર.

પ્રભુની પ્રતિમાને પત્થર સ્વરૂપે જોવામાં પાપ સમાએલું છે, તેમ મન્ત્રને કેવળ અક્ષરોરૂપે જોવા, વાંચવા–સ્વીકારવામાં પાપ સમાએલું છે.

અક્ષર એ અક્ષરરરૂપ હોવાથી તેની માર-ફત ઠેઠ અક્ષર પદે પહોંચી શકાય છે, નહિં-તર તેનું અક્ષર એવું નામ સાર્થક ન થાય. દુનિયામાં તે બીજા જ નામે ઓળખાતો થયો હોત.

અક્ષરોના બનેલા શબ્દો જેમ જેમ બોલાતા જાય છે તેમ તેમ વિલીન થઈ જતા જણાતા હોવા છતાં તે પ્રત્યેક શબ્દમાં રહેલી આગવી શક્તિ, બોલનારના બોલતી વખતના ભાવ સાથે, આ દુનિયામાં ક્રમશઃ ચોક્કસ પ્રકા-રના આકારને ધારણ કરે જ છે.

અક્ષરમાંના અક્ષરત્વનાં આધાર ઉપર સમગ્ર મન્ત્રશાસ્ત્રની રચના થઇ છે.

'અ' થી માંડીને 'હ' સુધીના પ્રત્યેક અક્ષ-રમાં સ્થિર ચૈતન્ય હોવા ઉપરાંત આગવી વિશિષ્ટ શક્તિ છે. જેવી રીતે સંસારના પ્રત્યેક મનુષ્યમાં આત્મા હોવા ઉપરાંત આગવી વિશિષ્ટ શક્તિ હોય છે.

ચરાચર વિશ્વમાં ભરેલી અનંત આશ્ચર્ય-કારક શક્તિઓને તથાપ્રકારના અક્ષરોના સંયો-જન દ્વારા મન્ત્રના વિધિપૂર્વકના જાપ દ્વારા સાધક સુખપૂર્વક હાંસલ કરી શકે છે, વિદ્યુત્ ચુંબક સમા મન્ત્રાક્ષરોના પ્રભાવે તે શક્તિ સ્વયમેવ સાધકની આજ્ઞા તળે આવી જાય છે.

તે જ પ્રમાણે શ્રી નમસ્કાર મહામંત્રમાં રહેલા ૬૮ અક્ષરો, તે માત્ર સુવાચ્ય અક્ષરો જ નથી. પરંતુ ચરાચર વિશ્વના અદ્‌ભુત રહ-સ્યોને પ્રગટ કરનારા, પરમ શક્તિસંપન્ન મહા-મંત્રો છે. ખગોળ, ભૂગોળ, વાયુમંડળ અને દૃશ્યાદૃશ્ય સૃષ્ટિનાં સઘળાં રહસ્યોને પ્રગટ કર-નારા પરમ તેજોમય ચક્ષુઓ છે, એટલું જ નહિં પરંતુ તે એકેક મન્ત્રાક્ષરમાં એટલું અચિંત્ય સામર્થ્ય છે કે તેના સાધકે કલ્પેલું એવું સઘળું પણ તે પોતાના માત્ર. તેજોમય નયન દ્વારા સમય માત્રમાં પોતાના સાધકના સાન્નિધ્યમાં હાજર કરી દે છે.

વિશ્વરચનાનાં સઘળાં સૂક્ષ્માતિસૂક્ષ્મ રહસ્યો જેની ભીતરમાં ઝળહળી રહ્યાં છે એવા શ્રી નમસ્કાર મહામંત્રનો સાચો સાધક નિયમા વિશ્વના પારને પામી, વિશ્વેશ્વરના અજર, અમર પદનો અધિકારી બને છે.

શ્રી નમસ્કાર મહામંત્રના અક્ષરોના સંયો-જનમાં એ ખૂબી રહેલી છે કે, તેમાંથી સર્વથા અમૃત જ ઝરે છે. એટલે કે તેના જેટલા અક્ષરોમાં સમર્પિત થવાય એટલો લાભ જ થાય. આ સંસારમાં એવો બીજો કોઇ મન્ત્ર ભાગ્યે જ આવી અદ્‌ભુત ખૂબીપૂર્ણ અક્ષર રચનાવાળો હશે.

આ મહામંત્રની બીજી આગવી અને અન-ન્ય વિશિષ્ટતા એ છે કે, તે ત્રણેય કાળના સર્વોત્કૃષ્ટ પુરુષોને, સર્વોત્કૃષ્ટ એવા સમર્પણ ભાવના પરમ મંગળમય તત્ત્વથી છલોછલ ભરેલો છે. માટે જ શ્રી નમસ્કાર મહામંત્રનો શરણા-

# ★ ફૂલ અને ફોરમ ★

**પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રી પ્રવીણવિજયજી ગણિવર**

★

## સમયે કામ આવે એ વસ્તુ

पुस्तकस्था तु या विद्या, परहस्तगतं धनम् ।
कार्यकाले समुत्पन्ने, न सा विद्या न तद्धनम् ॥

પુસ્તકમાં રહેલી વિદ્યા, અને બીજાના હાથમાં ગયેલું ધન; કાર્ય આવી પડે ત્યારે કાંઈ પણ કામ લાગતા નથી. માટે જ તે વિદ્યા એ વિદ્યા નથી અને તે ધન એ ધન નથી.

★

## પૃથ્વી ઉપર ત્રણ રત્નો

पृथिव्यां त्रीणि रत्नानि, जलमन्नं सुभाषितम् ।
मूखैः पाषाणखण्डेषु रत्नसंज्ञा विधीयते ॥

પૃથ્વીમાં જલ, અન્ન અને સુભાષિત–મીઠું વચન. એ ત્રણ રત્ન ગણાય છે. પત્થરના ટુકડામાં મૂર્ખ લોકોએ રત્નની સંજ્ઞા આપી છે.

★

## મોટાઇનું માપક યંત્ર

गुणैरुत्तुङ्गतां याति नोच्चैरासनसंस्थितः ।
प्रासादशिखरस्थोऽपि, काकः किं गरुडायते ॥

માણસ ગુણો વડે કરીને મોટાઇને પામે છે, પરંતુ ઉંચા આસને બેસી જવાથી નહિ. મંદિરના શિખર ઉપર બેઠેલો કાગડો કદી ગરૂડનું આચરણ કરતો નથી.

★

## સંત પુરૂષના સમાગમની મહત્તા

गंगा पापं शशी तापं, दैन्यं कल्पतरुस्तथा ।
पापं तापं दैन्यं च, हरति साधुसमागमः ॥

લોકમાં કહેવાય છે કે, ગંગા પાપને, ચંદ્ર તાપને અને કલ્પતરૂ દીનતાને દૂર કરે છે. પણ સાધુ પુરૂષનો સમાગમ એકી સાથે પાપ, તાપ અને દીનતા એ ત્રણનો નાશ કરે છે.

★

## મોટાઓને હલકી વસ્તુઓનો સંગ સાલે છે.

अग्निदाहे न मे दुःखं, न दुःखं घनताडने ।
एकमेव परं दुःखं, गुञ्जया सह तोलनम् ॥

સોનું કહે છે કે, મને અગ્નિમાં બળી જવાનું દુઃખ નથી. લોખંડના ઘનથી તાડન કરે તો પણ મને દુઃખ લાગતું નથી. માત્ર ચણોઠી સાથે મને તોલવામાં આવે છે એ જ એક દુઃખ છે.

★

---

ગત સર્વ અપૂર્ણતાઓને ટાળતો–ટાળતો, સર્વથા સંપૂર્ણ એવા મોક્ષપદને પામી શકે છે.

ત્રણે ય લોકને અનાદિ કાળથી પોતાના સતત સાન્નિધ્ય દ્વારા મંગલમય જીવન પ્રકાશ અર્પી રહેલા આ મહામંત્રના એક અક્ષરનો પણ જો પૂરો પ્રકાશ પ્રગટ થાય, તો દુનિયાને અજવાળતા સૂરજનો પ્રકાશ તેની તુલનામાં ઓરડાને માંડ પ્રકાશિત કરતા એરંડીઆના દીવા જેટલો દેખાય,

સર્વ મન્ત્રશાસ્ત્રો, તંત્રશાસ્ત્રો, યન્ત્રશાસ્ત્રો, વિદ્યાશાસ્ત્રો, યોગશાસ્ત્રો અને અધ્યાત્મશાસ્ત્રોની રચનાની સઘળી ચાવીઓ જેનામાં છૂપાએલી છે, તે મહામન્ત્રને કોટિ કોટિ પ્રણામ !

### લક્ષ્મીને આવવા-જવાની રીત

आगन्ताथ यदा लक्ष्मी, –र्नालिकेरफलाम्बुवत् ।
गन्तव्या च यदा लक्ष्मी, –र्गजभुक्तकपित्थवत् ॥

લક્ષ્મી આવે છે ત્યારે નાળીએરમાં પાણી આવે છે તેમ આવે છે. અને જાય છે ત્યારે હાથીએ ખાઇને કાઢી નાખેલા કોઠાની માફક જતી રહે છે. નાલીએરમાં પાણી છિદ્ર એક પણ ન હોવા છતાં કયાંથી આવે છે ? અને હાથીએ ખાઇને કાઢી નાંખેલું કોઠું આખું હોય છે પણ તેમાંનો ગલ ઉડી જાય છે લક્ષ્મી પણ આ રીતે આવે છે અને જાય છે.

★

### સ્ત્રી સ્વતંત્રતાને યોગ્ય જ નથી.

पिता रक्षति कौमारे, भर्ता रक्षति यौवने ।
पुत्राश्च स्थाविरे भावे, न स्त्री स्वातन्त्र्यमर्हति ॥

બાલ્યાવસ્થામાં સ્ત્રીનું રક્ષણ પિતા કરે છે, યુવાવસ્થામાં ભરતાર-ધણી રક્ષણ કરે છે. અને વૃધ્ધાવસ્થામાં પુત્રો રક્ષણ કરે છે. સ્ત્રી સ્વતંત્રપણાને યોગ્ય નથી.

★

### પહેલા નંબરનો દાતાર

कृपणेन समो दाता, न भूतो न भविष्यति ।
अस्पृष्ट्वाथ यतो द्रव्यं परेभ्यस्तत् प्रयच्छति ॥

કૃપણ જેવો દાતા કોઇ થયો નથી અને થશે પણ નહિ: કારણ કે બીજા તો ધનનો સ્પર્શ કરીને આપે છે. જ્યારે કંજુસભાઈ ધનને અડકયા વિના જ બીજાને આપી દે છે, માટે જ પહેલા નંબરનો દાતા કંજુસ છે.

★

### જોવાના જુદા જુદા સાધનો

राजा पश्यति कर्णाभ्यां,
विद्वान् पश्यति चक्षुषा ।
पशुः पश्यति गन्धेन,
ज्ञानी चांतरचक्षुषा ॥

રાજા કાનથી જુએ છે, વિદ્વાન આંખથી જુએ છે, પશુ ગંધથી જુએ છે, અને જ્ઞાની અંતર ચક્ષુથી જુએ છે.

★

### સાચું ધન

गोधन गजधन रत्नधन, कंचन खाण सुखाण;
जब आवे संतोष धन, तब सब धन धूळ समान.

★

### પાંચ વકારને વધારવા નહિ

वैरो वैश्वानरो व्याधिः
वाद–व्यसन–लक्षणाः
महाऽनर्थाय जायन्ते ।
वकाराः पंच वर्धिताः ॥

વૈર, અગ્નિ, વ્યાધિ, વાદ અને વ્યસન એ પાંચ વકાર વધે તો મહા અનર્થને માટે થાય છે.


## 'કલ્યાણ' માસિકની ફાઈલો

'કલ્યાણ'ને આજે ચૌદ વર્ષ પુરાં થયાં છે. તેમાં પહેલા ત્રણ વર્ષની ફાઇલો મળતી નથી. બાકીના વર્ષની ફાઇલો પણ જુજ છે. પાછળથી વધુ કિંમત ખર્ચતાં પણ મળવી મુશ્કેલ છે

દરેક ફાઇલમાં ધાર્મિક કથા-વાર્તાઓ, શંકા-સમાધાન, જ્ઞાન-ગોચરી મધપૂડો, વહેતાં વહેણો, સમયનાં ક્ષીર-નીર વગેરે વિભાગોથી સમૃદ્ધ અવનવું સાહિત્ય પીરસવામાં આવ્યું છે. હાથમાં લીધા પછી નીચે મૂકવાનું મન નહિ થાય.

દરેક બાઇન્ડીંગ કરેલી ફાઇલના રૂા. સાડા પાંચ. પોસ્ટેજ અલગ. જે ફાઇલો હશે તેજ રવાના થશે.

કલ્યાણ પ્રકાશન મંદિર—પાલીતાણા. (સૌરાષ્ટ્ર)

# રાજસ્થાનમાં એક પ્રાચીન જૈન તીર્થ

પૂ૦ મુનિરાજ શ્રી નિરંજનવિજયજી મહારાજ

જ્યારે આ ભૂમંડલ ઉપર **શ્રમણ ભગવાન મહાવીર પ્રભુ** પરિભ્રમણ કરી જગતના જીવોને ભ્રમણની દીશાયેથી વાલી સાચા પંથના પ્રવાસી બનાવી મહાગોપ અને મહાસાર્થવાહ તરીકે પંકાતા હતા ત્યારે **વર્ધમાન** કે **બ્રહ્માણના** નામથી ઓલખાતું આજનું **આ વર્માણ** હયાત હશે કે કેમ તે નિશ્ચય પૂર્વક કહેવા મારો અનુભવ કામ કરતું નથી.

છતાં આટલું જરૂર કે ત્યારે પણ **શ્રમણ ભગવાન મહાવીરની** અદ્ભૂત અને વિશાલ વિદ્યુત વર્ણવાલી અને સ્વકાય પ્રમાણની ઉંચાઈવાલી આ **ચમત્કારિક** પ્રતિમા દેવ, દાનવ અને માનવથી પૂજાતી હતી અને જગતમાં હતી. અને તેથી જ આજે પણ અત્રેના જૈન-જૈનેતર એકી અવાજે **જીવતો મહાવીર અને જયવંતો વીર** કહી અત્યંત શ્રધ્ધાથી **પૂજે છે.**

તે વખતે અનેક ઉપચારોથી પૂજાયેલી આ પ્રતિમા અત્યારે પણ તેવા જ ઓજસથી અનેકને આંજી દેતી ક્રોડો ચંદ્રોની જ્યોત્સ્નાને ઝાંખી પાડે અને હજારો સુરજના તાપોને ઠારી નાખે તેવી સૌમ્ય આકૃતિ વાલી પ્રતિમા જોવા મારા જીવનના પ્રવાસમાં અહીં ભાગ્યશાલી બન્યો.

કંઈ **વર્માણની** વિકૃતિ કે આકૃતિ નિહાલવા મારો **પ્રાંગધ્રાથી** વિહાર ન હતો, પણ **શ્રી જીરાવલાજી** મહાન તીર્થાધિરાજના આંગણે પ્રથમ **શ્રી સિદ્ધચક્રની ઓલી અને શાંતિસ્નાત્રના** મંગલ કાર્યમાં પહોંચવા માટે જ ૨૫૦, માઈલને ૭ દિવસમાં વટાવવા ૩૦ માઈલની દૈનિક સફરે વિહાર કર્યો અને મંડારથી **જીરાવલાનો** છેલ્લો વિહાર હતો. **જીરાવલાજી** તીર્થ લગભગ ૫ માઈલ દુર હશે ત્યાં તો અનેક **જિનમંદિરો અને મૂર્તિઓના અવશેષો** વાટમાં વિખરેલા જોયાં. મને આશ્ચર્ય થયું, ઉનાલાની ઉષ્ણતાના કારણે અસ્ખલિત ગતિથી આગલ વધવા માંડયું, ત્યાંતો એક ગામડાનાં પાધરથી પંથ જતો હતો. ત્યાં વચ્ચે કોઈ ભોલા ભીલ્લે લલકાર સાથે પડકાર કર્યો કે, એ **"વોણીયારા ગોરજી** થારા જીવતા માવીરજીરા જુવાર કરને જાઓ" મને કંઇ સમજણ ન પડી, તેથી મુઠી ભીડી ઝડપી ચાલે આગલ વાટ વટાવવા માંડી. ત્યાં જ તો નિશાલીયાઓનું ટોલું પાછલથી દોડતું આવી ઘેરી વલ્યું અને આગલ જતાં રોકયો. પાછા ગામ તરફ આગ્રહપૂર્વક લઇ જઇ સિધ્ધા વર્ધમાન વિહાર પ્રાસાદમાં પહોંચાડયો. જોતાં આંખે અંધારા આવે અને મન મલકાય તેવાં દશ્યે ૧૦ મીનીટ સુધી તો વિચારમગ્ન બનાવી દીધો. જ્યાં આગલ વધું ત્યાં તો એક એક દશ્ય આંખને આંજી દેવા માંડયું. અંદર નિસીહી ડી ૩ વાર બોલી પેઠો અને સ્હેજ ડાબા હાથે નજર પડી, ત્યાં તો ચક્કર ચડે તેવું જ થયું. અરે બાલકો આ શું પડયું છે? 'બાવજી ઓ તો એક બાવજીરો ભાગોલો હાથ હૈ:' હેં આ હાથ છે? હા! શું તો આની પ્રતિમા કેવડી મોટી હશે? 'આની પ્રતિમા કયાં છે? 'વાતો એક ઠેકાણે જમીનમેં ભંડારીયે હૈ.'

ઠીક આગલ વધ્યો ત્યાંતો અનેક જિનબિંબોના અવશેષો દષ્ટિગોચર થયા અને માથોડા બંધી અંદર માટીના ઢગલાઓ સાથે જિનમંદિર જમીનદોસ્ત બનેલું જોયું. ફકત અચલ અને આબાદ ૧. મૂલ શિખર, રંગમંડપ, નૃત્યમંડપ અને શ્રમણ ભગવાન મહાવીરની ૫ ફુટ ઉંચી પ્રતિભાશાલી પ્રતિમા. બધો જ થાક ઉતરી

## પ્રતિદિન અવશ્ય કરવા લાયક

# સામાયિકની ક્રિયા

**પૂ૦ પંન્યાસજી ભદ્રંકરવિજયજી ગણિવર**

[ લેખાંક ૪ થો ]

દરેક ધર્મના અનુયાયીઓને તેના પ્રણેતાઓએ આત્મવિકાસ કરવાના, ભિન્ન ભિન્ન સાધનો બતાવ્યાં છે, ખ્રિસ્તીઓને પ્રાર્થના, મુસલમાનોને નિમાજો, હિન્દુઓને નિત્યકર્મો, બ્રાહ્મણોને સંધ્યાઓ, પારસીઓને અવસ્તાઓ. તેમ જૈનોને આત્મવિકાસની ટોચે પહોંચવાનું સાધન તીર્થંકર પરમાત્માઓએ સામાયિક ધર્મને કહ્યું છે.

'सामायिकं च मोक्षांगं परं सर्वज्ञभाषितम् ।
वासीचन्दनकल्पाना-मुक्तमेतन्महात्मनाम् ॥ १ ॥
निरवद्यमिदं ज्ञेयं, एकान्तेनैव तत्त्वत: ।
कुशलाशयरूपत्वात्, सर्वयोगविशुद्धितः ॥ २ ॥
सामायिकविशुद्धात्मा, सर्वथा घातिकर्मण: ।
क्षयात्केवलमाप्नोति, लोका लोकप्रकाशकम् ॥ ३ ॥

**અર્થ**—સામાયિક એ મોક્ષનું સર્વજ્ઞભાષિત પરમ સાધન છે. વાંસલાનું છેદન અને ચંદનનું વિલેપન એ બંન્ને પ્રત્યે સમાન વૃત્તિવાળા મહાપુરૂષોને અથવા વાંસલા પ્રત્યે ચંદનકલ્પ વૃત્તિવાળા સત્પુરૂષોને તે હોય છે. (૧)

તત્ત્વથી આ સામાયિક એકાન્તપણે નિરવદ્ય છે. કારણ કે તે કુશલાશય રૂપ છે, એટલું જ નહિ પણ સર્વયોગોની વિશુદ્ધિરૂપ છે. (૨)

આવા સામાયિકથી વિશુદ્ધ થયેલો આત્મા ઘાતી કર્મોનો સર્વ પ્રકારે ક્ષય કરીને લોકાલોકપ્રકાશક કેવળજ્ઞાનને મેળવે છે. (૩)

અપકારી અને ઉપકારી ઉભય પ્રત્યે સમાન વૃત્તિ અથવા અપકારી પ્રત્યે પણ ઉપકાર કરવાની વૃત્તિવાળું આ સામાયિક એ મોક્ષનું ઉત્કટ સાધન છે. આ સામાયિકમાં ચિત્તના શુભ આશય ઉપરાંત મન-વચન અને કાયા એ ત્રણેના વ્યાપારોની વિશુદ્ધિ રહેલી છે, ઘાતી કર્મનો સર્વથા ક્ષય કરવા માટે આના સમાન બીજું સાધન જગતમાં છે નહિ.

સર્વ આત્માઓ સત્તાએ સમાન છે, સર્વને સુખ પ્રિય છે અને દુઃખ અપ્રિય છે. સ્વરૂપથી સર્વ આત્માઓ અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અને અનંત વીર્યને ધારણ કરનારા છે, એવું જ્ઞાન થયા પછી પણ એ જ્ઞાનને અનુરૂપ ક્રિયા થયા વિના આત્મા વિકાસ સાધી શકતો નથી. સામાયિકની ક્રિયામાં આત્મ-સ્વરૂપનું જેવું યથાર્થ જ્ઞાન થયું છે, તેના પ્રકાશમાં તેવી યથાર્થ ક્રિયા કરવાની વિહિત કરેલી છે. તેમાં કેવળ સર્વ જીવો પ્રત્યે શુભેચ્છા બતાવીને કે સર્વનું દુઃખ દૂર થાઓ અને સર્વને સુખ મળો એવી કેવળ ભાવના કરીને જ અટકી જવામાં આવતું નથી, કિન્તુ કોઇ પણ જીવને દુઃખ ન થાય અને સર્વ કોઇને સાચું સુખ પ્રાપ્ત થાય, એ જાતનું સક્રિય વર્તન ઉપદેશેલું છે.

સામાયિકમાં કેવળ મનની ભાવના કે વાણીની શુભેચ્છા જ નથી, કિન્તુ કાયાને પણ ભાવના અને શુભેચ્છાનુસાર પ્રવર્તાવવા માટેની પ્રતિજ્ઞા છે. સર્વ પ્રકારના અશુભ વ્યાપારો પછી તે કરવારૂપ હોય, કરાવવારૂપ હોય કે અનુમોદવારૂપ હોય તેનો મન-વચન-કાયાથી ત્યાગ અને સર્વ પ્રકારના શુભ વ્યાપારોનો મન-વચન-કાયાથી આદર, કેવળ કરવારૂપ જ નહિ, કિન્તુ શક્ત્યનુસાર કરાવવા અને અનુમોદવા રૂપ પણ વિહિત કરેલો છે. કોઇપણ શુભ વિચાર જ્યાં સુધી આચરણમાં આવતો નથી, ત્યાં સુધી તે કેવળ વિચાર જ છે, કિન્તુ આચાર નથી. આચારને અનુરૂપ વિચાર અને વિચારને અનુરૂપ આચાર ઘડાય ત્યારે જ તે ધર્મરૂપ બને છે અને તે ધર્મ જ જીવને ધારણ કરે છે. દુર્ગતિપાત અટકાવે છે. સદ્ગતિ-સ્થાન અપાવે છે. સામાયિકના આઠ પર્યાયો બત્તાવ્યા છે, તેમાં કેવળ વિચાર નહિ, કિન્તુ આચારયુક્ત વિચારને જ સ્થાન આપેલું છે.

Knowledge is not for the sake of knowledge but action. thinking is not for the sake of thinking

but action.

સામાયિકના આઠ પર્યાયો દૃષ્ટાંત સહિત બતાવતાં કહ્યું છે કે

**सामाइयं समइयं सम्मंवाओ समास संखेवो ।**
**अणवज्जं च परिण्णं, पच्चक्खाणे य ते अट्ठ ।। १ ।।**
**दमदंते मेयज्जे कालय पूच्छा चिलाइपुत्ते य ।**
**धम्मरुइ इला तेइली सामाइय अट्ठ उदाहरणा ।।२।।**

**અર્થ**–સમભાવ, દયાભાવ, સમ્યગ્વાદ, સમાસ, સંક્ષેપ, અનવદ્ય, પરિજ્ઞા, અને પ્રત્યાખ્યાન આ આઠ સામાયિકના પર્યાય છે (૧) તે ઉપર અનુક્રમે દમદંત, મેતાર્ય, કાલિકસૂરિ, ચિલાતીપુત્ર, લૌકિકાચાર પંડિતો, ધર્મરૂચિ, ઇલાપુત્ર અને તેતલીપુત્રનાં ઉદાહરણો છે. (૨)

ઉપસર્ગ અને સત્કાર ઉપર સમાન ભાવરાખનાર દમદંત રાજર્ષિ, ક્રૌંચ પક્ષીના પ્રાણની રક્ષા ખાતર પોતાના પ્રાણ આપનાર મેતાર્ય, દત્ત પુરોહિતને સત્ય વચન કહેનાર કાલિકસૂરિ, ઉપશમ વિવેક અને સંવરરૂપ માત્ર ત્રણ પદોના વિચારથી ઘોર ઉપસર્ગને સમતા ભાવે સહનાર મહાત્મા ચિલાતીપુત્ર, થોડા અક્ષરોમાં ઘણું રહસ્ય બતાવનારા પંડિતો, અનાકુટ્ટી શબ્દને સાંભળતાની સાથે નિરવદ્ય મુનિપણું અંગીકાર કરનાર ધર્મરૂચિ અણગાર, સાચા ત્યાગનું દૃશ્ય જોવા માત્રથી પ્રતિબોધ પામનાર ઇલાપુત્ર કેવળી, અને નિમિત્ત મળતાંજ ત્યાગમાર્ગનો પ્રતિબોધ પામનાર તેતલીપુત્ર આચાર્યએ સામાયિક પાલનનાં અને તે દ્વારા આત્મસિદ્ધિ પામનારા મહાપુરૂષોનાં દૃષ્ટાંતો છે.

સામાયિકનું મૂળ સમ્યગ્ દર્શન છે, સામાયિકનું ફળ સમ્યક્ ચારિત્ર છે.

આ સંસારનું, બંધનનું, દુઃખના સાગરનું, અજ્ઞાનરૂપી મહા અંધકારનું, સહરાના રણ જેવી ખરતર ભવાટવીનું મૂળ કારણ કોઇ હોય તો તે મિથ્યાત્વ છે. તેને કેટલાક માયા કહે છે, કેટલાક તેને Devil sin કહે છે. બુદ્ધો તેને 'માર' કહે છે, જૈનો તેને મિથ્યાત્વ કહે છે. તેને બહિરાત્મભાવ પણ કહેવાય છે.

**'आत्मधिया समुपात्तः कायादि कीर्त्यतेऽत्र बहिरात्माः'**

'આતમબુદ્ધે હો કાયાદિક ગ્રહ્યો બહિરાતમ અઘરૂપ,'

–આનંદઘનજી

**कायादिर्बहिरात्मा–** ઉપા૦ શ્રી યશોવિજયજી

આ સંસારમાં મોટામાં મોટું કોઈ પાપ હોય તો તે મિથ્યાત્વ છે, અને મિથ્યાત્વ એટલે બહિરાત્મભાવ. કાયાદિને હું માનવો તે. કાયા, વાણી, યૌવન, ધન, સ્વજન અને મન આદિની પ્રવૃત્તિમાં નિશ્ચયથી હું અને મારાપણાની અજ્ઞાન બુદ્ધિ એ જ બહિરાત્મભાવ છે, એજ મિથ્યાત્વ છે, અને એ જ મૂળ અવિદ્યા અને અજ્ઞાન રૂપી મોટમાં મોટું પાપ છે. મનુષ્ય જેને હું માને છે, અને જેમાં પોતાપણાની કલ્પના કરે છે, તેને ઉદ્દેશીને જ તે સઘળી પ્રવૃત્તિઓ રસભર કરતો હોય છે. દેહને જ હું માનવાથી મનુષ્યમાં રહેલા કેટલાએક ગમ્ય અને અગમ્ય સામર્થ્યોની તેને ખબર પડતી નથી. દેહમાં રહેનાર કોણ છે? તેની શોધમાં તે વળે છે, ત્યારે તેમાં રહેલ અખુટ ખજાનાની તેને માહિતિ મળે છે. સામાયિક એ અખૂટ ખજાનો ખોલવાની એક ચાવી છે.

**कर्म जीवं च संश्लिष्टं परिज्ञायात्मनिश्चयः ।**
**विभिन्नीकुरुते साधुः सामायिकशलाकया ।। १ ।।**
**रागादिध्वान्तविध्वंसे कृते सामायिकांशुना ।**
**स्वस्मिन् स्वरूपं पश्यन्ति योगिनः परमात्मनः ।। २ ।।**

–શ્રી હેમચંદ્રાચાર્ય.

**અર્થ**:–પરસ્પર એકમેક થયેલા જીવ અને કર્મને, કર્યો છે આત્માનો નિશ્ચય જેણે એવો સાધુ સામાયિક રૂપી શલાકા વડે એને જુદા કરે છે. (૧) સામાયિક રૂપી સૂર્ય વડે રાગાદિ અંધકાર નાશ પામે છતે યોગી પુરૂષો પોતાના આત્મામાં પરમાત્માના સ્વરૂપને જુએ છે (૨)

**अयं प्रभावः परमः समत्वस्य प्रतीयताम् ।**
**यत्पापिनः क्षणेनापि पदमियर्ति शाश्वतम् ।। १ ।।**

**અર્થ**:– સમતાનો આ પરમ પ્રભાવ છે કે જેનાથી પાપી આત્મા પણ એક ક્ષણવારમાં શાશ્વત પદને પ્રાપ્ત કરે છે.

મનુષ્ય ભવ ઉત્તમમાં ઉત્તમ છે. તો પણ શરીર વગેરે જડ વસ્તુને જો હું કરીને માને તો તેનો જન્મ મહાપાપ રૂપ બની જાય છે. શરીર વગેરેમાં જો સાક્ષિભાવ, અધિષ્ઠાન ભાવ ધારણ કરે, આત્માને હૃદયસ્થ કરીને વર્તે તો તેનામાં રહેલો આત્મા પોતાના પરમાત્મપણાને પ્રગટ કરી શકે. 'કાયાદિકનો હો સાખી ધર રહ્યો અંતરઆતમ રૂપ. —આનંદઘનજી.

આત્મા શરીરાદિરૂપ નથી પણ શરીરાદિનો સાક્ષી છે, શરીર–મન–અહંકાર–યૌવન–ધન–માલ–મીલ્કત કે સ્વજન સ્નેહીઓ આત્મરૂપ નહિ પણ આત્મભિન્ન છે. આત્મા તે સર્વનો સાક્ષી, દૃષ્ટા witness છે. એ રીતે અંતરાત્મ ભાવ પ્રગટ થતાં સંસારમાં થતાં સુખ–દુઃખથી જીવ પર બની જાય છે. પછી એમ લાગે છે કે સુખ–દુઃખ કર્મસંયોગે આવી મળેલા અને થોડો કાળ રહી વિનાશ પામી જનારા આગંતુકો Accidents છે. આત્મા બંનેથી પર છે.

આ સ્થિતિ આવ્યા પછી આંતર ચક્ષુથી પરમાત્મ–દર્શન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે. આત્મા અને પરમાત્માનો સંબંધ સમજાય છે. દેહાદિકથી આત્મા અલગ છે તેમ પરમાત્મા તરફ જોતાં કર્માદિકથી પણ તે નિશ્ચયથી અલગ છે, એવું ભાન થાય છે, અને કર્માદિથી અલગ થવા માટે પોતાના આત્મવીર્યને અવલંબી સામાયિકાદિ પ્રવૃત્તિઓ કરતો રહે છે અને ધીમે ધીમે વચ્ચે આવતાં વિઘ્નોને દૂર કરતો જઇ પોતાના પરમાત્મ સ્વરૂપને પ્રગટ કરે છે. 'જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજીત સકલ ઉપાધિ, સુજ્ઞાની! અતીન્દ્રિય ગુણગણમણિ આગરુ, ઇમ પરમાતમ સાધ. સુજ્ઞાની! આનંદઘનજી મહારાજ પરમાત્મ સ્વરૂપનું વર્ણન કરતાં ફરમાવે છે કે–જ્ઞાન અને આનંદથી પરિપૂર્ણ, પવિત્ર, સકલ બાહ્ય ઉપાધિ–પર દ્રવ્યનો સંબંધ, તેનાથી રહિત, અતીન્દ્રિય, ગુણ સમૂહરૂપી મણિઓની ખાણ એવા પરમાત્માને અંતરાત્માભાવ વાળો આત્મા સાધી શકે છે. સામાયિકની ક્રિયા કરતાં એ ક્રિયાનો અર્થ અને પછી ભાવ જેમ જેમ પ્રાપ્ત થતો જાય છે, તેમ તેમ પરમાત્મસ્વરૂપની પીછાન વધતી જાય છે. પરમાત્મા ઇન્દ્રિયોથી જણાતા વિષયોથી પર છે. છતાં ઇન્દ્રિયોથી પર એવો આત્મા પરમાત્માને જાણે છે અને ઇન્દ્રિયો તથા તેનાં વિષયોને પણ જાણે છે. જે ક્રિયા કે ધાર્મિક અનુષ્ઠાન કરવામાં આવે છે, તેનું ફળ આત્મવિકાસ સિવાય બીજું હોતું નથી. આત્મવિકાસ એ યોગ્ય અર્થ–કામનો વિરોધી નથી. આત્મવિકાસ થતાં એવાં પુણ્યો બંધાય છે કે જેનું ફળ પુણ્યકાર્યમાં વિશેષ ઉપયોગમાં આવે છે, તેને શાસ્ત્રમાં પુણ્યાનુબંધી પુણ્ય કહ્યું છે.

સામાયિક વડે સાવદ્ય યોગની વિરતિ થાય છે, તેનું ફળ એટલું મોટું કહ્યું છે કે તેની સરખામણી સુવર્ણ અને રજતના ઢગલાઓથી પણ થઈ શકે નહિ.

શાસ્ત્રોમાં કહ્યું છે કે—

**'दिवसे, दिवसे, लक्खं देइ सुवन्नस्स खंडियं एगो।**
**अेगो पुण सामाइयं करेइ न पहुप्पए तस्स ॥ १ ॥**

**અર્થ**;–એક માણસ રોજ સુવર્ણની એક લાખ ખાંડી (૫૬ મણ) શુભક્ષેત્રમાં દાન કરે છે અને એક માણસ રોજ એક સામાયિક કરે છે, તો તે દાન આપનાર સામાયિકના ફળને પહોંચતો નથી (૧)

સામાયિકમાં સાવદ્યના પરિહાર વડે જે જીવોના પ્રાણોને અભય મળે છે, તે પ્રાણોનું મૂલ્ય સમસ્ત પૃથ્વીના મૂલ્ય કરતાં પણ અધિક છે, તેથી સર્વ દાનોમાં અભયદાન મુખ્ય છે.

વળી કહ્યું છે કે–

**सामाइयं कुणंतो समभावं सावओ अ घडियदुगं।**
**आउं सुरेसु बंधइ इत्तियमित्ताइं पलियाइं १**

**અર્થ**:–સામાયિકમાં સમભાવને ધારણ કરતો શ્રાવક બે ઘડીમાં બાણું કરોડ પલ્યોપમથી ઝાઝેરું દેવાયુષ્ય બાંધે છે ૧

**सामायिकं द्विघटिकं चिरकर्मभेदि ।**
**चंद्रावतंसवदुच्चधियोऽत्र किन्तु ॥**
**स्पर्शेऽपि सत्यमुदकं मलिनत्वनाशि ।**
**घोरं तमो हरति वा कृत एव दीपः ॥ १ ॥**

**અર્થ**:–બે ઘડીનું સામાયિક ચિરકાલના કર્મને ઉચ્ચબુદ્ધિ વાલા શ્રી ચંદ્રાવતંસક રાજાની જેમ કર્મને ભેદનારું છે. સ્પર્શ થવા માત્રથી જલ મલિનતાનો

નાશ કરે જ છે. દીપક પ્રગટ કરતાની સાથે ઘોર અંધારું તત્કાળ નાશ પામે જ છે.

तिव्वं तवं तवमाणो जं नवि निट्ठवइ जम्मकोडीहिं।
तं समभावभाविअचित्तो खवेइ कम्मं खणद्धेणं १

અર્થ:–કરોડો જન્મો સુધી તીવ્ર તપને તપતા જે કર્મક્ષય નથી થતાં, તે કર્મો સમભાવથી ભાવિત ચિત્તવાળો અર્ધક્ષણમાં નાશ કરે છે (૧)

'जे के वि गया मोक्खं जे विय गच्छंति जे गमिस्संति ।
ते सव्वे सामाइयमाहप्पेणं मुणेयव्वा ॥ १ ॥

અર્થ:–ભૂતકાળમાં જે કોઈ મોક્ષે ગયા છે, વર્તમાન કાળમાં જાય છે અને આગામી કાળે જશે, તે સર્વે સામાયિકના માહાત્મ્યથી છે, તેમ જાણવું (૧)

किं तिव्वेण तवेणं किं च जवेणं किं च चरित्तेणं।
समयाइ विण मुक्खो न हु हुओ कहवि न हु होइ १

અર્થ:– તીવ્ર તપ વડે, જપ વડે કે ચારિત્ર વડે શું? સમતા વિના કોઈનો મોક્ષ થયો નથી અને કોઈનો થવાનો નથી (૧) માટે જ્યારે અવસર મળે ત્યારે ત્યારે સામાયિકનો અભ્યાસ કરો.

जाहे खणि उ ताहे सामाइयं करेइ ।

શ્રી ભગવતી સૂત્ર

અર્થ:–જ્યારે અવસર મળે ત્યારે સામાયિક કરે.

'यदा सव्वसामाइयं काउमसत्तो तदा देससामाइयंपि ताव बहुसो कुज्जा। तथा जत्थ वा विसमइ अच्छइ वा निव्वारो, सव्वत्थ सामाइयं करेइ'।

आवश्यक चूर्णौ

અર્થ:–જ્યારે સર્વસામાયિક કરવાને શક્તિમાન ન હોય, ત્યારે પણ દેશ સામાયિક બહુવાર કરે તથા જ્યારે જ્યારે વિશ્રાંતિ મળે, અથવા બીજું કોઈ જાતનું કાર્ય ન હોય, ત્યારે ત્યારે સર્વત્ર સામાયિકને કરે.

जीवो पमायबहुलो बहुसो वि अबहुविहेसु अत्थेसु।
एएण कारणेण बहुसो सामाइयं कुज्जा ॥ १ ॥

અર્થ:–જીવ પ્રમાદથી ભરેલો છે. બહુપ્રકારના અર્થમાં વારંવાર વ્યાપૃત થયેલો છે, એ કારણે વારંવાર સામાયિક કરવું જોઈએ. (૧)

–સામાયિક નિર્યુક્તિ.

## –: પરદેશના ગ્રાહક બંધુઓને :–

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોસ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| શ્રી દામોદર આશકરણ | પોષ્ટ બોક્ષ નં. ૯૪૮ | દારેસલામ |
| શ્રી તારાચંદ ડી. શાહ | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | નૈરોબી |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | મોમ્બાસા |
| શ્રી મેઘજી ખીમજી ગુઢકા | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | કીસુમુ |
| શ્રી મેઘજીભાઇ રૂપશી એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | ન્યેરી |
| શ્રી દેવશીભાઈ જીવરાજ | પોષ્ટ બોક્ષ નં. ૯૮૭૪ | નૈરોબી |
| શ્રી મૂલચંદ એલ. મહેતા | પોષ્ટ બોક્ષ નં. ૧૨૭ | મોગાડીસ્કીઓ |
| શ્રી લાધાભાઈ રાયમલ શાહ | પોષ્ટ બોક્ષ નં. ૪૮ | મ્બાલે |

# ભાવસાધુનાં સાત લિંગો

પૂ૦ મુનિરાજ શ્રી નિત્યાનંદવિજયજી મહારાજ

## ૧ માર્ગાનુસારિણી ક્રિયા :-

માર્ગ-જ્ઞાન, દર્શન, ચરિત્રરૂપ અથવા ક્ષયોપશમ ભાવરૂપ. એને સૂચવનારા બે. ૧ આગમ અને ૨ આચરણા.

**(૧) આગમ** એટલે વીતરાગનું વચન. એ આગમની નીતિ એટલે એમાં કહેલ ઉત્સર્ગ, અપવાદ રૂપ શુધ્ધ સંયમ, એ માર્ગ છે.

**(૨) આચરણા**- સંવિગ્ન, બહુજન આચરિત. સંવિગ્ન એટલે મોક્ષના અભિલાષી. બહુજન એટલે ગીતાર્થોએ આચરેલો માર્ગ. આગમે કહેલા અને સંવિગ્નોએ આચરેલા માર્ગે ચાલવું તે માર્ગાનુસારી ક્રિયા કહેવાય.

## ૨ ધર્મને વિષે પ્રવર શ્રદ્ધા

(૧) વિધિસેવા, (૨) અતૃપ્તિ, (૩) શુધ્ધ દેશના. અને (૪) સ્ખલિત પરિશુધ્ધિ.

**(૧) વિધિસેવા**-શ્રધ્ધાળુ અને શક્તિમાન હોવાથી, પ્રત્યુ-પ્રેક્ષણા વગેરે ક્રિયાઓને વિધિ-પૂર્વક કરે. શક્તિ ન હોય તો વિધિ ઉપરના પક્ષપાતને નિયમા ધારણ કરે.

જેમ દરિદ્ર માણુસ ધનના અભાવમાં તુચ્છ અન્નનું ભોજન કરે છે, પણ મનમાં ખેદ હોય છે, કયારે સારૂ અન્ન જમનાર બનું. તેથી તુચ્છ ભોજનમાં ગૃધ્ધિ કરતો નથી. તેમ વિધિ-રસિક હોવાથી, વિધિ ઉપરના પક્ષપાતને છોડી શકતો નથી. અવિધિને સેવતા ખેદ પામે છે.

**(૨) અતૃપ્તિ**- "આટલી આરાધના માત્રથી હું કૃતકૃત્ય છુ" એવો સંતોષ ભાવ ન રાખે. કારણ કે મારે તો અનંતજ્ઞાન, દર્શન અને ચારિત્ર પ્રાપ્ત કરવાના છે, તેથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, વૈયાવચ્ચ વગેરે કરવામાં પોતાના સામર્થ્ય અનુસાર હંમેશા તત્પર રહે.

**(૩) શુધ્ધદેશના**- સંવિગ્ન, ગીતાર્થ આચાર્ય પાસે પૂર્વાપરને વિચારીને, આગમના વાકયોના પદાર્થ,-વાકયાર્થ,-મહાવાકયાર્થ, અને તાત્પર્યાર્થને જાણીને, ગુરૂની અનુજ્ઞાપૂર્વક સદ્ભુત અર્થને સમજાવનારી ધર્મદેશના કહે.

**(૪) સ્ખલિત પરિશુધ્ધિ**- પ્રમાદ આદિના કારણે અતિચારથી ચારિત્ર મલીન થયું હોય તો ગુરુમહારાજ પાસે આલોચના કરી આત્મશુદ્ધિ કરે.

## ૩ સરળભાવે પ્રજ્ઞાપનીયતા

હઠાગ્રહ રાખ્યા સિવાય સાચું સમજવાની યોગ્યતા.

(૧) વિધિ, (૨) ઉદ્યમ, (૩) વર્ણક, (૪) ભય, (૫) ઉત્સર્ગ, (૬) અપવાદ, અને (૭) તદુભય. આ સાત પ્રકારવાળા સૂત્રો ગંભીર ભાવવાળા હોય છે, માટે હઠાગ્રહથી ભેળસેળ કર્યા સિવાય, સરળતાથી એને તે તે ભાવે સમજે.

## ૪ ક્રિયામાં અપ્રમાદ

મહાવિદ્યાની સાધનાની જેમ ક્રિયાઓ કરવી જોઈએ.

અપ્રમાદી કેવી રીતે થવાય ?

(૧) વ્રતમાં લાગેલા અતિચારોને ફરીથી નહિ કરવાની બુધ્ધિથી અતિચારોનો ત્યાગ કરવાથી.

(૨) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિમાં બરાબર ઉપયોગવાળા થવાથી.

(૩) પાપના કારણ એવા પ્રમાદનો ત્યાગ

# ★ આજનું ચિત્ર ★

## વૈદ્યરાજ શ્રી મોહનલાલ ચુ. ધામી

આપ સહુ જાણો છો કે સૈકાઓની ગુલામી પછી છેલ્લા અગિયાર વરસથી ભારત જેવો વિરાટ દેશ ગુલામીના બંધનોથી મુક્ત બની શક્યો છે...જો કે આ મુક્તિની કિંમત ઘણી જ ખતરનાક ચૂકવવી પડી છે... મા ભોમના ટૂકડા કરીને ! રક્ત નિંગળતી યાતનાઓ જીવતી કરીને !

છતાં સંસારના એક પ્રાચીન, સભ્ય, સાત્વિક અને આધ્યાત્મિક વિજ્ઞાનની સિદ્ધિ વરેલા રાષ્ટ્રને મુક્તિ પ્રાપ્ત થઇ છે.

મુસલમાન શાસકો અને અંગ્રેજોએ વરસાવેલી અનંત યાતનાઓથી જર્જરિત બનેલી એક મહાપ્રજા સ્વતંત્ર બની છે.

આ સ્વાધીનતા હાંસલ કરવામાં કોઇ એક પક્ષનો પુરૂષાર્થ હતો અથવા તો ભોગ હતો, એમ જે આજે કહેવાઇ રહ્યું છે, તે સત્યની ખુલ્લી ઉપેક્ષા સમાન છે.

વિદેશીઓની પકડમાંથી રાષ્ટ્રને મુક્ત કરવાનો પહેલો પ્રયત્ન પ્રાતઃસ્મરણીય શ્રી શિવાજી મહારાજે કર્યો હતો...જનતાના સાથથી.

પરંતુ પ્રયત્ન તત્કાળ ફળ આપે એવું ભાગ્યે જ બને છે, એ પ્રયત્નને ફરીવાર વેગ મળ્યો ૧૮૫૭ના સ્વાતંત્ર્ય સંગ્રામથી. અને તે સમયથી છેક શ્રી ગાંધીજીના સમય સુધીના અખંડ નેવું વરસો સુધી ભારતવર્ષની જનતાએ આઝાદી પ્રાપ્ત કરવાનો પુરૂષાર્થ જારી રાખ્યો હતો...અને આઝાદીના બલિદાન યજ્ઞમાં અનેક નામી અનામી વીરોએ પોતાના સ્વપ્ન હોમ્યાં હતાં, આશાઓ હોમી હતી, જીવનનાં સમર્પણ કર્યાં હતાં.

અગિયાર વરસથી પ્રાપ્ત થએલી સ્વાધીનતા એ કોઈ એક વ્યક્તિના તપનું, એક પક્ષના પ્રયત્નનું કોઇ એકાદ જુથની સિદ્ધિનું પરિણામ નથી. એ પરિણામ છે જનતાના સૈકાથી વહી રહેલા બલિદાનના મહાગીતનું.

આ સ્વરાજ પાછળ જેમ સૈકા જુનો પુરૂષાર્થ પડયો હતો...બલિદાનની અનંત ધારાઓ ઉભરાતી હતી, તેમ અંતિમ વિશ્વયુધ્ધે અંગ્રેજો માટે સર્જેલી એક વિશિષ્ટ આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ હતી.

સ્વરાજ પ્રાપ્તિ પાછલના કારણોમાં ભલે મતભેદ હોય, ભલે એ અંગે કોઇ પક્ષ પોતાના પુરૂષાર્થની બિરદાવલી ગાય, એ મહત્વની વાત નથી. મહત્વની વાત તો એ છે કે સંસારનો એક સભ્ય ભવ્ય દેશ આઝાદ બની ચૂકયો છે અને એ આઝાદી પર એક નહીં પણ અગિયાર વરસોના વહાણા વાઈ ગયાં છે.

આઝાદી કોને ન ગમે? આઝાદીને કોણ ન સત્કારે? ભારતીય જનતાએ અંતરના ઉમળકા સાથે આઝાદીને સત્કારી હતી...સ્વાધીનતાના પ્રથમ કિરણોને વરદાન રૂપે માનીને વધાવ્યાં હતાં...અને તે એક જ આશા સાથે કે સૈકાઓથી યાતનાના જે અગ્નિકણો રાષ્ટ્રની કાયાને ભરખી રહ્યાં હતાં, તે હવે વિલય પામશે અને રાષ્ટ્રની કાયા વધારે તંદુરસ્ત, વધારે ખડતલ અને વધારે સમૃદ્ધ બનશે.

લોકહૈયામાં એવાં સ્વપ્નો પણ જાગ્યાં હતાં કે શ્રી ગાંધીજીએ કલ્પેલું સ્વરાજ સાકાર બનશે અને ઓછા કર તથા ઓછાં કાયદાવાળું એક સુવર્ણમય રામરાજ્ય સર્જાશે.

જનતાએ રચેલાં સ્વપ્નો પર અને ઝીલેલી આશાઓ પર અગિયાર વરસનો એક વિરાટ કાળ પસાર થઇ ગયો છે. કાળની એ ઝડપી ગતિ તળે જનતાનાં સ્વપ્નો ચોળાઈ ચૂક્યાં છે...જનતાની આશાઓ પાતાળમાં ચંપાઇ ચૂકી છે. અને એ સ્વપ્નાંઓ કયારે જીવતાં થશે? એ આજનો મુખ્ય પ્રશ્ન છે.

છેલ્લા વિશ્વયુદ્ધથી કથળી ગયેલી પૃથ્વીની પ્રજા આર્થિક સંગ્રામમાં ભીંસાવા લાગી. વિશ્વયુધ્ધે વેરેલા તણખા કારમી મોંઘવારી, અછત અને અનીતિની વૃદ્ધિ કરવા માંડયા. સંસાર પર આવતાં કોઇ પણ નાનાં મોટાં યુદ્ધ સંસ્કૃતિ અને નીતિના આદર્શો પર વજ્રપ્રહાર કરતાં જ હોય છે. અને યુદ્ધમાં વિજયી બનેલી કે પરાજય પામેલી પ્રજા પોતાના સંસ્કાર, સુખ અને શાંતિ ગુમાવતાં જ રહે છે.

આપણો દેશ પણ આ તણખાથી મુક્ત રહી શકયો નહોતો. મોંઘવારી, અછત, કાળાબજાર, ભેળસેળ, રૂશ્વતખોરી, ભ્રષ્ટાચાર, નૈતિક અધ:પતન વગેરે માનવજાતના મૂળભૂત દુશ્મનો ફાલીફુલી રહ્યાં હતાં અને એવાજ કાળમાં આપણા રાષ્ટ્ર ઉપર મુક્તિની ચાંદની વરસી પડી.

પરંતુ મારે ઘણા જ દુ:ખ સાથે કહેવું પડે છે કે એ ચાંદની માનવજાતના મૂળભૂત શત્રુઓનાં ક્રુર હાસ્યને એક પળ માટે પણ થંભાવી શકી નહીં.

આપણો સ્વરાંજ–રથ જેમ જેમ આગળ વધતો ગયો, તેમ તેમ મોંઘવારી, વહિવટશૈથિલ્ય, અછત, કાળાબજાર વગેરે તત્ત્વો પણ વધતાં જ રહ્યાં.

અને આજે બબે પંચવર્ષીય યોજનાઓનાં ગીત ગુંજતા હોવા છતાં આપણા કપાળ પર એનો એ ડાઘ જીવતો જ રહ્યો. ન મળે ચોકખું દુધ, ન મળે શુદ્ધ ઘી, ન મળે સત્ત્વવાળું અને પુરતું અનાજ, ન મળે થનગનતું આરોગ્ય, ન મળે લોકોને આરામ કે ન મળે લોકોને કામ!

સ્વરાજ અને બેકારી બંનેના રથ જાણે સમાન મિત્રો બનીને જ કેમ દોડી રહ્યા હોય એવું લાગ્યા કરે છે! આજે બીજી પંચવર્ષીય યોજનાનો અર્ધ જેટલો કાળ વીતી ગયો હોવા છતાં પ્રતિ વરસે આપણે પરદેશથી એક અબજ રૂપિયાનું અનાજ મંગાવીએ છીએ. આ શું આપણી કદી માફ ન થઇ શકે એવી શરમ કથા નથી કે? આપણું રાષ્ટ્ર સૈકાઓથી ખેતીપ્રધાન નિરૂપદ્રવી શાંતિપ્રિય અને આધ્યાત્મિક રહ્યું છે છતાં વરસે દહાડે એક અબજ રૂપિયાનું વિદેશી અનાજ મંગાવીને પેટનો ખાડો પુરવાનો પ્રયત્ન કરવો પડે છે. મને કહેવા દો, પંચવર્ષીય યોજનાનાં ગીતો એ કેવળ વાણીવિલાસ છે.

અને આ કરતાંય જો કોઈ વિકટ સવાલ ઉભો થતો હોય તો આજના પક્ષાંધ રાજકારણનો છે. આજે આપણા રાષ્ટ્ર પર વિશુદ્ધ લોકશાહીનું છત્ર છાયા આપી રહ્યું છે, એમ કહેવું એ સત્યનો ખુલ્લો દ્રોહ કર્યો ગણાશે. આપણા રાષ્ટ્ર પર લોકશાહી અવશ્ય છે...પરંતુ એ જનતાના હૈયાને ઠારનારી નહીં પક્ષાંધ રાજકારણની બરદાસ્ત કરનારી છે. અને આપણે એ સત્ય પણ જોઇ શકીએ છીએ કે ધારાસભામાં જનતાના સદ્ભાવથી ચૂંટાયેલો સત્તાધારી પક્ષનો સભ્ય જનતાનો રહેતો નથી. રહે છે કેવળ પોતાના પક્ષનો. જનતાનું ગમે તે થાય તેની એને કોઇ ખેવના હોતી નથી, એની ચિંતા એક જ હોય છે પોતાના પક્ષને પ્રાપ્ત થયેલી સત્તાને ગમે તે ઉપાયે જાળવી રાખવાની અને પક્ષની મૃતપ્રાય: બની ચૂકેલી પ્રતિષ્ઠાને બાથ ભીડીને વળગી રહેવાની!

આ પ્રકારનું પક્ષાંધ રાજકારણ આપણાં રાષ્ટ્રમાં વિકસી રહ્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો જનતાની લોકશાહી પક્ષીય સરમુખત્યારીનો શણગાર બની રહી છે? ખરેખર, તંદુરસ્ત અને વિશુદ્ધ લોકશાહીનું નિર્માણ આ રાષ્ટ્રમાં ક્યારે થશે એ એક ગંભીર પ્રશ્ન છે.

રાષ્ટ્રના સિંહાસન પર સત્તાધારી પક્ષ પાસે ભૂતકાળની પ્રતિષ્ઠા પણ ગમે તેટલી હોય, પરંતુ પક્ષ સત્તા પ્રાપ્ત કર્યા પછી જનતાના પ્રશ્નો કરતાં પક્ષનાં જ હિતોને પ્રધાન ગણે તો એના પરિણામો કદી સારા અને સ્વચ્છ આવે નહીં. આજે આપણે છેલ્લા દસકાથી જે ચિત્ર જોઈ રહ્યા છીએ તે ચિત્ર શું આપણી આંખને ઠંડક આપી શકે એમ છે?

આજનો સત્તાધારી પક્ષ માત્ર પોતાના સ્થાનને સલામત કેમ રાખવાં અને પોતાના હિતચિંતકોને કેવી રીતે પંપાળવા, એ એક જ કાર્યમાં ગુંથાઇ ગયો હોય તેમ લાગે છે. આ વાત વધારે સ્પષ્ટ રૂપે સમજવી હોય તો રાષ્ટ્રના ગામડે ગામડે નજર કરો! રાજાશાહી કરતાંયે બદતર આકાર લઈ રહેલી સેવકોની રજવાડાશાહી આજે સાકાર બની ચૂકી છે! ગુલામ યુગમાં જેમ કોઇ નવાબના શ્વાનને આંગળી ચીંધતા હૃદય ધ્રૂજતું હતું તેમ આજ કોંગ્રેસે ઉભા કરેલા અદ્યતન રજવાડાના ખાસદારો સામે આંગળી ચીંધી શકાતી નથી અને છતાં આપણે અગિયાર વરસથી સ્વરાજની છાયા તળે વિસામો લેતા બેઠા છીએ.

અદ્યતન ઠકરાતે ઉભી કરેલી પરિસ્થિતિ એટલી ખતરનાક બની ચૂકી છે કે જનતાના પ્રશ્નોનો ઉકેલ

શોધવાને સમય મેળવી શકાતો નથી. કારણ કે સત્તાધારી પક્ષ આગળ જનતા માત્ર રમકડું બની ગયેલ છે. અને જનતાના પ્રશ્નો કરતાં એના પોતાના જ પ્રશ્નો અજગર જેવા બની ગયા છે.

અને તેથી જ આજે અગિયાર વરસનો કાળ વિદાય લઇ ચૂકેલો હોવા છતાં ;–

૧. મોંઘવારી એક કણ જેટલીયે ઘટી પડી નથી. બલ્કે ઉત્તરોત્તર વધતી રહી છે. લોકો બીજો કોઇ વિચાર ન કરી શકે એ સ્થિતિમાં લોકોને મૂકી રહી છે.

૨ છાસવારે પરિવર્તન પામતી નીતિના કારણે અછતનો કદી ઉકેલ આવતો નથી.

૩. મધ્યમ વર્ગને રાજયક્ષ્માનો રોગ લાગુ પડયો છે. એની ચિંતાનો કોઈ અંત નથી.

૪. બેકારોની ભૂતાવળ સારાયે રાષ્ટ્રમાં અટ્ટહાસ્યનો ભડકો ચગાવતી હોય છે.

૫, કરોડો રૂપિયા બરબાદ કરવા છતાં જનતાના આરોગ્યનો સવાલ વધુ ને વધુ વિકરાળ બની ગયો છે અને રોગોની ભુતાવળો સારાયે રાષ્ટ્રમાં નાચતી હોય છે.

૬. લાગવગશાહીની ઝાલરીનો રણુકાર વણુ થંભ્યો વાગી રહ્યો છે.

૭. રૂસ્વતખોરીની બજી રહેલી કાળખંજરીને એક પળ માટે ય ચુપ કરી શકાઈ નથી.

૮. કેળવણીના ક્ષેત્રમાં આવતીકાલના નાગરિકો રાષ્ટ્રના કર્ણધારોના ઘડતરમાં ઘાસણીનો રોગ લાગુ પડી ચૂકયો છે. કેળવણીનું ધોરણ ઉત્તરોતર નીચું જ ઉતરતું રહ્યું છે અને આજની કેળવણી એ કેવળ બેકારો, કમજોર જુવાનો અને સંસ્કૃતિની ઠેકડી કરનારા કમનશિબોનું જ કારખાનું હોય એમ પહેલી નજરે જોઈ શકાય છે.

૯. જે યંત્રવાદને દેશની કરોડો ભુજાઓ માટે શ્રી ગાંધીજી એક અભિશાપ માનતા હતા, તે યંત્રવાદ આજ સારાયે ભારતવર્ષની કાયાને ભરડો લઈ રહેલ છે અને એના અટ્ટહાસ્યના લાવામાંથી મજુરવાદ, માલિકીવાદ, બેકારી, ગૃહઉદ્યોગો અને હાથઉદ્યોગોનો નાશ વગેરે સર્જાઇ રહ્યાં છે.

૧૦. ન્યાયનું માળખું આજ પણ ગુલામયુગના ભંગાર સમું રહ્યું છે. ન્યાય નથી સરતો બન્યો કે નથી સરળ બન્યો. આપણા આગેવાનો અવારનવાર આ અંગે આશાઓ આપતા હોય છે, પરંતુ એ આશાઓ કેવળ હવામાં રમતી વરાળ જેવી જ પુરવાર થતી દેખાય છે. અને રોજબરોજ નિયમો અને કાયદાના એટલા થર વધતા જાય છે કે ઘડીભર એમ જ લાગે છે કે કદાચ એક દિવસ જનતાને વકીલોની દયા પર જીવતા શીખવું પડશે.

૧૧. કોમવાદના એક ભ્રામક તરંગ સામે વારંવાર પોકાર કરનારા આજના નેતાઓએ પક્ષવાદ, પ્રાંતવાદ, ભાષાવાદ એવા અનેક હિંસક ઘર્ષણો જીવતાં કરીને રાષ્ટ્રનું કયું કલ્યાણ કરી નાંખ્યું છે તે સમજાતું નથી. જાણે પોતાની કમજોરીઓ અને પોતાની નિષ્ફળતાઓને ઢાંકવા ખાતર જ કોમવાદનો ભ્રામક ઠહાઉ ઉભો કરવામાં ન આવ્યો હોય ! વાસ્તવિક રીતે વિચારીએ તો આ રાષ્ટ્રમાં કોમવાદ નામનું વિષ પહેલા હતું જ નહીં. એ વિષ આજની અતિ વયોવૃદ્ધ ગણાતી કોંગ્રેસ સંસ્થાએ જ ઉભુ કર્યું છે. કારણ કે કોંગ્રેસ પોતે જ એક ભયંકર કોમવાદમાં પરિણમેલ છે ! શિસ્તની જંજીરોના ઝણુકારા કરવામાં મસ્ત બનેલ છે ! કોમવાદના સિંહાસન પર વિરાજનારાઓ જ્યારે કોમવાદ સામે બણગા ફુંકતા હોય છે, ત્યારે ખરેખર એ લોકોની દયા આવે છે.

૧૨ આજે રાષ્ટ્રભરમાં નોકરશાહી એક ઝંઝાવાત જેવી બની ગઇ છે. કામ કરવાની સરળ પધ્ધતિને દેશવટો દેવાયો છે અને જેનો કદી અંત ન આવે એવી પદ્ધતિને સ્થિર કરવામાં આવી છે. પરિણામ એ આવી રહ્યું છે કે નોકરશાહી વધુ ખર્ચાળ બની ગઇ છે. એક જગ્યામાં ચારગણા માણસોની ભરતી થતી હોય છે, તુમારશાહી એક નિર્વિકારી સાધુ જેવી બની ગઈ છે અને રાષ્ટ્રની નોકરશાહીના હૈયામાં આજ પણ પોતે નિષ્પક્ષ સેવકો છે એ સત્ય અંકિત થયું નથી.

આવા તો અનેક સળગતા સવાલો રાષ્ટ્ર સામે ચિનગારીઓ વેરતા પડ્યા છે અને આ પ્રશ્નો એવા પણ નથી કે જેનો ઉકેલ ન લાવી શકાય.

આ પ્રશ્નના ઉકેલ માટે પહેલું કદમ એ જ હોવું જોઈએ કે લોકશાહી કોઈ પક્ષની બાંદી નહીં પણ જનતાની જનેતા બની રહે. અર્થાત્ લોકશાહી એના વિશુદ્ધ સ્વરૂપે નિર્માણ થાય અને એ ત્યારે જ બને જ્યારે રાજકારણને વળગેલો પક્ષાંધપણાનો અંધાપો દૂર થાય. આ સિવાય રાષ્ટ્રમાં ફાલીફુલી રહેલા પરદેશીકરણ સામે સજાગ બનવું જોઇએ. આ કાર્ય કોણ કરી શકે? આજના વયોવૃદ્ધ સત્તાધારી પક્ષમાં એ તાકાત રહી નથી, કારણ કે એ પક્ષની ઉત્પત્તિ ખંડનાત્મક આદર્શના પાયા પર થઇ હતી એ કોઇ કાળે મંડનાત્મક આદર્શ રચી શકે નહીં. એ માટે તો ભારતીય આદર્શો અને ભારતીય ઉદારતાનો દીવડો હાથમાં લઇને જે પક્ષ આગળ આવશે તે જ પક્ષ આ પ્રશ્નોનો ઉકેલ લાવી શકશે. પરાઈ મુડી પર અને પરાયા બળ પર ઉભા થએલા વાદો કે પક્ષો કદી પણ ઘરમાં અજવાળું બિછાવી શકતા નથી.

ઉપર દર્શાવેલા સળગતા પ્રશ્નો તો મારી દૃષ્ટિએ સામાન્ય છે. પરંતુ આજનો મહા પ્રશ્ન છે, જનતાના તૂટી રહેલા નૈતિક સ્તરના નિર્માણનો.

આજે ધર્મ, સત્ય, સમભાવ, અહિંસા, પ્રેમ, સદાચાર, સંપ. સંતોષ, પ્રામાણિકતા, પારિવારિક જીવનની મંગલ ધારા, નિસ્વાર્થભાવે સેવા કરવાની તમન્ના વગેરે શુભ આદર્શો પુરેપુરા ભયમાં મૂકાઇ ગયા છે. એ પરમ મંગળ આદર્શોને જો આપણે નહીં બચાવી શકીએ તો આપણા રાષ્ટ્રનું પ્રજાજીવન કંગાળ, હિંસક, બેહાલ, અને બિહામણું બની જશે.

પરંતુ રાષ્ટ્રના કમનશિબ કહો કે રાષ્ટ્રના સર્વનાશના પાદચિન્હ કહો...છેલ્લા અગિયાર વર્ષથી ભારતીય જીવનના પાયાના આદર્શો પ્રત્યે આજના આગેવાનોને નજર કરવાનીયે પડી નથી! અરે, ઘણીવાર તો એ આગેવાનોના હાથે જ આ આદર્શોમાં આગની ચિનગારી મુકાતી હોય છે. એ મહાનુભાવો માનવતાની અને રાષ્ટ્રકલ્યાણની મોટી મોટી વાતો કરતા હોય છે અને વાતવાતમાં બાપુના નામનો ઉલ્લેખ પણ કરતા હોય છે. પરંતુ એ દંભ કેવળ લોકોની દૃષ્ટિને અસ્વચ્છ રાખવા પુરતો જ આજે પુરવાર થયો છે.

સત્તાધારી પક્ષે એકવાર રામરાજ્યની ઝાલરી બજાવી, બીજી વાર કલ્યાણકારી રાજ્યની શરણાઇ વગાડી અને હવે સમાજવાદી સમાજરચનાનો શંખ ફુંકવા માંડયો છે. મને તો હસવું આવે છે કે સમાજવાદી સમાજ રચનાનો અર્થ પણ જે લોકો સમજતા નથી એ લોકો આજ શંખનાદ ગજાવતા હોય છે! અને સમાજવાદી સમાજરચના છે કયાં? આગેવાનોનાં ભેજામાં છે? જીભ પર છે? કે પગ તળે છે? રાષ્ટ્રમાં નજર કરો... ચારે તરફ આપને અસમાજવાદી સમાજરચનાના નિર્માણ થઇ રહ્યા હોય એવું દેખાશે. મેં અગાઉ કહ્યું તેમ પરાયા આદર્શો પર રાચનારાઓ પોતાના આંગણાને કદી અજવાળી શકતા નથી.

આજે ચોરી, લુંટ, દગલબાજી, સટ્ટાખોરી, જુગાર, અત્યાચાર, સભ્ય વ્યભિચાર, બળાત્કાર, આપઘાત, ખૂન, છેતરપીંડી, સ્વાર્થની જ્વાળા, ધનલાલસા, શોષણખોરી વગેરે અનિષ્ટોને જાણે મેદાન મળ્યું છે. અને છેલ્લા અગિયાર વર્ષોએ તો જાણે આવા લાંછનોને ઇજ્જત બક્ષી હોય એવું લાગ્યા કરે છે. હું તો માત્ર એક જ સવાલ કરૂં છું, કે—જે રાષ્ટ્રની કાયાને આવાં અનિષ્ટો કોરી રહ્યાં હોય, તે રાષ્ટ્ર પર સત્તાની પકડ જમાવી બેઠેલો પક્ષ કયા મોઢે લોકો આગળ વિકાસ, માનવતા અને સમાજવાદી સમાજરચનાની વાતો કરી શકે? એને અધિકાર પણ શું છે? પરંતુ આજ અધિકાર અનધિકાર જેવું રહ્યું નથી. વાણી વિલાસ એ જ આજનો શણગાર બની ચૂકેલ છે. જે કરવું નહીં તે કહેવું અને જે કહેવું તે કરવું નહીં, એ આજની રાજનીતિનો મંત્ર છે.

અને જનતાની દૃષ્ટિ આજ પોતાની યાતનાઓમાં જ ગુંગળાઇ રહી છે. જીવનના કુટુંબના અને ભાવિના અનેક પ્રશ્નો વચ્ચે જનતાનો મોટો ભાગ આજ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરવાનું ધૈર્ય રાખી શકતો નથી.

આજ તો પગ તળે મોતનો અગ્નિકુંડ ધખધખી

રહ્યો છે. એ જોવાની આપણને પડી નથી અને આકાશ વિહારની મસ્તી માણવા માટે આપણે તલસી રહ્યા છીએ.

આવતી પેઢીના સુખની વાહિયાત કલ્પનાના નશામાં પાગલ બનીને આપણે આપણા જ વર્તમાનને ભાંગી ભુક્કો કરી રહ્યા છીએ. ઘરના પ્રશ્નોના ઉકેલ શોધવાની ફુરસદ નથી, બહારના સવાલો પાછળ આપણી બુદ્ધિનો અશ્વ દોડતો હોય છે.

જો આપણા રાષ્ટ્ર પર પક્ષ કે વાદના વિષ ન પથરાયા હોત તો આજે આ કોઇ પ્રશ્નો ઉભા જ ન થયા હોત. જો પક્ષાંધ રાજકારણનો ઝંઝાવાત સર્જવામાં ન આવ્યો હોત તો સંસારમાં એક આદર્શ લોકશાહીનું કે રામરાજ્યનું નિર્માણ કરી શકયા હોત!

આ રીતે આપણું નૈતિક સ્તર ઉત્તરોત્તર નીચે જઇ રહ્યું છે. જીવનધોરણ ઉંચે લાવવાની વાતો કરનારાઓએ: એ વાતનો ખ્યાલ પણ નથી રાખ્યો કે માનવી એ માત્ર જડ પુતળું નથી, માત્ર આર્થિક ચોકઠાનો ગુલામ નથી, માત્ર એક નિર્જીવ યંત્ર નથી. એનામાં હૃદય છે, પ્રાણ છે, તમન્નાઓ છે, આદર્શ છે અને એ બધાને સભાળવા માટે નૈતિક દૃષ્ટિએ જીવન ઉચું લાવવાની આવશ્યકતા છે.

આજ નૈતિક બળ તૂટી રહ્યું છે. છેલ્લા વિશ્વયુદ્ધ કરતાંયે છેલ્લા અગિયાર વર્ષે આપણા રાષ્ટ્રની નૈતિક સંપત્તિ પર જબ્બર પ્રહાર કર્યો છે.

આ આજનું ચિત્ર છે. આ ચિત્ર ક્યારે પલટો પામશે તે કહેવું કઠણ છે.

★

## આગામી અંક ૧૫ મી ને બદલે ૨૦ મી તારીખે પ્રગટ થશે.

★


## પ્રતિષ્ઠા કરવાનો અમૂલ્ય લાભ

વશાખ માસમાં પ્રતિષ્ઠા થશે

સિધ્ધપુર એ આપણું પ્રાચીન શહેર છે. જ્યાં ૨૯ જિનમંદિરો હોવાના પુરાવા મળેલ છે. હાલ ત્યાં વિશાળ બે મોટાં બે માળનાં સુંદર જિનમંદિરો છે, હજારોના ખર્ચે બન્ને જિનમંદિરોનો જીર્ણોધ્ધાર થયો છે. પ્રતિષ્ઠા વૈશાખ મહિનામાં થવા સંભવ છે. પૂ૦ આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ પધારશે.

હવે પ્રતિમાજી નકરાથી આપવાનાં ફક્ત ૧૨ જ રહ્યાં છે.

**મૂળ ગભારામાં રૂા. ૪૦૧ નકરાના ૭ પ્રતિમાજી અને ઉપરના ગભારામાં રૂા. ૩૦૧, નકરાના પાંચ પ્રતિમાજી આપવાના છે.**

પ્રભુજી પધરાવવાની ભાવનાવાળા ભાઇ-બ્હેનોએ વહેલાસર નોંધાવી લેવા વિંનંતિ છે.

તા. ક:- નકરાથી પ્રભુજી બેસાડનાર ભાગ્યશાળીનું નામ ગાદી નીચે લખવામાં આવશે.

**શ્રી જૈન શ્વે૦ મૂ૦ સંઘ C/o દોલતરામ વેણીચંદ ગંજબજાર સિદ્ધપુર**

# અખબારોના પાનેથી. શ્રી ચંદ્ર.

જુદા જુદા અખબારોમાંથી આ વિભાગમાં ટાંચણ કરવામાં આવે છે, એથી તે તે અખબારોના અમે આભારી છીએ. બનતા લગી આ વિભાગ ચાલુ રાખવા વિચાર રાખીએ છીએ. વાંચકોને આ વિભાગ પસંદ છે કે કેમ ? તે જણાવવા નમ્ર વિનંતિ છે.

ભરૂચ જિલ્લાના ભૂદાન કાર્યકરોને સંબોધતા શ્રી વિનોબા ભાવેએ જણાવ્યું હતું કે 'ગઈકાલે મેં એક એવા સમાચાર વાંચ્યાં હતાં કે મધ્યસ્થ અને રાજ્ય સરકારોના કર્મચારીઓની સંખ્યા ૫૫ લાખની છે. આનો અર્થ એ થયો કે દર બસો માણસે આપણે ત્રણ કર્મચારીઓ નિભાવીએ છીએ.' [કર્મચારીઓથી ભારતનો બોજ વધી રહ્યો છે.]

લાઈફ ઇન્સ્યુરન્સ કોરપોરેશનના રોકાણોની તપાસ કરવા નિમાયેલા ચાગલા કમીશન પાછળ ભારત સરકારને રૂા. ૩૭૭૦૧–૦૫ નો ખર્ચ થયો હતો. [આવા તો સરકારને અનેક ખર્ચાઓ ઉઠાવવા પડે છે.]

અમેરિકાએ હમણાં બીજું વિરાટ એટલાસ રોકેટ છોડયું હતું. આંતરખંડીય સ્વયં સંચાલિત એટલાસ શસ્ત્રો છોડવાનો આ ૧૭ મો પ્રયોગ હતો. [અમેરિકા અને રશિયા રોકેટો છોડવામાં હરિફાઈ કરે છે, પણ વિશ્વશાંતિનો ભંગ ન થાય એ ખરૂં જોવાનું છે.]

હાલમાં જે જીલેટ બ્લેડ વેચાય છે તેનું નામ તેના શોધક મી. જીલેટ પરથી પડયું છે. પ્રથમ તે તદ્દન ગરીબ હતો, પણ બ્લેડની શોધ કર્યા પછી તે લાખોપતિ બની ગયો. [આશ્ચર્ય તો એ છે કે તેણે પોતાના જીવનનો અંત પણ તેજ બ્લેડથી આણ્યો હતો. આ પણ એક કરૂણ ઘટના છે.]

ન્યુગીનીના અનેક આદિવાસીઓ હસતાં હસતાં મરી જાય છે. હકિકત એ છે કે આ આદિવાસીઓને એક જાતનો રોગ થાય છે અને તેથી દરદીને હસવું આવે છે, [રોગ માણસને હસાવે છે એ એક નવી હકીકત છે.]

અમેરિકાની સરેરાશ કૌટુંબિક આવક વર્ષે ૨૩૮૦૦ રૂપીઆ છે. આ આવક આગલી સાલ કરતાં ૪ ટકા વધારે હતી. [ભારતના માનવીની સરેરાશ આવક, ખર્ચ કરતાં ઘણી ઓછી છે.]

અમેરિકામાં કેન્સર વિરોધી શક્તિ ધરાવતાં રસાયણો શોધી કાઢવા માટે દર વર્ષે દશ લાખથી વધુ ઉંદરો ઉપર ૪૦,૦૦૦ થી વધુ પદાર્થોની અજમાયેશ કરવામાં આવે છે. [અવનવા અખતરાઓ રોજબરોજ થયા કરે છે તેમાં મૂક પ્રાણીઓને જ શોષાવાનું રહે છે.]

એક કલાકમાં એક અબજ ચૌદ ક્રોડ ૧૬ લાખ કાગળો ટપાલમાં પડે છે. એક કલાકમાં ૫૦ ક્રોડ ચાહના કપ પીવાય છે. એક કલાકમાં ૧૦ ક્રોડ સીગારેટો પીવાય છે. એક કલાકમાં ૩ લાખ ગુન્હા થાય છે. (વૈજ્ઞાનિક યુગમાં આંકડાઓની આ હારમાળા હેરત પમાડે તેવી છે.)

પગાર ખાવો હોય તો જશ ખાવાનો ત્યાગ કરજો અને જશ ખાવો હોય તો પગાર ખાવો બંધ કરજો. તમારા કાર્યથી કદાચ જશ પણ મળી જાય તો તેનો બદલો વધુ ઉત્સાહ ને કાર્યદક્ષતાથી વાળજો. (આ વાકય પગારદાર ભાઈઓ અને સેવાભાવી ભાઈઓએ વિચારવા જેવું છે.)

મોરબી પાસેના વેણાસરના રણમાં મીઠાના અગર છે. તે અગર માટે બે વર્ષ પહેલાં રણમાં કુવો ખોદતાં ૧૫ ફુટ ઉંડે ગેસ અને તેલ મિશ્રિત પાણી નીકળ્યું હોવાનું જાણવા

મળે છે. તે વખતે કુવો બુરાવી દીધો હતો. તે જગ્યાએ તેલ નીકળવાની શકયતા છે, અગર માટે કુવા ખોદાય છે, તેમાં બાર ફુટ ઉંડે અબરખ જેવો થર આવે છે. (આમ ઠેક ઠેકાણે તેલ, ગેસ વગેરે નીકળવાની શકયતા ઉભી થાય છે, એ શકયતા પાર પડે તેની જ ભારત રાહ જુએ છે.)

જ્યોતિષ શાસ્ત્રના અભ્યાસી શ્રી ચંદ્રશેખર ઠક્કર ૧૯૬૦ નું ભાવિ જણાવતાં લખે છે કે, 'અનાજના વેપાર અંગે સરકારની શુભનિષ્ઠા હોવા છતાં તે ઉદ્યોગ અને વ્યાપારમાં મુંઝવણ વધારશે. અનાજના સવાલ અંગે સરકારને ધારી સફળતા નહિ મળે સરકારી કડકનીતિને લીધે દેશમાં સરકારની નીતિ કડક ટીકાને પાત્ર બને' [સરકારની નીતિ પર રોજ ટીકા ટીપ્પણ થયા જ કરે છે. એથી સરકાર પણ ટેવાઇ ગઇ છે.]

વ્યસની માણસો જેઓ દરરોજ ચાહ, કોફી તથા તમાકુનું સેવન કરે છે તેમને હૃદયના સ્નાયુઓ તથા જ્ઞાનતંતુઓ કેફી ચીજના ઉપયોગથી શિથીલ થવાથી હૃદયરોગ થવાનો સંભવ રહે છે. [કેફી પીણાનો આ ભય માણસો પર તોળાઇ રહ્યો છે, પણ કેફી પીણાનો ઉપયોગ દિન-પ્રતિદિન વધતો રહ્યો છે એ માનવની કમનશીબી છે.]

અમેરિકાની શોધ કોલંબસે કરી છે એમ આપણે જાણીએ છીએ પણ તાજેતરમાં લંડનની એક કોલેજનાં અધ્યાપકે શોધ કરી છે કે અમેરિકાની શોધ આશરે પંદરસો વર્ષ પર આયરીશ પ્રવાસીએ કરી હતી. [આમ સંશોધન થતાં ઇતિહાસ પણ ફરતો રહે છે.]

છોટી સાદડી ગામમાં એક માતા પોતાના દોઢ વર્ષના બાળક સાથે કૂવા પર પાણી ભરવા ગયેલ. માતા બાલદી સાફ કરતાં હતાં ત્યાં બાળક આકસ્મિત રીતે ૭૦ ફુટ ઉંડા કુવામાં પડી ગયું માતાને પ્રેરણા થઇ અને ખાલી ડોલ કુવામાં ઉતારી. ડોલ ખાલી જોઇને બાળક તેમાં બેસી ગયું ડોલને ઉપર ખેંચી લીધી. આશ્ચર્ય તો એ હતું કે બાળકને કોઇપણ ઈજા થઈ ન હતી અને બાળક હસતું-રમતું હતું. [વાંચનારને વિચાર થાય કે ૭૦ ફુટ કુવામાં પડેલું બાળક જીવે ખરૂં ? હા. આયુષ્યની બલિહારી છે]

શ્રી સી. ડી. દેશમુખે જણાવ્યું હતું કે 'લાઈબ્રેરીમાંથી વિદ્યાર્થીઓ જે પુસ્તકો લે છે તેમાંનાં ૭૫ ટકા પ્રાંતીય ભાષાના હોય છે અને ૯૦ ટકા નવલકથાઓ હોય છે, આ બાબત બતાવે છે કે વિદ્યાર્થીઓમાં ગંભીર પ્રકારનું વાંચનપ્રમાણ ઘણું ઓછું છે. [વિદ્યાર્થીઓને આ વાંચન કયાં ઘસડી જાય છે એ વિદ્યાર્થીઓના વિચાર, વાણી અને વર્તન પરથી જણાઈ આવે છે. ટીકા નથી, ટકોર છે.]

ભારત ખાતે ગયે વર્ષે ૩૩૬૪૦૦૦૦૦, બ્લેડોનું ઉત્પાદન થયું હતું. [લોકો હાથે હજામત કરતા થયા છે એટલે હજુ વધુ ઉત્પાદનની જરૂર રહેશે.]

પીળી બે આની, અર્ધો પૈસો અને પાઇ ૧ લી જાન્યુઆરીથી ચલણમાંથી બંધ થાય છે, (પણ હજુ નવા અને જુના ચલણની અથડામણ ચાલુ જ રહે છે.)

શ્રી વિનોબા કહે છે કે, 'હિન્દુસ્તાનમાં ગૌરક્ષા હોવી જરૂરી છે. જો ગૌરક્ષા નહિ હોય તો મને કહેવા દો કે અમે અમારી આઝાદી ખોઈ છે.' [જ્યાં સુધી દરેક પ્રાણી માટે 'જીવો અને જીવવા દો' એ શંખનાદ ન ફુંકાય અને દરેક જીવોને અભયદાન ન મળે ત્યાં સુધી

આઝાદી જોખમાયેલી રહેશે.)

જગતભરના ડોકટરોએ એ વાત સાબીત કરી છે કે, ક્ષય, સંધિવા, કેન્સર, સાંધાદર્દો, કોઢ, સ્કર્વી આદિ અનેક પ્રકારના રોગોનું ઉત્પત્તિસ્થાન અધિકાંશે માંસના ખોરાકથી થતું હોય છે, (માંસના ભક્ષણથી દેહ અને આત્માનું બન્નેનું પતન થાય છે, છતાં આપણી આર્યાવર્તની સરકાર એને ઉત્તેજન મળે તે રીતનું પગલું ભરી રહી છે. કોણ સમજાવે ?)

માણસ દુઃખી થાય છે ત્યારે દેવોને નમસ્કાર કરે છે, રોગી થાય ત્યારે તપ કરે છે, નિર્ધન બને છે ત્યારે સૌનો વિનય કરે છે અને શરીર ક્ષીણ થાય છે ત્યારે સદાચારી બને છે. (પરાધીનતામાં આ બધું થતું હોવાથી આત્માને જોઇતો લાભ થતો નથી.)

બીજા વિશ્વયુધ્ધ વખતે જાપાનીઓ મલાયામાં દાખલ થયા ત્યારે તેમણે જવેરાત અને સોનાનાં રૂપમાં લૂંટીને બે લાખ પાંત્રીસ હજાર પાઉન્ડનો ખજાનો એકઠો કરેલો, તે ખજાનો કોઇ અજાણી જગ્યાએ છૂપાયેલો પડયો છે. એથી એની શોધખોળ સિંગાપુરમાં સાહસિક વેપારીઓએ શરૂ કરી છે. (શોધખોળ કરનાર કાંતો માલેતુજાર બને છે અને કાંતો તેની પાયમાલી બને છે.)

ઈરાનમાં એક વિખ્યાત અત્તરવાળાનું નાક અજબ શક્તિઓ ધરાવે છે, તેણે પોતાના નાકનો રૂા. ૩૫૦૦૦૦ નો વિમો ઉતરાવ્યો હતો, કોઇએ પૂછયુ કે ભાઈ જીંદગીનો નહિ અને નાકનો વિમો શા માટે ઉતરાવ્યો ? જવાબ મળ્યો કે, મારે મન તો મારૂં નાક એજ મારી જીંદગી છે.

એક વખતે કનૈયાલાલ મુન્સીએ જણાવ્યું હતું કે, આજની કોલેજમાં ભણતા યુવક-યુવતિઓને ઇશ્વરમાં શ્રધ્ધા રહી નથી. એની પ્રતીતિ અમારી ભારતીય વિદ્યાભવનની કોલેજોમાંના ૧૫૦૦ જેટલા યુવક-યુવતીઓમાંથી સવારે દરરોજ પ્રાર્થના કરવા ૨૦ મીનીટ પણ હાજર રહેવાની માત્ર ૧૫ થી ૨૦ વિદ્યાર્થીઓ તકલીફ ઉઠાવે છે. [આ ફરીયાદ ઘર-ઘરથી ઉઠી છે પણ તેના ઉપાયો માટે કોઇ કંઇ કરતું નથી.]

ભારત સરકારના ઉદ્યોગ પ્રધાન શ્રી મનુભાઈ શાહે એક વખતે જણાવ્યું છે કે, 'આજે સામાન્ય લોકોનું જીવન ધોરણ ઉંચું ગયું છે. હું જ્યારે ભણતો હતો ત્યારે એક પાટલુન શીવડાવવા મારે એક આખોય દિવસ મારા પિતા પાસે રડવું પડેલું. જ્યારે મેં કાલે કોલેજમાં જોયું તો સૌએ પાટલુન પહેરેલા હતાં અને ઇન્ડીપેનો રાખેલી હતી.' (આજે જીવનધોરણ ખુબજ ઉંચુ ગયું અને હજુ જતું જાય છે, અને એમાં આજની સામાન્ય જનતા ભીંસાતી જાય છે.)

ત્રીજી પંચવર્ષીય યોજનાની સફળતા માટે દેશમાં તમામ તત્ત્વોના સક્રિય સહકારની જરૂર છે, એવું શ્રી નહેરૂ વ્યાજબી રીતે જણાવે છે અને આ માટે તેમણે તમામ રાજકીય પક્ષો અને જુદા જુદા અભિપ્રાયોને યોજના ઘડતી વખતે વિશ્વાસમાં લેવાનું જણાવ્યું છે. [પંચવર્ષીય યોજનાના ભારથી લોકો હવે વાંકા વળી ગયા છે ત્યાં ત્રીજી પંચવર્ષીય યોજનાની વાતો વહેતી થાય છે, પ્રજાનો કેટલો અને કેવો સાથ-સહકાર મળે છે તે તો વખતે ખબર પડશે.]

ભોપાલ ખાતે ભારત સરકારની આયાત નીતિને કારણે હાલમાં એકસરે માટેની પ્લેટોની અછત વર્તાતી હોવાથી હોસ્પીટલમાં સ્ત્રી-પુરૂષો

તથા બાળકોને એકસરેની સગવડ મળતી નથી પણ એક કુતરાનો એકસરે ફોટો લેવાયો હતો. (આ કુતરો કોનો ? પ્રધાન સાહેબનો.)

જાપાનમાં ગર્ભપાતને કાયદેસર ઠરાવતો ધારો થયા પછી ગર્ભપાતની સંખ્યા ૧૯૫૩ પછી દર વરસે દસ લાખથી વધારે છે. (ગર્ભ-પાત એ મહાન કલંક છે એ કલંકને કાયદેસર ઠરાવવો એ સામાજિક ગુન્હો છે.)

વસતી પરનો અંકુશ આ દેશનો એક કસોટીનો પ્રશ્ન બન્યો છે. અને જાપાનની જેમ આપણા દેશમાં પણ ગર્ભપાતને કાયદેસર બનાવવો જોઇએ. (આ આપણા આર્યાવર્તના તબીબી પરિષદના પ્રમુખ ડૉ. કરૂણાકરણના શબ્દો છે, જે દેશમાં ગર્ભપાત એ ગુન્હો ગણાય છે તે જ દેશમાં ગુન્હાને કાયદેસર ઠરાવવાની હિમાયત થાય છે. અવળી ગંગા આનું નામ !)

ચોથા બાળક પછી જન્મ પર વેરો નાંખવાથી વસતી વધતી અટકાવી શકાશે. (વેરો ભરીને લોકો થાકી ગયા છે એટલે સંયમ પાળવાનું વાતાવરણ ઉભું કરવામાં આવે એ જ એનો ખરો ઉપાય છે.]

ભારતના સ્વાસ્થ્ય ખાતાના પ્રધાન શ્રી કરમારકરે તબીબોને સલાહ આપી હતી કે, રોગના ઈલાજ કરવા પર ધ્યાન આપવાને બદલે રોગને રોકવા પાછળ પોતાનું ધ્યાન કેંદ્રિત કરવું જરૂરી છે. [આ સલાહ માનવામાં આવે તો ઘણા ડોકટરોને બીજો ધંધો હાથ ધરવો પડે.]

બીડી, ચાહ, પાન, ભજીયા, ખમણ–ઢોકળાં ઉડાડનારા નગ્ન સ્ત્રીઓના પાના હાથમાં લઇ છોકરાઓને સાથે લઈ રમનારા અને વચમાં હલકા પ્રકારની મશ્કરી–મજાક કરનારા આ યુગના આપણા માસ્તરો, છોકરાઓને પર્યટનોમાં જ્ઞાન-સંસ્કાર શિસ્ત શીખવવાને બદલે તેમને અસંસ્કારી ઉચ્છૃંખલ અને નકામાં બનાવે છે, આવાં પર્યટનો લાભ કરે છે કે શાપ રૂપ છે તેનો નિર્ણય કોણ કરે ? [તેનો નિર્ણય આપણે જ કરવાનો છે.]

સંરક્ષણ ખાતાએ ૧ લી એપ્રીલથી ૩૦ મી સપ્ટેમ્બર વચ્ચે રૂા. ૫૫ લાખની બચત-કરકસર કરી છે. [સરકાર પોતે ધારે તો આવી રીતે ઘણાં ખાતાઓમાં બચત કરી શકે એમ છે.]

બીજા વિશ્વયુધ્ધ વખતે અમેરિકાએ પહેલ–વહેલો જાપાનના હીરોશીમા શહેર પર અણુ-બોમ્બ નાંખ્યો તેમાં જે તારાજી થઇ તેના આંકડા તાજેતરમાં આ મુજબ બહાર પડયા છે. બે લાખ ચાલીસ હજાર માણસો જાનથી માર્યા ગયા. એક લાખથી વધારે મનુષ્યો ઘાયલ થયા. સીત્તેર હજાર મનુષ્યો સામાન્ય ઘાયલ થયા. અને સાત હજાર મનુષ્યોનો પત્તોજ લાગ્યો નહિ [આ છે અણુબોમ્બ વિજ્ઞાનનું પરિણામ. આજે શોધાયેલ અણુબોમ્બ તો આના કરતાં પણ અનેક ગુણો સંહારક છે ]

દિલ્હી અને મુંબઇમાં કરોડોના ખર્ચે મોટા પાયા ઉપર યાંત્રિક કતલખાનાઓ ઉભાં કરવા માટેની પૂર્વ તૈયારીઓ થઇ ગઇ છે, અને થોડા વર્ષો બાદ પ્રત્યેક મોટા શહેરમાં નાના–મોટા પાયા ઉપર યાંત્રિક કતલખાનાઓની પરંપરા ચાલ્યા વિના રહેનાર નથી [કતલખાનામાં હિંસાની ઘોર ખોદાઇ રહી છે. હિંસાનાં પરિણામો માનવજાત ભોગવી રહેલ છે. અને હજુ વધુ ભોગવવા તૈયાર રહેવું પડશે.]

'કલ્યાણ' માસિક, વાર્ષિક લવાજમ રૂા. ૫–૫૦

# હિંસાનો દારૂણ વિપાક

## સં૦ સંઘવી ભવાનભાઈ પ્રાગજી માટુંગા

[ઓકટોબર ૧૯૫૮ અંકથી ચાલુ]

શ્રી સીમધંર અણગારને રાજા જિતશત્રુ પોતાને હાથે (મૃગધ્વજકુમારને) શિષ્યભિક્ષા આપે છે, એટલે શ્રી મૃગધ્વજ દીક્ષા અંગીકાર કરી સાધુ થયા.

મૃગધ્વજ વિષેની વાતચિતમાં આસકત ચિત્તવાલા, રાજા કામદેવ, અને નગરજનો નગરમાં પાછા આવ્યા, અમાત્ય પણ સાધુઓને વંદન કરીને ભદ્રકની પાસે ગયો, અને તેને (ભદ્રકને) ઘણી જ પ્રેમ ભરી રીતે સમજાવે છે.

ભદ્રક! રાજાએ તને અભય આપતાં તું ભદ્રકપણે-સરળતાથી નિશ્ચિંતપણે તારી ઇચ્છા મુજબ સર્વત્ર ફરતો હતો. હવે તું તારા દિલમાં જે કાંઇ ક્રોધ કે વેર-ઝેર હોય તેને દૂર કર, પણ જો તું રૂદ્રભાવથી જીવીશ તો અહિંથી મૃત્યુ પામીને નરક-તિર્યંચના ભવ ફેરામાં પડીને વિવિધ પ્રકારના દુઃખો પામીશ. સર્વજીવના દુષ્કૃત અને સુકૃતના વિપાકમાં પોતે કરેલા કર્મના અનુભાવથી દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અથવા ભાવ, પૃથક્ પૃથક રીતે હેતુ બને છે.

અરિહંત ભગવંતો ઉપશમની પ્રશંસા કરે છે, માટે તું જો નરક-તિર્યંચ ગતિને દૂર કરવા ઇચ્છતો હો તો કુમારને ક્ષમા કર અને ક્રોધનો ત્યાગ કરીને શરદઋતુના જળ જેવો પ્રસન્ન હૃદય વાળો થા.'

એટલે તે અમાત્યનો સદ્બોધ સાંભળીને અશ્રુપૂર્ણ હૃદય વાળા ભદ્રકે અમાત્યને મસ્તક નમાવી પ્રણામ કર્યાં.

આ ઉપશાન્ત થયો છે એમ જાણીને અમાત્યે કહ્યું. ભદ્રક! પંડિતમરણ મર. તું તેથી સદ્દગતિમાં જઇશ. બાલમરણ-અજ્ઞાન મરણથી મરેલા કલુષિત જીવો દુઃખથી ભરેલા સંસારમાં ભ્રમણ કરે છે. આવી સ્થિતિમાં રહેલા તને હવે જીવવાનું મુશ્કેલ છે. એટલે કે ભાઇ! હવે તું જીવનની આશા છોડી દે અને આ શરીર અને આહારનો ત્યાગ કર.'

એટલે ભદ્રકે માથું હલાવીને પોતાની ત્યાગેચ્છા દર્શાવી પછી અમાત્યે એવી સ્થિતિમાં રહેલા એવા એ ભદ્રકને અહિંસા, સત્ય, અચૌર્ય અને બ્રહ્મચર્યનાં વ્રતો આપ્યાં તે તેણે ભાવથી સ્વીકાર્યાં. પછી આહારનો ત્યાગ કરીને, અમાત્યે કહેલાં અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વે સાધુના નમસ્કારનાં પદો (નવકાર મંત્ર) સંભળાવ્યા, તેનું શુધ્ધ ચિત્ત 'ભદ્રક ચિન્તવન કરવા લાગ્યો.

'વત્સ! 'ધીર થજે' એમ કહીને અમાત્ય નગરમાં ગયો. અહીં કામદેવના પરિજનો ભદ્રક માટે ઘાસ અને પાણી લઈને આવ્યા, પણ ભદ્રકે તે તરફ ધ્યાન જ ન આપ્યું, અને તેના પગનો ઘા ધોઇને તેને કષાયજલથી સીંચવા માંડયો તેને પણ તેમ નહીં કરવા દેતાં પગને ખસેડી લઇને માથું ધુણાવ્યું. એટલે એ સમજી ગયા કે:-

'ભદ્રકે અનશન કર્યું છે, એમ જાણીને પુષ્પ-ગંધથી તેની પૂજા કરીને શેઠના માણસો ગયા અને થોકબંધ નગરજનો આવી તેની પૂજા કરવા લાગ્યા અને પ્રશંસા કરવા લાગ્યા.

શેઠ દરરોજ ભદ્રકની પાસે આવીને અનિત્ય ભાવના, અશરણ ભાવના, તથા ઇક્ષ્વાકુઓમાં

શ્રેષ્ઠ બાહુબલિ સ્વામી તથા અન્ય અણગારોના ચરિત્ર વર્ણવતા વૈરાગ્ય માર્ગ પર આવી પહોંચેલો ભદ્રક મહિષ અઢારમે દિવસે કાળધર્મ પામ્યો.

મૃગધ્વજ અણુગાર પણ લાગટ છઠ-છઠની તપશ્ચર્યાથી પોતાની જાત માટે પારણાને સમયે સાતમી પિંડૈષણાથી ભાત-પાણી મેળવીને ઉજ્જિત ધર્મા (ફેંકી દેવા લાયક, કોઈને ઉપયોગમાં પણ ન આવે એવી) ભિક્ષા લેતા. જેમની લેશ્યા વિશુધ્ધ થઇ છે એવા તેઓ શ્રતજ્ઞાનાવરણીયના ક્ષયોપશમથી શ્રુતધર થયા.

રાત્રિકાળે કાયાને વોસરાવીને પ્રતિમામાં રહેતા. ત્રણ પ્રકારના ઉપસર્ગને સહન કરતા પ્રશસ્ત ધ્યાનવાળા તથા વૃધ્ધિ પામતી શ્રધ્ધાવાળા બાવીસમે દિવસે શુકલધ્યાનની બીજી ભૂમિકા ઓળંગી ગયેલા તથા ધ્યાનાન્તરમાં (બીજા ધ્યાનની પરમ કક્ષામાં) રહેલા અને અપૂર્વકરણમાં પ્રવેશેલા વૈડુર્યમણિની જેમ તેજના અપ્રતિહત સમુહવાળા, વિશુધ્ધ વૃધ્ધિ પામેલા પરિણામ વાળા, જેમના મોહનીય, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય તથા અંતરાયકર્મ ક્ષીણ થયા છે એવા તેઓ કેવલી થયા.

તેઓશ્રીના કેવળજ્ઞાનની ઉત્પત્તિથી હર્ષિત થયેલા યથાસંનિહિત દેવો ત્યાં આવ્યા અને ગગનમાં દુંદુભિનાદ થવા લાગ્યા અને ભૂતવાદિતો પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા. ઋષિવાદિતો હર્ષ પામ્યા. મેઘકુમારે ગંધોદકની વૃષ્ટિ કરી. ગંધર્વોએ મનોહર ગાન કર્યા.

એ પ્રમાણે મૃગધ્વજ મહર્ષિનો દેવોએ કરેલો આ મહિમા સાંભળીને જિતશત્રુ રાજા નગરજનોની સાથે વંદન કરવા પુલકિત ભાવે પગે ચાલીને (વાહનનો ત્યાગ કરીને) મૃગધ્વજ પાસે આવ્યો અને એ કેવલીને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક વંદન કરીને દેવપર્ષદાની સમીપમાં નગરજનો સહિત પોતે બેઠો.

દેવ, મનુષ્ય અને અસુરની તે પર્ષદાની મધ્યમાં બેઠેલા એ ભગવાન કેવલી મનોહર સ્વરે ઉપદેશના વચનો શાન્ત રીતે કહેવા લાગ્યા કે- જીવો બે પ્રકારના છે, મુક્ત અને સંસારી. જે મુક્ત છે તે શાશ્વત ભાવમાં રહેલા છે, સંસારી જીવો દ્રવ્યાદેશથી નિત્ય છે, ભાવાદેશ-પર્યાયથી અનિત્ય છે. અવિરતિને લીધે પોતે કરેલા શુભાશુભ કર્મના પ્રાપ્ત થયેલા વિપાકને ભોગવતા, મિથ્યાત્વથી અવરાયેલા, તથા કલુષિત મન, વચન અને કાયાવાળા તેઓ પાપકર્મ ઉપાર્જન કરીને સંસારમાં ભમે છે. આવા જીવોને ધર્મનું સત્ય ત્વરાથી સમજાતું નથી. જેથી સંસારમાં રહી પોતાને કયું સુકૃત કરવાનું છે, તે તેઓ સમજતા નથી. જેથી કર્મને હળવા બનાવવા અને જિનેશ્વર ભગવાને ઉપદેશેલા સૂત્ર તથા અર્થનો અભ્યાસ કરી શકતા નથી. જેથી આસ્રવનું નિવારણ કરી પૂર્વ સંચિત કર્મમળને દૂર કરી શકતા નથી. પરંતુ અમાત્યના ઉપદેશથી મારો પરમ ઉધ્ધાર થયો. એ રીતે જો સદ્‌ગુરુ તથા ગુરુજનોના વચનોમાં શ્રધ્ધા રાખે તો જરૂર ગમે તેવા ચીકણા મળને પણ તપરૂપી પાણીથી ધોઈને નિર્વાણની સમીપે જઈ શકે છે, છતાં કંઈક કર્મ બાકી રહી ગયું હોય તો પરિમિત મનુષ્યભવ અને દેવભવના ભાગી થઈને ટુંક સમયમાં જ સિદ્ધિ ગતિને પામે છે.

કથાન્તરમાં રાજા કેવલી ભગવાનને પૂછવા લાગ્યો કેઃ-

'ભગવાન! આપને અવિદિત હોય એવું હવે કાંઈપણ રહ્યું નથી. કૃપા કરીને કહેશો કે, તે

અવસ્થામાં કાળ કરીને ભદ્રક મહિષ કયાં ગયો ?

એટલે કેવલી બોલ્યા, અત્યંત તિવ્ર રોષ ઉત્પન્ન થયેલો હોવા છતાં અમાત્યે જે જિનોપદેશનાં શીતળ ચંદન જેવા અને શરદ ઋતુના શીતલ સમીર જેવા વચનો વડે તેને બોધ કર્યો તે ગ્રહણ કરીને ભદ્રક મહિષ ઉપશાન્ત થઈને અનશન કરીને અરિહંત નમસ્કારમાં લીન થઈને પ્રાણત્યાગ કરી અને તે જીવ અસુરરાજ ચમરનાં મહિષ સૈન્યનો અધિપતિ લોહિતાક્ષ દેવ થયો છે.

જે મારી જ્ઞાનોત્પત્તિથી હર્ષિત થઈને વંદન કરવા આવેલા દેવ માંહેનો તે લોહિતાક્ષ આ રહ્યો. એમ કહીને ભગવાને તેને દેખાડયો એટલે તુરત જ વિનયપૂર્વક ઉભા થઈને પ્રણામ કરીને લોહિતાક્ષ દેવ કહે છે કે, 'રાજન! તે મહિષ હું પોતે આ રહ્યો. કેવળી ભગવંતને નમસ્કાર કરીને તે કહે છે કે "શિક્ષા પામેલા એવા મારા માટે અમાત્યનો ઉપદેશ રસાયણ સમાન થયો છે; હું તિર્યંચની દુર્ગતિથી છુટયો છું અને આપના દર્શન માટે આવ્યો છું."

કેવળી ભગવાનનું કહેવું સાંભળીને ફરીવાર તેમને રાજાએ પૂછયુંઃ 'ભગવન્! નિરપરાધી એવા તેના ઉપર આપે તલવારનો ઘા કર્યો તો શું એનો અને આપનો કંઇ જન્માન્તરનો વેરાનુબંધ હતો ?' એટલે જેમને એ વસ્તુ સુદૃષ્ટ છે એવા શ્રી કેવલી ભગવાન મૃગધ્વજ અને ભદ્રકનો પૂર્વ ભવ કહે છે. [ચાલુ]

★

## ચમત્કારી કૂતરો

માનવસમાજ માટે ઉપયોગી પશુ કુતરો કહેવાય છે. આમ તો કુતરાના અનેક પ્રકારના ચમત્કારોનો ઉલ્લેખ પુસ્તકોમાં મળે છે, અને અત્યારે પણ છુપી પોલીસનું કામ કુતરાઓ કરી રહ્યા છે. પણ કોઈ કુતરો બરાબર મનુષ્ય જેવી ભાષામાં રામ રામ બોલતો હોય એમ કોઇએ સાંભળ્યું નથી પણ મનુષ્યની ભાષામાં રામ રામ બોલી બન્ને હાથ જોડીને નમસ્કાર કરનાર આશ્ચર્યજનક કુતરો મુંબઇમાં મોજુદ છે અને જે ભાઇની ઈચ્છા હોય તે તેના ચમત્કારો પ્રત્યક્ષ જોઇ શકે છે. ગઈ કાલે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરનાર કળાકાર પદ્મશ્રી નર્ગિસને ત્યાં ભૈરવ નામક આ કુતરાએ પોતાના ચમત્કાર બતાવ્યા હતાં. દાખલા તરીકે અનેક માણસોના રિસ્ટ વોચ એક રૂમાલમાં બાંધીને અમુક જગ્યાએ મુકી દીધા પછી આ કુતરાએ દરેક રીસ્ટ વોચ શોધી, તેના માલેકને સુપરત કરી હતી. હજાર માણસોમાંથી અમુક માણસને ગોતી લાવવા ઉપરાંત કયો માણસ મોટરમાં અને કોણ પગે ચાલીને આવ્યો અને કયો માણસ ઘરનો સભ્ય છે તથા કયા મહેમાનો છે અને કોણ અજાણ્યા છે આ બધું કુતરાએ સાચોસાચ બતાવી આપ્યું હતું. કુતરાએ કરેલા રામનામના શુધ્ધ ઉચ્ચારણથી હાજર રહેલા લોકો આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા હતાં. આ કુતરો એક સંન્યાસી પાસે છે. જેમનું નામ બંગાલી નાથ છે. તેઓ દાંડા પોસ્ટ ખાર પાસે રહે છે. —જનશક્તિ

# "જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા"

સં૦ શ્રી કિરણ

## શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન

[શ્રી જૈન સાહિત્ય સભા-મુંબઇ તરફથી શ્રી કિરણનું "શ્રી નમસ્કાર મહામંત્રનું વિજ્ઞાન" એ નામનું પુસ્તક પ્રસિદ્ધ થઇ રહ્યું છે.

આ પુસ્તકમાંથી "પ્રવેશ" અને "પ્રથમ પત્ર" ગયા અંકમાં પ્રગટ થયા હતાં. મિત્રો સાથે જ્યારે આ લેખન વાંચ્યું ત્યારે થયેલી અંગત ચર્ચા કોઇ સહૃદય વાંચકને ઉપયોગી થાય એ આશાએ અહિં રજુ કરી છે.]

### પ્રશ્નોત્તરી

પ્ર૦ દ્રવ્યાનુયોગ Pure science એટલે શું ?

ઉ૦ નિસર્ગના સત્યો દ્રવ્યાનુયોગમાં ભર્યાં છે.

દ્રવ્યો કેટલાં છે ?
દ્રવ્યો કેવાં છે ?
દ્રવ્યો એટલે શું ?

અનુયોગોનો અવશ્ય ઉપયોગ પડશે.

દ્રવ્યાનુયોગ આત્મ દ્રવ્ય અને પુદ્ગલ દ્રવ્યના સ્વરૂપને સમજાવે છે; તેમના સંબંધને સમજાવે છે, એક બીજા ઉપરની અસરો સમજાવે છે.

What it the nature of soul? આત્મદ્રવ્યનું સ્વરૂપ કેવું છે ?

What are the functions of धर्म द्रव्य, अधर्म द्रव्य ? ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના કાર્ય શું છે !

What is matter ? પુદ્ગલ શું છે !
What is space ? આકાશ શું છે ?
What ih time ? કાલ શું છે ?

દ્રવ્યાનુયોગની સમજણ આત્મશુદ્ધિના માર્ગ ઉપર પ્રકાશ પાથરે છે.

આત્મતત્વના અશુદ્ધ સ્વરૂપને જાણીને, તેના શુદ્ધ સ્વરૂપને સમજીને, આત્માને કર્મમળોથી મુક્ત કરવાનું કાર્ય સરલ બને છે. તેથી આત્માર્થીએ સ્વ અને પર ઉપકાર માટે દ્રવ્યાનુયોગનો વિચાર અવશ્ય કરવો જોઇએ.

પ્ર૦ દ્રવ્યાનુયોગ તો નિરર્થક લાગે છે, મહત્વ માત્ર ચરણ-કરણાનુયોગનું છે.

ઉ૦ ના ! ચારેય અનુયોગ એક સરખા પોત-પોતાની રીતે ઉપયોગી છે. દ્રવ્યાનુયોગ વિનાનો ચરણ-કરણાનુયોગ સાર રહિત છે.

પૂજ્ય ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજે કહ્યું છે, કે–

"વિના દ્રવ્ય અનુયોગ વિચાર,

ચરણ-કરણનો નહી કો સાર";
સમ્મતિ ગ્રંથે ભાખ્યું ઇસ્યૂં,
તે તો બુધજન મનમાં વસ્યૂં.
[ દ્રવ્ય-ગુણ-પર્યાયનો રાસ ]

દ્રવ્યાનુયોગ વિચાર રહિત ચરણ સિત્તરી અને કરણ સિત્તરીમાં શું સાર છે?

પૂજ્ય શ્રી સિધ્ધસેન દિવાકરજી મહારાજાએ ફરમાવેલું આ સૂક્ષ્મ સત્ય ભવ્ય આત્માઓના હૃદયમાં વસ્યું છે.

**પ્ર૦** દ્રવ્યાનુયોગનું આટલું મહત્ત્વ શાથી છે? તે સમજાતું નથી.

**ઉ૦** આત્માનું શુધ્ધ સ્વરૂપ કેવું છે તે સમજ્યા વિના કર્મો શું છે? તે કઇ રીતે આત્મગુણોને આવરે છે? તે જાણ્યા વિના સાચો ચરણ-કરણાનુયોગ જીવનમાં કેમ ઉતરશે?

**પ્ર૦** દ્રવ્યાનુયોગ જાણવો ખૂબ જ કપરો લાગે છે.

**ઉ૦** આત્મા જો સાચી જિજ્ઞાસા વડે પ્રયત્ન કરશે, તો સહજપણે પોતાનું વૈભાવિક તથા સ્વાભાવિક સ્વરૂપ Impure & Pure nature of self જાણી શકશે.

મહત્ત્વ મુમુક્ષુભાવનું છે, મહત્ત્વ સાચી જિજ્ઞાસાનું છે.

**પ્ર૦** શું દ્રવ્યાનુયોગ માત્ર આત્મ સ્વરૂપ સંબંધી છે?

**ઉ૦** દ્રવ્યાનુયોગમાં સર્વ દ્રવ્યોની હકિકત છે, ષડ્ દ્રવ્ય સંબંધિ વિચારણા છે.

દ્રવ્યાનુયોગ ચૌદ પૂર્વમાં ઠાંસી ઠાંસીને ભર્યો છે.

આજે અર્વાચીન વિજ્ઞાન પોતાના જે સંશોધનો બહાર પાડે છે તે અણુ અને વિશ્વ Atom & cosmos ના રહસ્યોનો અંશ માત્ર પણ નથી. આજના વૈજ્ઞાનિકો જાણતા નથી કે અણુના ગર્ભમાં શું છે?

**પ્ર૦** શું વિશ્વથી પરે પણ કંઇ છે?

**ઉ૦** Inside atom & beyond cosmos ની આ ચર્ચા આપણે કયારેક કરીશું. અહિં કહેવાનો હેતુ એ છે કે અણુ અને વિશ્વ Atom & cosmos ના રહસ્યોને ઝાંખા પાડે એવી સૂક્ષ્મ વિચારણાઓ વિચારકને શ્રી નમસ્કાર મહામંત્રમાંથી પ્રાપ્ત થશે.

શ્રી નમસ્કારને કોઇ સાદો નમસ્કાર માત્ર ન સમજે. ઉંચા પ્રકારનો આ મહાયોગ છે.

શ્રી નવકારને કોઇ સામાન્ય મંત્ર માત્ર ન સમજે, સર્વ શ્રેષ્ઠ મહામંત્ર છે. (ક્રમશઃ)

# કથાનુયોગનું મહત્ત્વ

....કથાઓ માત્ર મનોરંજન માટે નથી. કથાઓમાં સત્યનાં રહસ્યો વણાયેલાં છે.

દ્રવ્યાનુયોગ સજીવ બને છે, કથાનુયોગ દ્વારા. કયારેક જે સૂક્ષ્મ સિધ્ધાંતો સમજાવા કપરા હોય છે, તે કથાનુયોગ દ્વારા સરળ બને છે.

આ કથાનુયોગ કાલ્પનિક વાર્તાઓ નથી. અહિં મહાપુરૂષોના જીવનચરિત્રો છે.

મહાપુરૂષો "મહાન" કઇ રીતે બન્યા? કઈ રીતે "મહાન" બની શકાય? સાચું "મહાનપણું" કેવું છે! આત્મવિકાસનો માર્ગ કેટલો કપરો છે? કર્મની વિડંબના કેવી હોય! કર્મનો સામનો કઇ રીતે થાય? પતનનો માર્ગ કયાં લઈ જાય? દુષ્કર્મના ફળ કેવાં ઉગે! ધર્મ

કઇ રીતે સહાય કરે? ધર્મ કયાં લઇ જાય? કથાનુયોગના ચિત્રો સરલપણે આ બધું દર્શાવે છે.

સત્પુરૂષોના જીવન ચરિત્રોમાં જે રસ રહ્યો છે, જે મોહકતા ભરી છે, એવો રસ, એટલી મોહકતા "અરેબિયન નાઇટસ" ની કથાઓમાં પણ કયાં છે?

કથાનુયોગ દ્વારા પ્રકાશિત થયેલા નૈતિક અને બૌધ્ધિક સત્યો અન્ય અસંખ્ય માનવીઓને ધર્મના માર્ગે ચાલવાની પ્રેરણા અને ઉત્સાહ આપે છે.

ભલે આ મહાપુરૂષોને થઇ ગયે કેટલાય વર્ષો વીત્યા હોય, પરંતુ તેમના ચરિત્રનું શ્રવણ આજેય આપણને દિવ્ય પ્રકાશ આપે છે અને શ્રવણ દ્વારા પ્રાપ્ત થતા પ્રકાશને પંથે પગલા મૂકીને આપણે આત્મવિકાસનું કપરૂં ચઢાણ ચડી શકીએ છીએ.

★

## યોગ્યતા

अधिकारिवशाच्छास्त्रे

धर्म-साधन-संस्थितिः ।

व्याधिप्रतिक्रियातुल्या,

विज्ञेया गुण-दोषयोः ॥

–પૂજ્ય શ્રી હરિભદ્રસૂરિજી મ૦

અધિકારીને યોગ્ય ઔષધ ગુણ કરે છે અને અનધિકારીને દોષ કરે છે, તેમ શાસ્ત્રોમાં ધર્મસાધનોની પણ વ્યવસ્થા અધિકારી પરત્વે બતાવેલી છે. તે તે ધર્મસાધનાના અધિકારીને તે તે સાધના ગુણ કરે છે અને અનધિકારીને દોષ કરે છે.

આપણી ભૂમિકાને યોગ્ય ધર્મસાધના આપણામાં તે તે ગુણની સિધ્ધિ કરીને આપણી યોગ્યતામાં વધારો કરે છે અને આ રીતે વિશેષ ધર્મને માટે આપણે યોગ્ય બનીએ છીએ.

જ્યારે પોતાની યોગ્યતાનો વિચાર કર્યા વિના કોઇ પણ સાધના કરવામાં આવે છે, ત્યારે ગુણ થતો નથી, કયારેક દોષ થાય છે.

માર્ગાનુસારિતાના ગુણો કેળવ્યા વિના પ્રાણાયામ અને ધ્યાનના પ્રયોગો કરવાથી કે વ્યવહાર ધર્મની ઉપેક્ષા કરીને માત્ર નિશ્ચયનયની વાતો કરવાથી આપણને પોતાને હાનિ થાય છે.

વિશેષ વિશેષ ધર્મ માટે પણ યોગ્યતા કેળવવી પડશે. પોતાની યોગ્યતા અનુસારની ધર્મસાધના માત્ર વાતો નહિ આપણામાં ગુણની વૃધ્ધિ કરશે.

## મુખ્ય પ્રશ્ન

મારે એ જાણવું નથી કે અમુક માણસ શ્રીમંત છે? તેના કેટલા બંગલા છે? તેની પાસે કેટલી મોટરો છે? તે કેવી સરકારી લાગવગ ધરાવે છે?

મારે એ જાણવું નથી કે અમુક માણસ કેટલા શોખથી રહે છે? કેટલા ધંધા ચલાવે છે! કેટલી ટાપટીપ કરે છે!

મારો મુખ્ય પ્રશ્ન આ છેઃ– તેનામાં મનુષ્યત્વ છે? તે માનવતાના ગુણો જીવે છે? આત્માનું સત્ત્વ તેણે ઓળખ્યું છે? ઓળખવા મથે છે? પવિત્ર જીવન તે જીવે છે? જીવવા પ્રયત્ન કરે છે?

મારો મુખ્ય પ્રશ્ન આ છે. આપણે જીવન

# સમાચાર સાર

**જરૂરી સૂચના:** અવનવા સમાચારો ખુબ જ મુદ્દાસર અને ટૂંકા હોવા જોઇએ અને કાગળની એક જ બાજુ સારા અક્ષરે લખીને સમાચારો મોકલવા.

**લાભ લેવાની તક:** ભાયખલા ખાતે શ્રી વીશા ઓશવાલનું નવું જૈન મંદિર તૈયાર થયું છે, તેની પ્રતિષ્ઠા વૈશાખ મહિને થવા સંભવ છે. દહેરાસરના અંદરના ભાગમાં ૨૮ પટો મૂકવાના છે. એક પટના રૂા. ૨૦૧. રાખવામાં આવેલ છે, લાભ લેવા ઇચ્છનાર ભાઈ–બ્હેનોએ શાહ દેસર રાણા ઠે, છેડા નિવાસ જીવદયા લેન ઘાટકોપર એ સીરનામે લખવું યા મળવું.

**પ્રાચીન પ્રતિમાઓ:** શિરોહીથી બાર માઇલ દૂર અણોદર ગામના સુથારના ઘરના આંગણામાં પાયો ખોદતાં સંપ્રતિ મહારાજાના વખતના સાત જિનપ્રતિમાઓ નિકળ્યાં હતા. ૨ ફુટ ઊંડો અને ૩ ફુટ પહોળો પાયો ખોદતાં લાઈનસર સાત પ્રતિમાજીઓ મળી આવ્યાં હતાં. આ વાતની જાણ થતાં ચોમેરથી સેંકડો માણસો દર્શનાર્થે આવેલ. ગામમાં ચાર જૈનોનાં ઘર છે તેમ જ દહેરાસર પણ છે. વાજતે-ગાજતે દહેરાસરમાં પધરાવ્યાં હતાં. શિરોહી ખાતે ચોમાસું બિરાજતા પૂ૦ આચાર્ય શ્રી રામસૂરિજી મહારાજ પણ ચોમાસું પુરૂં થયા બાદ ત્યાં પધાર્યા હતા અને સંઘે નવા પ્રતિમાજીની પ્રતિષ્ઠા માટે વિનંતિ કરી હતી.

**જન્મ મહોત્સવ:** ભદ્રાવતી (ભાંદક) તીર્થમાં શ્રી પાર્શ્વનાથ ભ૦ જન્મ કલ્યાણક દિન ભારે ધામધુમથી ઉજવાયો હતો. સેંકડો ભાઇ–બ્હેનો મહોત્સવ ઉપર પધાર્યા હતા. પૂજા, આંગી, રોશની સાધર્મિવાત્સલ્ય વગેરે સારા પ્રમાણમાં થયું હતું. ત્રણ દિવસનો કાર્યક્રમ ગોઠવાયો હતો.

**સ્મારક ગ્રંથ:** બે વર્ષ પહેલાં મુંબઇ લાલબાગ ખાતે શ્રી મોહનલાલજી મ૦ નો અર્ધ શતાબ્દી મહોત્સવ ઉજવાયો હતો, એ પુણ્ય સ્મૃતિ ચિરસ્થાયી બની રહે એ માટે શ્રી મોહનલાલજી સ્મારક ગ્રંથ પ્રગટ થશે. વિદ્વાન લેખકોને પોતાની કૃતિઓ મોકલી આપવા નિમંત્રણ છે, શ્રી મોહનલાલજી જૈન ઉપાશ્રય ગોપીપુરા મેઇન રોડ સુરત.

**પ્રતિમાજી ચોરાયાં:** ચાણસ્માના જૈન દહેરાસરજીમાંથી તા. ૧૩–૧૨–૫૮ ના રોજ બપોરે ૧૨ થી ૩ માં ચાંદીના પ્રતિમાજી એ કોઈ ઉઠાવગીર લઇ ગયેલ છે. પોલીસ તપાસ ચાલુ છે.

**વિશેષાંક:** મુંબઈથી પ્રગટ થતા 'સેવા સમાજ' સાપ્તાહિકે શ્રમણ વિશેષાંક વસંત પંચમીએ પ્રગટ કરવાનો નિર્ણય કર્યો છે, તેનું સંપાદન કાર્ય શતાવધાની શ્રીયુત ધીરજલાલ ટોકરશી શાહ કરવાના છે.

**પાઠશાળાનું ઉદ્ઘાટન:** મુંબઇ ગોરેગામ ખાતે ધાર્મિક શિક્ષણ માટે જૈન પાઠશાળાનું ઉદ્‌ઘાટન માગશિર શુદ ૩ ના રોજ શેઠ શ્રી માંગીલાલજી ધનરાજજીના શુભ હસ્તે થયું હતું. મુનિરાજ શ્રી વિબુધવિજયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં કાર્યવાહિ થઇ હતી.

---

જીવીએ છીએ. જીવનની સાર્થકતા શેમાં છે તે શું સમજ્યા છીએ?

## મૂલ્ય

ઉંચા પર્વત ઉપર રહેલા મંદિરની ધજા ગર્વથી હસી રહી હતી. કટાક્ષભાવથી ધજાએ દુબલી પાતળી પેલી પગદંડીને કહ્યું:–

"શું પાપ કર્યા છે તેં? જેથી માનવીના પદાઘાતની પીડા તારે સહેવી પડે છે!

સહજ પ્રફુલ્લ ભાવથી પગદંડીએ કહ્યું :–

બ્હેન, આ તો મારૂં મહાપુણ્ય છે કે હું ભગવાન અને ભક્તો વચ્ચેના અંતરને દૂર કરુ છું. મંદિર સુધી પહોંચાડનારા યાત્રાપથથી અધિક સાર્થકતા મારા જીવનની બીજી શું હોઇ શકે!

અન્યને દિવ્યતાના ઉંચા શિખરો પર ચઢાવવાનું કાર્ય શું ઓછું મહિમાવાન છે?"

**સંસ્કૃતિ રક્ષક સભા:** તારંગા તીર્થ ખાતે અખીલ ભારતવર્ષીય જૈન સંસ્કૃતિ રક્ષક સભાની જનરલ મીટીંગ તા. ૨૬-૨૭-૨૮ ડીસેમ્બર ૧૯૫૮ ના રોજ મળી હતી. સંસ્થાઓ તથા મંદિરના ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક મહાશયો પધાર્યા હતા. ટ્રસ્ટો તેમજ તીર્થો અંગે કેટલીક વિચારણાઓ થઇ હતી.

**અઠ્ઠાઇ મહોત્સવ:** હારીજ ખાતે સ્વ. શેઠ છોટાલાલ કેશવજીના પુણ્ય સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી આઠ દિવસનો ઉત્સવ રાખવામાં આવ્યો હતો. રોજ આંગી, પૂજા, ભાવના, રોશની વગેરે સુંદર થયું હતું પૂજાઓ ભણાવવા માટે કડીથી શ્રી કાંતિલાલ સોમચંદ આવ્યા હતા. મહોત્સવ પર સમીથી મુનિરાજ શ્રી લબ્ધિવિજયજી મહારાજ પધાર્યા હતા.

**મેળાવડો:** મોરબી શ્રી જૈન તપગચ્છ સંઘના પ્રમુખ શ્રી મોહનલાલભાઇ સંઘવીના સુપુત્ર શ્રી જયેન્દ્રભાઈ ઇન્જીનીયરીંગના વિશેષ અભ્યાસ માટે અમેરિકા જતા હોઇ દોસી હકમચંદ કુંવરજીભાઇના પ્રમુખસ્થાને જૈન તપગચ્છ સંઘ તરફથી એક સમારંભ યોજવામાં આવ્યો હતો. ઘણા પ્રાસંગિક વિવેચનો થયાં હતાં. સંસ્કારો જાળવી રાખવા માટે લક્ષ્ય ખેચ્યું હતું. આ પ્રસંગને અનુલક્ષી શેઠ શ્રી મોહનલાલભાઇએ સાધારણ ખાતે રૂા. ૧૦૧, આપ્યા હતાં. મી. ખન્ના, પોર્ટરી વર્કસ તથા શ્રી દશાશ્રીમાલી જ્ઞાતી તરફથી મેળાવડા યોજવામાં આવ્યા હતા શ્રી મોહનલાલભાઇ સંઘવીનું કુટુંબ સંસ્કારી છે. એથી આખા ગામની ચાહના વિશેષ છે.

**વિદ્યાર્થીઓને ઉપયોગી:** મુંબઈ જૈન શ્વે૦ કોન્ફરંસ નિયુક્ત શ્રી સાહિત્ય પ્રચાર સમિતિ દ્વારા વિદ્યાર્થી આલમને ઉપયોગી 'છાત્રાલયો અને છાત્રવૃત્તિઓ' એ નામનું પુસ્તક ટૂંક સમયમાં પ્રગટ થવાનું છે, જ્યાં જ્યાં છાત્રાલયો, ગુરૂકુળો, વિદ્યાલયો, બાલાશ્રમ, હોસ્ટેલ, વગેરે અથવા છાત્રવૃત્તિ આપતી સંસ્થાઓની નોંધ શ્રી ધીરજલાલ ટોકરશી શાહ મંત્રી શ્રી સાહિત્ય પ્રચાર સમિતિ ગોડીજી બિલ્ડીંગ કાલબાદેવી મુંબઈ-૨ એ સીરનામે મોકલવી.

**ભાગવતિ પ્રવ્રજ્યા** અમદાવાદ 'કથા ભારતી' ના પ્રકાશક શ્રી કાંતિલાલ ચીમનલાલ શાહે પૂ૦ આ૦ શ્રી વિજયપ્રેમસૂરિજી મહારાજશ્રીના પ્રશિષ્ય મુનિરાજ શ્રી ભદ્રગુપ્તવિજયજી મહારાજ પાસે માગસર શુદિ ૩ ના રોજ ભાગવતિ પ્રવ્રજ્યા અંગીકાર કરી છે.

**આમોદ:** પૂ૦ મુનિરાજ શ્રી જયંતવિજયજી મહારાજશ્રીની અધ્યક્ષતામાં દીવાળીના દિવસોમાં દારૂખાનુ ફોડવાનો ત્યાગ કરનાર બાલક-બાલિકાઓને વેલવેટના સુંદર બટવાઓ વહેંચવામાં આવેલ.

**શ્રી ભાગવતી દીક્ષાઃ** હિંગણઘાટ ખાતે પંન્યાસજી રામવિજયજી મહારાજના વરદ હસ્તે મદ્રાસના રહીશ શ્રી રમીલાબેન માણેકલાલ મહેતાની દીક્ષા કાર્તિક વદિ ૨ ના રોજ ખુબ ધામધુમથી થઈ હતી. દીક્ષા પહેલા મદ્રાસ સંઘ તરફથી એક સમારંભ યોજી એનને અભિનંદન અપાવ્યાં હતાં મદ્રાસમાં પણ વરશીદાનનો ભવ્ય વરઘોડો નીકળ્યો હતો વરઘોડો ઉતર્યો ત્યાં શેઠ શ્રી માણેકલાલ નારણજી તરફથી શ્રીફળની પ્રભાવના થઇ હતી. બે હજાર ભાઈ-બ્હેનોએ લાભ લીધો હતો. હિંગણઘાટમાં પણ અઠ્ઠાઈ મહોત્સવ કર્યો હતો. શ્રી બંસીલાલ કોચરના બંગલેથી એક ભવ્ય વરઘોડો ચઢયો હતો. દીક્ષા બાદ લાડુની પ્રભાવના થઈ હતી. હિંગણઘાટ ખાતે શ્રીયુત બંસીલાલ કોચર તથા તેમના કુટુમ્બી જનોએ સારો એવો સાથ અને સહકાર આપ્યો હતો. બાલબ્રહ્મચારિણી બ્હેન ૧૯ વર્ષની યુવાન વયે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરતાં હોઇ લોકો અનુમોદના કરતા હતા.

**ધર્મારાધના:** મોટા અંગીઆ ખાતે મુનિરાજ શ્રી સુબોધવિજયજી મ૦ તથા તપસ્વી શ્રી ધુરંધરવિજયજી મ૦ ની નિશ્રામાં શ્રી શાંતિનાથ જૈન પાઠશાળાના બાળકોએ આરાધના સુંદર રીતે કરી હતી. આસો મહિનાની ઓળીમાં ૪૦૦ ભાઈ-બ્હેનોએ આયંબિલ કર્યા હતા. સાડા છ વર્ષની ઉંમરના ભાઇ હસમુખલાલ નાનચંદે ઉપવાસ સહિત પૌષધ કરેલ, તેથી શ્રી નાનચંદ માવજીભાઇએ પૌષધ કરનારને પેંડાની પ્રભાવના કરી હતી. અંગીયાથી મહારાજશ્રીએ વિહાર કરતાં સારા પ્રમાણમાં માણસો વળાવા ગયા હતા. અને દેવપર અને અંગીયાના સંઘ તરફથી જમણ થયું હતું.

**તપશ્ચર્યાઃ** સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમના ૩૦ વિદ્યા-

ર્થીઓએ માગસર શુદિ ૧૧ મૌન એકાદશીના દિવસે ઉપવાસ અને ૮૧ વિદ્યાર્થીઓએ આયંબિલ કર્યા હતા.

**ઇનામી સમારંભઃ** પાલીતાણા સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમના વિદ્યાર્થીઓની છ માસિક ધાર્મિક પરીક્ષા લેવામાં આવી હતી અને એમાં શ્રેણીવાર શ્રેષ્ઠ ગુણ મેળવનાર પાંચ વિદ્યાર્થીઓને તા. ૨૫-૧૨-૫૮ ના રોજ ઇનામ વહેંચાયા હતા. કુલ ઇનામો ૨૫૬, નાં હતાં. પર્યુષણ પર્વમાં નવ ઉપવાસ તથા અઠ્ઠાઇ કરનાર સાત વિદ્યાર્થીઓને દરેકને રૂા. ૨૫, રોકડા અને રૂા. ત્રણના પુસ્તકો અપાયાં હતા. તે દિવસે રમત-ગમતનો કાર્યક્રમ પણ યોજવામાં આવ્યો હતો.

**શીહોરઃ** શ્રી જૈન બાળ સમાજનો છમાસી ઇનામી મેળાવડો મુનિરાજ શ્રી માનતુંગવિજયજી મહારાજની નિશ્રામાં યોજાયો હતો મહારાજ શ્રીનું ચાતુર્માસ પરિવર્તન અગીઆરી થયું હતું સંઘ સમુદાય સારા પ્રમાણમાં વળાવવા ગયેલ.

**મુલાકાતેઃ** સિદ્ધક્ષેત્ર જૈન શ્રાવિકાશ્રમની મુલાકાતે મુંબઇ નિવાસ શ્રી રતિલાલ દલસુખભાઇ, શ્રી સુંદરલાલ ખીમચંદ, અમદાવાદ વાળા શ્રી સાકરચંદ ફકીરચંદ, મુંબઈવાળા વકીલ શ્રી કૈલાસભાઈ વગેરે તા. ૧૦-૧૨-૫૮ ના રોજ પધારી સંસ્થાનું અવલોકન કરી સંતોષ વ્યક્ત કર્યો હતો. અને સંસ્થાને આર્થિક સહાય કરી યોગ્ય સહકાર આપ્યો હતો.

**કોલેજ યોજનાઃ** મુંબઇ ભાયખાલા જૈન દહેરાસર પાસેની જગ્યામાં કોલેજ ઉભી કરવાની હિલચાલ તેના ટ્રસ્ટીઓ ચલાવી રહ્યા છે, જયારે બીજી બાજુ એ જગ્યા કોલેજને અનુકુળ નહિ હોવાથી ત્યાં આજુ બાજુ વસ્તા ભાઇઓની તેમજ કેટલાક અગ્રગણ્યોનો વિરોધ છે, એ જગ્યાનો ઉપયોગ રહેઠાણ માટે જ કરવો એ જ હિતાવહ છે. ટ્રસ્ટી સાહેબો આ અંગે જરૂર યોગ્ય વિચારણા કરશે.

**વિહારઃ** પૂ૦ આચાર્ય શ્રી ચંદ્રસાગરસૂરિજી મહારાજ આદિ અમદાવાદથી વિહાર કરી શ્રી શાંતિનગર સોસાયટી શ્રાવકોની આગ્રહ ભરી વિનતિને માન આપી ત્યાં બે દિવસ રોકાઇ શેરીસા, પાનસર, ભોયણી શંખેશ્વર વગેરે સ્થળોએ થઇને પોષ શુદિમાં ચાણસ્મા પધારવા સંભવ છે.

**અડધા લવાજમમાંઃ** શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ તરફથી પ્રગટ થતી 'શિક્ષણ પત્રિકા' શ્રી વસંતતલાલ વાડીલાલ કું. તરફથી પ્રાપ્ત થયેલી રકમ અનુસાર દોઢસો પાઠશાળાઓને અડધા લવાજમમાં એટલે કે એક રૂા. ના લવાજમમાં 'શિક્ષણ પત્રિકા' મોકલાવાશે.

**પાલીતાણા પધારશેઃ** અમદાવાદથી વિહાર કરી પૂ૦ આચાર્ય દેવ શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ આદિ પ્રતિષ્ઠાને અંગે પોષ શુદિ ૫ લગભગ અત્રે પધારશે.

**૫૦૦ આયંબિલઃ** પૂ૦ સાધ્વી શ્રી સૂર્યપ્રભાશ્રીને અખંડ ૫૦૦ આયંબિલ પુરા થયા છે, હજી ચાલુ છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવાનના દર્શન કર્યા પછી પારણું કરશે.

**મુંબઇમાં** શ્રી સુરચંદ હીરાચંદના અખંડ સૌ૦ ધર્મપત્ની શ્રી નિર્મલાબેને અખંડ ૫૧૫ આયંબિલ પૂરા કરી સુખપૂર્વક પારણું કર્યું છે. (૧૧ થી ૩૨ ઓળી) તે નિમિત્તે પાંચ દિવસનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. પૂજા, આંગી, રોશની, ભાવના અને પ્રભાવના વગેરે થયું હતું.

**છરી પાળતો સંઘઃ** ચડવાલ (મારવાડ) થી શેઠ શ્રી વનાજી ચેલાજીના સુપુત્રો શ્રી બાબુલાલ, ઉમેદમલ, નવલમલ, અશોકકુમાર, અનીલકુમાર વગેરે તરફથી પૂ૦ આચાર્યદેવશ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજ શ્રી આદિની નિશ્રામાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો છરી પાળતો સંઘ પોષ શુદિ ૧૨ ચડવાલથી પ્રયાણ કરશે, અને રસ્તામાં જીરાવલા, શંખેશ્વર, આદિ અનેક તીર્થોની યાત્રા-સ્પર્શના કરી ફાગણ શુદિ ૨ ના શુભ દિને શ્રી શત્રુંજય ગિરિરાજની શીતળ છાયામાં પહોંચશે જે ભાગ્યશાલી બ્હેનોને વચમાંથી પણ સંઘમાં જોડાવું હોય તેઓએ તેમનાં નામ અને સ્થાન વગેરે પોષ શુદિ પાંચમ સુધીમાં નીચેના ઠેકાણે લખી જણાવવા, જેથી સગવડ વગેરે રાખી શકાય. આમંત્રણ આપનાર શેઠ શ્રી ચેલાજી વનાજી ઠે. ભાવચંદ હીરાજી પો. કાલંદ્રી ચડવાલ (મારવાડ)

**પરીક્ષાઓનું પરિણામઃ** પુના જૈન તત્વજ્ઞાન વિદ્યાપીઠની ધાર્મિક પરીક્ષામાં ભારતભરના ૧૨૭ કેન્દ્રોમાંથી ૨૮૯૦ વિદ્યાર્થી ભાઈ-બ્હેનો વગેરે બેઠાં હતાં. તેનું પરિણામ જાહેર થયું છે. તેમાં પ્રથમ નંબરે આવનારના નામ આ મુજબ છે. પ્રાથમિક પરીક્ષામાં શ્રી ઉષાબેન રસીકલાલ શાહ લુનાવલા, પ્રારંભિક પરીક્ષામાં સાધ્વી શ્રી સ્વયંપ્રભાશ્રીજી મ૦ રાજકોટ તથા શ્રી પ્રવીણચંદ વનરાવનદાસ મુંબઇ. પ્રવેશ પરીક્ષામાં સાધ્વી શ્રી મહિમાશ્રીજી મ૦ ખાચરોદ તથા શ્રી નયનાબેન સુરજમલ વડોદરા. પરિચય પરીક્ષામાં મુનિરાજ રાજેન્દ્ર મુનિમહારાજ તથા સાધ્વી શ્રી ઓમકારપ્રભાશ્રીજી મ૦ તથા શ્રી પદ્માબેન સવાઇલાલ કપડવણજ. પંડિત પરીક્ષામાં શ્રી શંખેશકુમારી નાહર બ્યાવર. પ્રથમ નંબરે ઉત્તીર્ણ થનારને મુંબઇ નિવાસી શેઠ શ્રી ભૂપતરાય રતિલાલ પારેખ તરફથી ચંદ્રકો એનાયત થશે.

**પાલનપુરઃ** પૂ૦ ચંદ્રવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં મૌન એકાદશીના ત્રણસો પૌષધ લગભગ હતા. અઠ્ઠાઇ મહોત્સવ ધામધુમથી ઉજવાયો હતો. પૂ૦ મહારાજ શ્રી અમદાવાદ પધાર્યા છે.

**નાટિકાઓ ભજવવાનો રવૈયોઃ** હમણાં-હમણાં જે તે સમારંભો અને ઉત્સવોમાં નાટિકાઓ ભજવવાનો એક રવૈયો શરૂ થયો છે. શા માટે નાટિકાઓ ભજવવામાં આવે છે? તો કહેવાય છે કે સમારંભ પ્રત્યે માણસોનું આકર્ષણ ખેંચવા. ઘણી વખત મહાપુરૂષોનાં જીવન ચરિત્રને નાટક રૂપમાં આલેખી ભજવવામાં આવે છે, પણ તે ખોટું થઇ રહ્યું છે. મહાપુરૂષના જીવન ચરિત્રની સાંથે ભળતી હકીકતોને ભેળવી નાટકના તખ્તા પર આજના યુવક-યુવતીઓ ભજવે છે તે મહાપુરૂષોને અન્યાય કર્તા છે. આનું અનુકરણ આપણી જૈન સંસ્થાઓ પણ કરતી થઈ ગઈ છે. સીનેમા અને નાટકના તખ્તા પર આપણા મહાપુરૂષોને નહિ લાવવા માટે આપણે જ ઘણી મહેનત લીધી છે. જ્યારે આપણેજ હવે તેનું આચરણ કરી રહ્યા છીએ.

**પાલીતાણાઃ** શેઠ આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શેઠ સાહેબ શ્રી કસ્તુરભાઇ લાલભાઈ, શેઠ શ્રી કેશવલાલ લલ્લુભાઈ તથા શેઠ શ્રી કાંતિલાલ નાણાવટી વગેરે પેઢીની કેટલીક કામગીરી અંગે પધાર્યા હતા. ચોકના દહેરાસર અંગે તથા નોકરોના પગાર અંગેની પણ વિચારણા થઈ હતી.

**ગોલ (રાજસ્થાન)** પૂ૦ મુનિરાજ શ્રી સુજ્ઞાનવિજયજી ગણિવર આદિની નિશ્રામાં ઉપધાન તપની આરાધના સુંદર રીતે થઇ રહી છે, ૨૮૦ આરાધકો જોડાયા છે. પાઠશાળાની ટીપ થતાં પાંચ હજાર થયા છે, ધાર્મિક શિક્ષક શ્રી ઉમેદચંદભાઇ ઉત્સાહથી કામ કરી રહ્યાં છે.

***જાતિસ્મરણઃ*** *દુર્ગાપુર ખાતે મુનિશ્રી બાલચંદ્રજી* મહારાજ ગયું ચોમાસું હતા. તેઓને પૂર્વભવની કેટલીક આત્મ સ્કુરણા થઈ હતી.

**પુણ્ય સ્મરણાર્થે:** ધ્રાંગધ્રા ખાતે શેઠ શ્રી પુરસોતમદાસ સુરચંદના પુણ્ય સ્મરણાર્થે જૈન પાઠશાળાના તેમજ જૈન બોર્ડીંગ, જૈન ભોજનાલય અને અનાથાશ્રમના બાળકોને જમણ અપાયું હતું.

**મદદ અંગે:** શ્રી ગોડીજી જૈન દહેરાસર તરફથી ઉના પાદુકાઓના જિર્ણોદ્ધાર માટે રૂા. પંદર હજાર ખર્ચવા નિર્ણય કરાયો છે. જ્યારે કદંબગિરિ તીર્થમાં ત્રણ જિનબિંબોની પ્રતિષ્ઠા થવાની છે તે જિનાલય માટે રૂા. પચીસ હજાર આપવાનો નિર્ણય થયો છે. કદંબગિરિ ખાતે ૧૧૩ ઇંચના શ્રી આદીશ્વર પ્રભુનાં પ્રતિમાજી મૂળનાયક તરીકે બિરાજમાન થશે.

**નિર્દોષ જાહેર થયા:** રતલામ શ્રી શાંતિનાથ જૈન દહેરાસરના કેસ અંગે ત્યાંથી પોલીસો ગયા ભાદરવા મહિનામાં લાપોદ ખાતે ચાતુર્માસ બિરાજમાન મુનિરાજ માણેકવિજયજી મ૦ ઉપર વોરંટ બજાવી જામીન લઇ કેસ કર્યો હતો. ઇન્દોર કોર્ટમાં કેસ ચાલી જતાં તા. ૨૨-૧૨-૫૮ ના રોજ મેજિસ્ટ્રેટ સાહેબે ચુકાદો આપતા જણાવ્યું છે કે શાંતિનાથ જૈન દહેરાસર સરકારની માલીકીનું નથી. જૈનોનું મંદિર છે. આરોપીઓએ કોઇ અપરાધ કર્યો નથી હવે મુનિ માણેકવિજયજી મ૦ વિરૂદ્ધ આ પ્રકરણ અંગે કોઇ પગલાં લેવા નહિ.

**અમી ઝર્યા:** ભાટીંડા (પંજાબ) ખાતે કાર્તિક શુદિ ૧૪ ના રોજ શ્રી ચંદ્રપ્રભુજીના જૈન દહેરાસરમાં રાત્રે દર્શન કરવા જતા પ્રભુના અંગે સિદ્ધચક્રજીના ગટામાં તથા ચાંદીની ચોવીસીમાંથી અમી ઝર્યા હતા અમી ઝર્યા બાદ પૂજા ભણાવવામાં આવી હતી.

**સિદ્ધપુર :** બે જિનાલયોનો જિર્ણોદ્ધાર થઇ રહેલ છે, પ્રતિષ્ઠા વૈશાખ મહિનામાં પૂ૦ આચાર્ય શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજના વરદ હસ્તે થવા સંભવ છે, પરમ પૂજ્ય પંન્યાસજી ચરણવિજયજી મહારાજની શુભ પ્રેરણાથી દહેરાસરનું તેમજ ઉપાશ્રયનું કામ થયું છે. શ્રી સંઘ તેમનો ઋણી છે. ચૈત્ર ઓળીનું આરાધન કરાવવા પણ તેઓશ્રી પધારશે.

**પૂ૦ પંન્યાસજી શ્રી સુમતિવિજયજી મહારાજ**



૭૮ વર્ષની વયે પાલીતાણા આરીસાભવન ખાતે કાર્તિક વદિ ૧૧ ના રોજ સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા હતા. જેઓનો દીક્ષાપર્યાય ૪૭ વર્ષનો હતો.

---

## 'કલ્યાણ'ની ફાઇલો

'કલ્યાણ'ની ફાઇલો આજે જે મળે છે તે આવતી કાલે મળશે નહિ. એકે એક ફાઇલ સંસ્કારી વાંચન પુરૂં પાડે છે. પહેલા ત્રણ વર્ષની ફાઇલો હાલ મળતી નથી. બાકીની ફાઇલોના દરેક બાઈન્ડીંગ કરેલ ફાઇલ દીઠ રૂા. ૫-૫૦ પોસ્ટેજ ખર્ચ અલગ.

## ભાગવતી પ્રવ્રજ્યા



**સાધ્વી શ્રી સુમતિશ્રીજી મ૦**

શ્રી રમીલાબેન માણેકલાલ મહેતા મદ્રાસ. જેઓએ તાજેતરમાં હિંગણઘાટ ખાતે ભાગવતી પ્રવ્રજ્યા અંગીકાર કરી છે. વિશેષ સમાચાર ૭૫૮ પેજ પર છે.

# 'હાથે તે સાથે'ની એક યોજના

શ્રી છગનલાલ ચુ. શાહ વાપી

પૂ૦ સાધુ મહારાજોના સમાગમથી અને તેઓશ્રીના ઉપદેશ શ્રવણમાંથી વર્તમાનમાં શ્રી જૈન સમાજને મંદિર–ઉપાશ્રયના સાધારણ ખરચમાં થતા તોટાના પ્રશ્નના ઉકેલ માટે મળેલાં વિચારો શ્રી સકલ સંઘને મનનીય અને આદરણીય લાગવાથી હું સકલ શ્રી જૈન સંઘ સમક્ષ જાહેરમાં મૂકું છું.

શ્રી જૈન સંઘના પ્રત્યેક ગામમાં પ્રત્યેક ઘરમાં પ્રત્યેક જૈન નામ ધરાવનાર વ્યક્તિ દર-રોજ સવારના પહોરમાં ઉઠતાની સાથે જ પ્રાથમિક ધાર્મિક અને માંગલિક કાર્ય તરીકે ઘર, પેઢી અગર તો કોઈપણ પોત–પોતાના સ્થાનમાં મંદિર–ઉપાશ્રયના સાધારણ ખાતાની એક પેટી રાખીને તેમાં શક્તિ મુજબ છેલ્લે ઓછામાં ઓછો એક પૈસો પણ નાખીને દાનધર્મની આચરણા કરે. તેમાં નાખેલું જે દ્રવ્ય મંદિર–ઉપાશ્રયના સાધારણમાં એટલે કે દેવ, ગુરુ અથવા તો સાધર્મિકની ભક્તિમાં જ વપરાવાનું છે. તેથી એ ત્રણેની ભક્તિરૂપ મહાન ધર્મ યત્કિંચિત્ પણ આચર્યાનો લાભ મળે.

યોગ્ય આનાથી વિશેષ એવો કયો ધર્મ આચરી શકશે ?

આ તો સૌ કોઈથી પણ એટલે કે ઘરમાં તરતના જન્મેલા નાનામાં નાના બાળકથી માંડીને વયોવૃધ્ધ અવસ્થાવાળા સૌ કોઈને પણ સહેલાઈથી આચરી શકાય તેવો ધર્મ છે. માટે અણ-સમજુ એવા નાના બાળકનાં હાથથી પણ આ પ્રાથમિક મંગલ કાર્ય કરાવવું જોઈએ.

જો આ યોજના સમસ્ત શ્રી જૈન સંઘમાં વ્યાપક બની જાય તો તેના પરિણામે કેટલાયે ઉત્તરોત્તર લાભો થવાનો સંભવ છે. જેમકે :–

(૧) સૌ કોઈ નૂતન વર્ષારંભાદિકમાં સૌથી પ્રથમ માંગલિક કરવા માટે શ્રી જિનમંદિર અને ઉપાશ્રયાદિમાં જાય છે, અને કંઈક દાન પણ કરે છે, તો આવું માંગલિક સૌને દરરોજ કરવાની તક મળે કે જેથી દિવસ મંગલમય રીતે પસાર થાય.

(૨) ઘરની પ્રત્યેક વ્યક્તિ આ દાનધર્મ રોજ કરે તેથી દાનધર્મ કરવાની પ્રથા શરૂ થાય. અને ધાર્મિક વાતાવરણ પણ સર્જાય.

(૩) આ રીતે કરવાથી એક ક્ષણવાર પણ આત્માનો શુભ પરિણામ આવે અને રોજેરોજ આ રીતે આવતો થોડો પણ શુદ્ધ પરિણામ જતે દહાડે આત્માના વિશેષ વિશુધ્ધ પરિણામને પણ પેદા કરે.

(૪) જૈન ગણાતા પણ કેટલાક આત્માઓ તો કર્મ સંયોગે એવા એવા સ્થાનોમાં કે એવી એવી પરિસ્થિતિમાં રહેતા હોય છે, કે જેઓને જીંદગીમાં બીજો કાંઈપણ ધર્મ આચરવાની

સામગ્રી મળતી ન હોય. તેવા આત્માઓને પણ ઘેર બેઠા આટલો પણ આ ધર્મ આચરવાનો લાભ મળે.

(૫) શ્રી જૈન કૂળોમાં ઉત્પન્ન થતા જીવો જરૂર પૂર્વે કાંઇપણ સારૂં પુન્ય કરીને અગર તો ધર્મ આચરીને આવ્યા હોય છે, કારણ કે શ્રી જિનધર્મ, વિશિષ્ટ મનુષ્યભવ આદિ સામગ્રી ઘણા પુન્યથી જ મળે છે, એટલે એવા બાળ જીવોને બાલ્યકાળથી જ આ ક્રિયાના યોગે અને ઘરમાં વર્તતા ધાર્મિક વાતાવરણના યોગે પૂર્વ-ભવમાં આચરેલા ધાર્મિક ભાવો જાગ્રત થવાનો પણ સંભવ ગણાય.

(૬) તેમ જ આ જીવનમાં પણ આવી સુંદર ટેવ પડવાથી તે ભાવિ પ્રજાના સંસ્કારો સારા બનવાથી તે જીવો દ્રવ્યના મહાલોભી પરિગ્રહી નહી બનતા, ઉદારતાદિ ગુણો વાળા પાકે, કે જેથી ભાવિમાં તેઓ શાસન પ્રભાવ-નાદિ બીજા પણ આત્મકલ્યાણના કાર્યો કરે.

(૭) શ્રાવકોના કુટુંબોમાં આવા ધાર્મિક વૃત્તિવાળા ઉદાર જીવોનો સદ્ભાવ હોય તો તેથી કુટુંબોમાં ચાલતા બીજા કલેશો પણ ઘણા નાબુદ થાય.

(૮) જો એવા કોઇ જીવો આયુષ્ય ઓછું લઈને આવ્યા હોય તો તેઓ પણ જેટલો વખત આ ભવમાં રહે તેટલા દિવસનું નિય-મિત દાન તેમના હાથે થયેલ હોય, એટલું તો છેવટ પુન્ય સાથે લઈને જ જાય, એટલો તો શ્રાવક કુળમાં જન્મવાનો લ્હાવો તેઓને પ્રાપ્ત થાય.

(૯) કેટલાક માતા–પિતાઓ પોતાના મરી ગયેલા બાળકોને નામે પાછળથી દાનાદિ કરે, એનો લાભ એ બાળકને મળે કે ન મળે; પરંતુ આ તો **'હાથે તે સાથે'** ના ન્યાયે તેના પોતાના જ હાથથી જ રોજ દાન કરાવવાના યોગે જરૂર એટલી તો કમાણી તે બાળક કરી જ જાય. જેના યોગે તેનો પરભવ પણ સુધરે.

(૧૦) આ પ્રથા એવી છે, કે એકદમ તો સર્વ વ્યાપક ન બની શકે પરંતુ જૈન સંઘમાં અગ્રગણ્ય કહી શકાય .એવો ચારેય પ્રકારનો શ્રી સંઘ મન પર લે અને પ્રયત્ન કરે તો તે ન જ બની શકે એવી ચીજ નથી.

જો એ બને તો તદ્દન મામુલી એવા દાનની પણ આ રકમ ઘણી મોટી થઇ જાય. તેનાથી ગામેગામના મંદિર–ઉપાશ્રયોના સાધારણ ખાતામાં પડતો તોટો ધીમે ધીમે પૂરાઇ જાય. નવો પડે નહિ. એમ કરતાં કરતાં જો વધે તો તીર્થ સ્થાનોમાં અને જ્યાં વસ્તી ન હોય અગર ઓછી હોય તેવા પોતપોતાની નજીકના સ્થા-નોમાં પણ કેટલાક મોટા ગામોના શ્રી સંઘો તો મોકલાવી પણ શકે.

(૧૧) આ રીતે સાધારણ ખાતામાં પડતા આ તોટાનો પ્રશ્ન સહેલાઈથી ઉકલી જાય તો ઘણા ય પુન્યશાળીઓ બીજા પણ કરવા લાયક શાસન પ્રભાવનાદિ કાર્યોમાં ભાગ લઇ શકે.

(૧૨) સાધારણમાં પડતા તોટાનો વિચાર મન પર આવવાથી કેટલાય ગામોમાં આવશ્યક એવા ભક્તિના કાર્યોમાં પણ ઘણાને સંકોચ કરવો પડે છે જેમકે કેસર વાપરવું ન પોસાય તેથી સુખડ ઘસીને ચલાવતા હોય છે, વગેરે વગેરે. આ સંકોચ પણ દૂર થઇ જાય અને સારી રીતે દેવ–ગુરુ આદિની ભક્તિનો લાભ મેળવી શકે.

[૧૩] મંદિર ઉપાશ્રયનું સાધારણ એટલે દેવગુરુ અને સાધર્મિકની ભક્તિનું સ્થાન. એમાં

ખર્ચ કરવાથી ગૃહસ્થપણામાં રહ્યા છતાં પણ તે ગૃહસ્થ જીવનની જે કંઈ સાર્થકતા છે, એ લાભથી વંચિત રહેવાનું મટી જાય.

[૧૪] સાધારણના આ ખર્ચને ગૃહસ્થો પહોંચી નહિ વળતા હોવાના કારણથી દેવદ્રવ્યનું કરજ કરીને તેઓ સાધારણમાં વાપરે છે પછી એ રકમનું કરજ ભરપાઇ નહિ શકવાથી પોતે તેમજ પોતાના ભવિષ્યના વારસદારો દેવદ્રવ્યના દેવામાં ડૂબેલા રહે છે, તેમાંથી તેઓ મુક્ત બની શકે.

[૧૫] વળી કેટલાક ભવિષ્યની ચિંતા કરનારા ગૃહસ્થો ભવિષ્યના વારસદારોને આ કરજમાંથી મુક્ત કરવા બીજી બીજી યોજનાઓ કે જે પણ બીજી રીતે ય દેવદ્રવ્યને જ નુકશાન પહોંચાડનારી હોય એવી યોજનાઓ વિચારી રહ્યા છે, તેમને તેવી પાપમાં નાખનારી બુદ્ધિથી બચાવી શકાય.

[૧૬] વળી બીજા કેટલાક સીધે સીધું પણ દેવદ્રવ્ય વાપરવામાં હરકત નથી, એવું માનતા થઇ ગયા છે, તેમને પણ એ જાતના પાપથી બચાવી શકાય.

[૧૭] એવા એવા જીવો આ મહાન પાપમાંથી બચી જાય તો તેમની ભાવદયા કર્યાનો પણ યતકિંચિત્ લાભ દાન કરનારાઓને મળે.

[૧૮] આ રીતે દેવદ્રવ્ય સામે નજર નાખનારાઓ ઓછા થઇ જાય એટલે દેવદ્રવ્યની સલામતી તેટલી વધારે રહે એટલે દેવદ્રવ્યનું રક્ષણ કરવામાં નિમિત્ત બનવાનો લાભ પણ દાન કરનારાઓને પ્રાપ્ત થાય.

[૧૯] આજે મોટો વર્ગ એ પાપના યોગે જ દારિદ્રયથી રીબાઈ રહ્યો છે, તેની એ રીબામણ પણ કુદરતી રીતે ઓછી થઇ જવાથી તેઓનો અભ્યુદય પણ થાય.

[૨૦] ઉત્તરોત્તર આ પ્રમાણે બનતું જાય એટલે ધીરે ધીરે આખાય શ્રી જૈન સંઘનો એકાદ દશકાની અંદર તો સારો અભ્યુદય થાય. ઉત્તરોત્તર ધર્મ ભાવનાઓ વધે અને આ પ્રથા જો ખૂબ જ પ્રચાર પામી જાય તો ભવિષ્યમાં ઘણી જ જાહોજલાલી પાછી શ્રી જૈન સંઘની જોવા મળે.

આ અને એવા બીજા ઘણા ય લાભો થાય એ સ્પષ્ટ સમજાય તેવી વાત છે, પણ તેની સફળતાનો આધાર એની વ્યાપકતા ઉપર છે, એ વ્યાપકતા કરવી એ જ એક ઘણું કઠિન કાર્ય છે. પરંતુ અશકય તો નથી જ. જો પૂજ્ય શ્રમણ ભગવંતો ગામે ગામ ઉપદેશ દ્વારા ભકતોને ભલામણ કરવા દ્વારા પ્રત્યેક ગામોના શ્રી સંઘોના આગેવાનો તેવી જાતના કોઈ ઠરાવો કરવા દ્વારા, ધાર્મિક સંસ્થાઓ વગેરે તે જાતનો પ્રચાર કરવા દ્વારા લોકમાનસને તદનુકુળ કરવા પ્રયાસ કરે તો વરસ–બે વરસમાં પણ આ પ્રથા વ્યાપક બની શકે.

જો સૌ કોઇ આ વાંચીને કે જાણીને આ પ્રથાની ઉપેક્ષા કરી નિષ્ક્રિય બની રહે તો કંઇ પણ ન થાય. આ અગર આવી બીજી કોઇ પણ પ્રથા [સ્કીમ] સાધારણના તોટાના પ્રશ્નના ઉકેલ માટે જો વર્તમાનમાં નહીં વિચારાય અને વિચારીને અમલમાં નહી મૂકાય તો આમ ને આમ સંભવ છે કે ધીરે ધીરે શ્રી જૈન સમાજ પોતાના અતિ ઉન્નત સ્થાનેથી નીચે સરકતો જાય છે તે વધુ ને વધુ સરકશે. માટે શ્રી જૈન સંઘની ઉન્નતિને ઇચ્છનારો સઘળો યે વર્ગ આને માટે યથાશક્તિ પ્રયત્ન કરે.

આજના કાળમાં સામાન્ય સ્થિતિવાળાઓમાં

પણ પ્રત્યેક વ્યક્તિને આ દાનમાં એક પૈસો વાપરવો એ કાંઈ વિસાતમાં નથી. પોતાના ખાવા આદિના ખર્ચને સામાન્ય સ્થિતિવાળા માણસો પણ ગમે તે રીતે પહોંચી શકે છે, તેમાંથી માત્ર એક પૈસો બચાવીને પણ આ રીતે દેવ–ગુરુ અને સાધર્મિકની ભક્તિ રૂપ દાન ધર્મમાં વાપરી શકે એમ છે. સમાજનો સઘળો યે વર્ગ આવો જ છે, એવું તો નથી જ. ઘણા માણસો મધ્યમ હશે તે આથી વધારે અને ઘણા તો એવા ય છે કે જેઓ વ્યક્તિ દીઠ રૂપિયો રૂપિયો આમાં નાખે તો એ પણ એમને માટે મામૂલી ગણાય.

એક મુંબઈ જેવા શહેરમાં જ નજર નાખો તો ત્યાંના પણ સાધારણના તોટાની બૂમો ત્યાંના સુખી માણસો પણ મારે છે, તેઓને જો આ વાત ગળે ઉતરી જાય અને આ પ્રથાનો પ્રચાર કરે તો ત્યાંની જૈન વસ્તી એટલી મોટી છે કે વરસ દિવસમાં લાખો રૂપિયાની રકમ સાધારણ ખાતામાં ભેગી થાય. એવી જ રીતે અમદાવાદ આદિ બીજા પણ મોટા મોટા જૈનોની મોટી વસ્તી વાળા શહેરો છે. એ બધાના દિલમાં આ પ્રથા ગમી જાય અને અમલ કરે તો ગામડા વાળાઓ તો તેમનું અનુકરણ કરે એમાં શંકા જેવું છે જ નહિ.

### હવે આ વિષયમાં ખાસ ધ્યાનમાં રાખવા લાયક બાબતો.

[૧] આ દ્રવ્યનો વ્યય મંદિર–ઉપાશ્રયના સાધારણ ખર્ચમાં જ થવો જોઈએ.

[૨] સૌ કોઈ એક વખત દાનમાં અપાયેલા આ પૈસામાંથી ફરીવાર બીજું **પોતા તરફથી** કોઈ પણ ધર્મનું પણ કામ ન કરી શકે. જેમ એક વખત ખાધેલું ફરીવાર ખવાતું નથી તેમ એક વાર દાનધર્મમાં વપરાયેલા આ પૈસાથી બીજી વાર ધર્મ થાય નહીં. **આ દ્રવ્ય તો બને ત્યાં સુધી દર મહિને મહિને જ પોતાના ગામના અગર તો જેમાં તોટો પડતો હોય તેવા આવશ્યક સ્થાનોમાં મોકલી દેવું જોઈએ.** પોતાના જ ગામ કે સ્થાનનો તોટો પ્રથમ પૂરો કરવો એ વધારે વ્યાજબી ગણાય.

[૩] આ પ્રથા ચાલુ થાય તેથી કરીને જે કોઈ ભાગ્યવાનો જે પોતાના સદ્દ્રવ્યનો વિશેષે કરીને વ્યય કરતા હોય તેમણે એ છોડી દેવાનું નથી. આ તો એક અલગ જ ખાવા આદિના ખર્ચમાં વપરાયેલ હોય તેમ જ વાપરી નાખવાનું છે.

અંતમાં હું સકળ શ્રી જૈન સંઘના હિતચિંતકોને ઉપર મુજબની આ પ્રથાને વાંચી વિચારી તે માટે યથાશક્તિ પ્રયત્નો કરી સકળ શ્રી જૈન સમાજનું તે દ્વારા હિત કરવાની વિનંતી કરૂં છું. હું શ્રી શાસનદેવ પાસે નમ્રપણે પ્રાર્થના કરૂં છું કે તે પણ આ કાર્યમાં સહાય કરે.

★

## વિચાર કણિંકા

ડો. બી. એલ. અત્રે કહે છે, કે– આત્મસંયમનો અભાવ થઈ રહ્યો છે, ફરજ અને જવાબદારીનો અભાવ જણાઈ રહ્યો છે. વહીવટી તંત્રમાં પણ લાંચ રૂશ્વત, અવવ્યવસ્થા વગેરે જણાય છે. ચીજ–વસ્તુઓના ઉંચા ભાવો, વસ્તુઓમાં ભેળસેળ વગેરે ચાલે છે સામાન્ય માનવી જનાવરનું જીવન જીવી રહ્યો છે, માણસે ધર્મમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે અને આનંદની પળો તે જ સુખી પળો ગણતો થયો છે.

# મનન માધુરી —શ્રી વિમર્શ

## કાર્ય કારણની સાંકળ

કાર્ય અને એના કારણને, કર્મ અને એના ફલને કાંઈ સંબંધ જ નથી એમ માનીને જ લોકો વર્તતા હોય છે. બધી અનીતિ, બધી અવ્યવસ્થા અને બધી અશાંતિની ઉત્પત્તિનું મૂળ કોઇ હોય તો તે જ છે. લોકો ફળ પર નજર ઠેરવે છે અને તેની પ્રાપ્તિ જેનાથી થાય છે તે કર્મોને સર્વથા વિસરી જાય છે. કાર્ય પ્રત્યે ઉત્સાહ ધરાવે છે પણ તેને સર્જનાર કારણો પ્રત્યે ઉદાસીન રહે છે. બધાંને પરિણામ જોઇએ છે, પણ તે શેમાંથી ઉત્પન્ન થાય તેના વિચારને નિરર્થક માને છે.

મનની આ અવૈજ્ઞાનિક વૃત્તિ ઘણી વ્યાપક છે. એ જેટલી વ્યાપક છે તેટલી જ ભ્રામક છે. દુનિયા કાંઈ ગંડુરાજાની રાજધાની નથી કે આપણે જે માગીએ તે આકાશમાંથી આપોઆપ આવીને પડે. દરેક વસ્તુ કાર્ય–કારણની પ્રચ્છન્ન પણ અવિચ્છિન્ન સાંકળથી જકડાયેલી છે. કોઇ પણ સાધ્ય મેળવવા માટે તે માટેનાં સાધનોની અને તેની સાધનાની ચોક્કસ પરિસ્થિતિઓમાંથી પસાર થયે જ છુટકો છે.

આ સત્ય નહિ સમજી શકવાથી વિના મૂલ્યે, વિના અધિકારે, વિના શ્રમે ઇચ્છિત મેળવવાની ભિખારી મનોદશા પ્રવર્તે છે. સાચો માર્ગ મૂકી ગમે તે માર્ગે જવા માણસ લલચાય છે. કોઇ દેવમાં કોઈ ચમત્કારમાં કે કોઇ તેવાજ બીજા અમાનુષી તત્ત્વોમાં વિશ્વાસ મૂકી નિષ્ક્રિય બને છે અને એવી જ બીજી ઘોર ભ્રમણાઓમાં અમૂલ્ય જીવન વેડફી નાંખે છે.

કાર્ય અને કારણ સર્વથા ભિન્ન નથી, કિન્તુ એક જ ક્રિયાની વહેલી–મોડી અવસ્થાઓ છે, એ રીતે કર્મ અને તેના ફળ કેવળ જૂદાં નથી કર્મના પ્રારંભ સાથે જ ફળની શરૂઆત થાય છે, કર્મ કર્યા વિના ફલના ધણી થનારા કિંમત આપ્યા વિના વસ્તુના માલિક બનનારા, યોગ્યતા પ્રાપ્ત કર્યા વિના અધિકાર પર આરૂઢ થનારા જ્યાં દેખાય છે. ત્યાં પણ કાર્ય–કારણનો આ અવિચળ નિયમ અસ્તિત્વ ધરાવે છે. મફતીયા બનીને મેળવેલું કે અનીતિભર્યા વ્યવહારથી પ્રાપ્ત કરેલું પણ તેનું ફળ અચૂક લાવે છે. તે કદી ભોગવી શકાતું નથી અને આખરે હલાહલ વિષ બની રહે છે. પ્રાપ્ત કરવામાં ખર્ચવી પડતી શક્તિ–પરંપરાઓ પ્રાપ્ત થયેલું ભોગવવાની લાયકાત પણ કેળવતી જાય છે, આપણને દેખાય કે ન દેખાય પણ કર્મ–ફલનો નિયમ અસંદિગ્ધ છે, સત્ય છે. અચૂક છે, મફતનું કોઈને કદી પણ પચતું નથી. શાસ્ત્રો કહે છે 'કર્મ કર' પણ ફલનો મોહ છોડ કારણ કે ફલ એની મેળે આવનારી ચીજ છે. મૂલ્ય આપ્યા વિના ફલની ઇચ્છા કરવી એ ભીખારી વૃત્તિ છે. એથી ધાર્યું ફલ મળતું નથી, પણ જે કાંઈ મળે છે તે તેના માલીકના વિનાશને જ નોતરે છે. મૂલ્ય આપ્યા વિના કાંઈ લેવું તે હાનિકારક છે, એ સમજણને પામવી અને પચાવવી એમાં જ માનવ જીવનનું માનવને મળેલ મન અને મનનશક્તિનું, બુધ્ધિ અને તેના સાચા ફળનું સાર્થક્ય છે.

## આત્મભાવનું મૂલ્યાંકન

જીવનના અનુભવોને સમજવા આપણે તેનાં કારણો તપાસીએ છીએ આપણે કપડાં શા માટે પહેરીએ છીએ? કારણ કે ટાઢ–તડકાથી આપણા શરીરનું રક્ષણ કરવા આપણે ઇચ્છીએ છીએ. આપણે મિત્રો કેમ બનાવીએ છીએ? કારણ કે આપણા સુખ–દુઃખમાં ભાગ લે એવી વ્યક્તિઓ આપણને જોઇએ છે, આ રીતે